Chap-1



# મહાનિબંધનો સારાંશ

વા. મો. શાહની વાઙ્મય સેવાને કેન્દ્રસ્થાને રાખી એમના જીવન અને સાહિત્યનો સમગ્રદર્શી મૌલિક અભ્યાસ આ મહાનિબંધમાં રજૂ કર્યો છે.

## પ્રકરણ : ૧ :
## પૂર્વભૂમિકા

૧. સંક્રાંતિયુગનું દિગ્દર્શન : વા. મો. શાહના જન્મ પહેલાના ભારતવર્ષની રાજકીય, સામાજિક, ધાર્મિક પરિસ્થિતિનો ચિતાર.

૨. પૂર્વજો અને કુટુંબજાળ : મોતીલાલ મનઃસુખરામના કુટુંબનો વિગતે અભ્યાસ – મોતીલાલનો સાહિત્યપ્રેમ – એમણે રચેલાં પુસ્તકોનો પરિચય.

3. જીવનઘડતર : વા. મો. શાહનો જન્મ – બાળપણ – અભ્યાસ – કૉલેજના બીજા વર્ષમાં હતા ત્યારે છગનલાલજી મહારાજનો સમાગમ – અભ્યાસને તિલાંજલિ – "જૈનહિતેચ્છુ" પત્રનો પ્રારંભ – માતા તથા માતામહીના જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો – બીજા જૈન ગ્રંથોનો અભ્યાસ – જૈન તત્ત્વજ્ઞાન, થિયૉસૉફી, આર્યસમાજ, વેદાન્ત, શૉપનહૉર, વિવેકાનંદ, એમર્સન, રામતીર્થ ઇત્યાદિના સાહિત્યનો પરિચય – છેવટે 'Beyond Good and Evil' દ્વારા નિત્શેનો પરિચય.

૪. લગ્ન જીવન.

## પ્રકરણ :૨:

## :વાડીલાલ – પત્રકારના સ્વાંગમાં :

૧. વાર્તાલેખક વાડીલાલ

૨. વાડીલાલના કટાક્ષલેખો

૩. વા.મો.શાહની કદરદાનીના પ્રસંગો

૪. "સમયના પ્રવાહમાં" ના તંત્રીલેખો

૫. પ્રકીર્ણ વિષયો

૬. નિસર્ગોપચારના અભ્યાસી

૭. કોન્ફરન્સ વિચારણા

૮. પત્રકારત્વ.

## પ્રકરણ :૩:

## સંસાર સુધારક વાડીલાલ

૧. ધર્મસુધારણા : જૈન સાધુવર્યોની સખત ટીકા – બાળદીક્ષાનો વિરોધ – દીક્ષા અપાવવા માટે વપરાતી ગેરરીતિઓને દૂર કરવાના પ્રયાસો.

૨. સમાજસુધારણા : જ્ઞાતિસુધારા સંબંધી ચર્ચા – બાળલગ્ન અને વૃદ્ધલગ્ન વિરુદ્ધ જેહાદ – સ્ત્રીકેળવણી અને વિધવાલગ્નની હિમાયત.

3. સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ : વ્યવસ્થા – સંચાલન – શિસ્ત – આદર્શ વિદ્યાર્થીગૃહ

## પ્ર ક ર ણ :૪:

## : ગદ્યકાર વાડીલાલ :

૧. પુસ્તક પરિચય : :અ: "મસ્તવિલાસ", "જૈનદીક્ષા", "મહાવીર કહેતા હવા", "પૉલિટિકલ ગીતા", "એક", "આર્યધર્મ", "નગ્નસત્ય", "પ્રગતિના પાદચિન્હો અથવા અનુભવના ઓડકાર", "પ્રાયશ્ચિત", "અસહકાર", "મધુમક્ષિકા", "સંસારમાં સુખ ક્યાં છે ?", "સતી દમયંતી" વગેરે પુસ્તકોનો પરિચય.

:બ: ધાર્મિક પુસ્તકો : "પર્યુષણ પર્વ", "ઐતિહાસિક નોંધ", "હિતશિક્ષા", "બારવ્રત", "ધર્મતત્ત્વ સંગ્રહ", "ઉપાસકદશાંગ-સૂત્રનો સાર", "શ્રી જ્ઞાતાસૂત્ર સાર", "ઉત્તરાધ્યયન સૂત્રનો સાર" વગેરે નો અભ્યાસ.

૨. નિબંધકાર વાડીલાલ : હળવા નિબંધો – ચિંતનાત્મક નિબંધો– ચરિત્રાત્મક નિબંધો – આત્મકથાત્મક નિબંધો – ઉદ્બોધનાત્મક નિબંધો.

3. ગદ્ય અને શૈલી

### પ્ર ક ર ણ :૫:

### : વિવેચક વાડીલાલ :

વાડીલાલના વિવેચનાત્મક લેખોનો સમગ્રદર્શી અભ્યાસ અને "કબીરજીના આધ્યાત્મિક પદો" નું મૂલ્યાંકન.

### પ્ર ક ર ણ :૬:

### : તત્ત્વજ્ઞ વાડીલાલ :

"મસ્તવિલાસ", "જૈનદીક્ષા", "મહાવીર કહેતા હવા", "નગ્ન સત્ય", "પોલિટિકલ ગીતા" અને બીજા કેટલાક અપ્રગટ તાત્ત્વિક લેખોની આલોચના.

### પ્ર ક ર ણ :૭:

### :ઉપસંહાર :

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં વા.મો.શાહનું સ્થાન.

# વા. મો. શાહના હસ્તાક્ષર

* **

ચિંતન, ધ્યાન કે સમાધિની <u>સ્થિતિમાં</u> એક વ્યક્તિ ગમે તેટલી <u>ઉંચી</u> ચડે, સમષ્ટિ સાથે ભળી જાય કે તેથીએ આગળ વધે, <u>પણ</u> — જ્યાં સુધી એ વ્યક્તિ <u>દેહધારી</u> છે ત્યાં સુધી સ્થૂલ જગતના એક અંગરૂપ વિશેષ નથી જ, એને અંગ માત્ર અપૂર્ણ હોવું જ જોઈએ (સ્વભાવતઃ હોવું જોઈએ), એને અપૂર્ણને ખાસ પાઠ ભજવવા માટે ખાસ "ગુણ" મળેલો હોય. એ 'ગુણ' મિથ્યા થઈ શકે નહિ. ('આકાર' અને 'નામ' ગમે તેટલાં બદલાય, પણ 'ગુણ' તો કાયમ જ રહે.) સ્થૂલ જગતમાં જન્મેલા, સ્થૂલ જગતના એક ભાગ રૂપ મનુષ્યમાત્રની પ્રવૃત્તિમય જીંદગી જીવનારે આ સ્વાભાવિક નિયમ યાદ રાખવાનો છે. સ્થૂલ ભૂમિકાપર 'ગુણ' જ 'ક્રિયા'નું પ્રેરક તત્ત્વ છે, નહિ કે "જ્ઞાનપણું".

મોટામાં મોટો જ્ઞાની કે યોગી કે મહાત્મા પણ સ્થૂલ ભૂમિકાપર જ્યારે પ્રવૃત્તિ કરે છે અર્થાત્ બોલે છે, ખાય છે, વાદવિવાદ કરે છે, હસે છે કે ગુસ્સો કરે છે, ત્યારે જે 'ગુણ'ને લઈને તે વ્યક્તિ તરીકે જન્મેલો હોય છે તે 'ગુણ' — પછી તે મીઠો હોય કે ખારો હોય — તે ગુણની પ્રેરણા કે દિશા મુજબ ક્રિયા કરે છે. તેથી, સંભવ છે કે મોટામાં મોટા જ્ઞાનીની ક્રિયા મહા અનીતિમય પણ હોઈ શકે તેમ મહા નીતિમય પણ હોઈ શકે.

## પ્રકરણ : ૧ :

# પૂર્વભૂમિકા

## સંક્રાન્તિકાળનું દિગ્દર્શન

વા. મો. શાહ ૧૮૭૮ – ૧૯૩૧ ના જીવન, મનન અને મંથનનું અવલોકન કરતી વખતે તેમના જન્મ પહેલાંના ભારતના સાત–આઠ દશકાના સમયનું વિહંગાવલોકન કરવું અનિવાર્ય છે. એ સમયગાળા દરમિયાન ભારતનાં રાજકીય, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કારિક પરિબળોની પરિસ્થિતિ કેવા પ્રકારની હતી તેનો યથાર્થ ખ્યાલ આવ્યા પછી જ વા. મો. શાહની જીવન–પ્રણાલીની વાત સુસ્પષ્ટ સ્વરૂપે સમજી શકાય તેવી ગણાય.

સૌથી પ્રથમ રાજકીય પરિસ્થિતિનું અવલોકન જરૂરી ગણાશે. એક પ્રજા બીજી પ્રજા પર આધિપત્ય ભોગવે ત્યારે વિચારણીય અગત્યનો પ્રશ્ન ભાષા અંગેનો હોય છે. જીતનારી પ્રજા જીતાયેલી પ્રજાને શિક્ષણ આપવાનો પ્રબંધ રાજ્યકરનારી પ્રજાની માતૃભાષામાં યોજે છે. સને ૧૮૦૧ પછીના દાયકાઓને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત પ્રશ્નના પરિણામને વિચારીએ. ભારતવર્ષમાં વેપાર અર્થે આવેલી પ્રજાઓમાં મુખ્ય પોર્ટુગીઝ, ડચ, ફ્રેંચ અને અંગ્રેજોને ગણાવી શકાય. તેમાંના અંગ્રેજોએ બીજી ત્રણેય પ્રજાઓના સંસ્થાનિકોને હરાવી પોતાની

બોલબાલા સિધ્ધ કરી હતી એમ તવારીખની તેજછાયા કહી રહી છે. સમય જતાં ભારતમાં વેપાર કરી રહેલી અંગ્રેજ ઇસ્ટ-ઈંડિયા કંપનીને પોતાના વેપારની કામગીરી સંભાળતી વખતે સાથેસાથે પોતાના એ વેપારના સંરક્ષણ માટે જરૂરી એવું લશ્કર રાખવાની યોજના કરવી પડી હતી. બીજી તરફ સમગ્ર ભારતમાં વેરવિખેર સ્વરૂપે અસ્તિત્વ ધરાવતાં દેશી રાજ્યોમાં અંદરોઅંદર ફાટફૂટ રહેતી હોવાને પરિણામે અવારનવાર સશસ્ત્ર અથડામણના પ્રસંગો બનતા હતા. નબળાં પડેલા રાજ્યો પોતાના પ્રતિસ્પર્ધી સામે ટકી શકે એવી સ્થિતિમાં ન હોય ત્યારે સંજોગાનુસાર અંગ્રેજી વેપારી કંપની પાસે લશ્કરી સહાય માટે હાથ લંબો કરતાં અચકાતાં ન હતાં. એ તકનો લાભ લઇ અંગ્રેજો પોતાના હિતમાં હોય એવી શરતો દેશી રાજાઓ પાસે સ્વીકારાવીને પોતાનો પગદંડો પસારવાના કાર્યમાં સફળ નીવડયા હતા. પરિણામે વેપારની કામગીરી કરતાં કરતાં ભારતના મોટાભાગના પ્રદેશો અંગ્રેજોની સત્તા હેઠળ સહેજે આવી પડયા અને વેપારી મટી તેઓ રાજ્યના શાસક બની જવા પામ્યા. ઓગણીસમી સદીની પહેલી પચીસીમાં અંગ્રેજ ઇસ્ટ ઈંડિયા કંપની એટલી તો જોરાવર થઇ ચૂકી હતી કે નાના-મોટા અનેક દેશી રાજાઓને પરાસ્ત કરી કેટલાય વિસ્તૃત પ્રદેશો પર પોતાનું સાર્વભૌમ આધિપત્ય તેણે જમાવી દીધું હતું. ઇ.સ.૧૮૧૮ માં મરાઠી સામ્રાજ્યના મુખ્ય સ્તંભ સમા પેશ્વાનો પરાભવ કરીને તેમના સામ્રાજ્યનો સારોયે પ્રદેશ ખાલસા કરી અંગ્રેજ હકૂમત હેઠળ લાવી દીધો હતો. આમ છત્રપતિ શિવાજીના

વંશના છેલ્લા બે રાજાઓના કબજામાં સતારા તેમજ કોલ્હાપુરની આસપાસનો નાનો સરખો પ્રદેશ રહેવા દઈને મરાઠી સામ્રાજ્યના સરનશીન પેશ્વા બાજીરાવ બીજાને આઠ લાખ રૂપિયાનું વર્ષાસન બાંધી આપી બિઠુરના જિલ્લામાં નજરકેદ રાખવાની વ્યવસ્થા અંગ્રેજોએ કરી હતી.

અંગ્રેજોની ફત્તેહનાં આંદોલન ચોતરફ ફેલાઈ રહયાં હતાં ત્યારે સારા યે ભારતવર્ષમાં કોઈપણ પ્રદેશમાંથી મરાઠાની પડતી વિશે એક હરફ સરખો નીકળ્યો નહોતો એવી શેહ અંગ્રેજ કંપનીએ પાડી દીધી હતી. મોગલ સામ્રાજ્યના છેવટના પૂતળાં સમા બાદશાહ તો અંગ્રેજોના વર્ચસ્વ અને રક્ષણ નીચે કયારનાય આવી ચૂકયા હતા અને મરાઠી રિયાસતનાં જુદા જુદા એકમો વચ્ચે પ્રવર્તી રહેલો આંતર કલહ અંગ્રેજોને વિજય અપાવવામાં ખૂબ જ મદદરૂપ નીવડયો હતો. પેશ્વાની પડતી પછી સિંધિયા, ભોંસલે, ગાયકવાડ અને હોલ્કરે પણ અંગ્રેજોનું આધિપત્ય રફતે રફતે સ્વીકારી લીધું હતું. એ બધું છતાં વસ્તુસ્થિતિ એવી હતી કે ઉપરછલ્લી નજરે અંગ્રેજોના રાજ્યની બોલબાલા વર્તી રહી હતી, પરંતુ સમગ્ર ભારતદેશ એ સમયે ભારેલા અગ્નિસમો બની જવા પામ્યો હતો. સમજદાર ભારતવાસીઓ અલબત્ત અકળાઈ ઊઠયા હતા અને જેમ જાણે સમય પરિપકવ થવાની રાહ જોતા હોય તેમ છેવટે સને ૧૮૫૭ માં નવાં આંદોલનોની ઉગ્ર જવાળાઓ જલી ઉઠી. ~~ત્યારે~~ નાનાસાહેબ પેશ્વાએ સ્વાતંત્ર્ય યુધ્ધનો ઝંડો ફરકાવ્યો ત્યારે તેમની સાથે બંડખોરીને પંથે પડેલી અંગ્રેજી હકૂમત નીચેની લશ્કરની પલટનો, દિલ્હીનો

મોગલ સમ્રાટ, તાત્યાટોપે, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ અને બિહારના રાજા કુવરસિંહ જેવા ઘણા હતા. સારોયે ઉત્તર હિન્દુસ્તાન એ યુધ્ધની આગમાં ઝડપાઇ ગયો. ઘડીભર તો અંગ્રેજોને પણ લાગ્યુ કે ભારતમાંથી અંગ્રેજી રાજ્યનો અંત આવી જશે; પરંતુ હિંદીઓના અંદરઅંદરના કલહોથી તેમજ હોંસાતોંસીને પરિણામે તથા અન્ય દેશી રજવાડાંઓની મદદના અભાવે એટલું નહિ પણ તેવા રાજ્યો અંગ્રેજોની મદદે રહયા તે કારણે પણ આપણા સ્વાતંત્ર્ય સૈનિકોને નિષ્ફળતા પ્રાપ્ત થઇ. કેટલાય દેશપ્રેમીઓ શૂરવીરો આ ઝપાઝપીમાં માર્યા ગયા. મુગલ બાદશાહ અને બેગમને દેશનિકાલ કરી રંગુન મોકલી આપ્યા, તાત્યા ટોપેને ફાંસીને માંચડે ચઢાવ્યા પરંતુ છેવટ સુધી નાનાસાહેબને અંગ્રેજો પકડી શકયા નહિ. તેમણે તો સૌરાષ્ટ્રમાં આવેલા શિહોર ગામમાં બે દાયકાઓ સુધી છૂપી રીતે – ભૂગર્ભમાં રહેવાની યોજના કરી હતી જે વાત તો છેક સને ૧૯૭૦ ના અરસા સુધી કોઇથી જાણી શકાઇ નહોતી.[૧] આ ઉપરાંત અંગ્રેજોએ હજારોને ફાંસીએ લટકાવ્યા, અનેકોને ખતમ કર્યા, અને અનેક ગામડાઓને જલાવી દઇને સંતાતા ફરતા એવા વીરોને જીવતાજીવે બાળી નાખ્યા. કલ્પનામાં ન આવે એવો કાળો કેર વર્તાવી, જનતામાં ભય ફેલાવી, સ્વાતંત્ર્ય યુધ્ધની ચિનગારીને બુઝાવી દીધી. એ વેરને શમાવવા માટે અંગ્રેજો જેવી વિચક્ષણ અને દીર્ઘદ્રષ્ટિવાળી પ્રજાએ અંગ્રેજી વેપારી કંપની પાસેથી ભારતનો

---

૧. "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા" તા. ૨૮-૩-૭૬: "લાસ્ટ ડેઝ ઓવ ધ રીબેલ પેશ્વા" "ઓન ધ ટ્રેઇલ ઓફ નાના સાહેબ" અને "જનસત્તા" તા. ૭-૯ જુલાઇ ૧૯૭૬ અને "ઝગમગ" તા. ૨૯-૫-૭૬ તથા ૧૪-૬-૭૬.

રાજ્યવહીવટ લઇ લીધો અને બ્રિટિશ પાર્લામેન્ટને સોંપ્યો, રાણી વિકટોરિયાએ ઢંઢેરો બહાર પાડીને અંગ્રેજ જુલમગારોએ વર્તાવેલા કેર માટે માફી માગી અને ભારતના શહેનશાહબાનુનો દરજ્જો પોતે સંભાળી લીધો. ભારતમા એ રીતે અંગ્રેજી રાજ્ય જડબેસલાક થઇ જવા પામ્યું. અંગ્રેજી રાજ્યનો પાયો મજબૂત બને તે કારણે એવા કેટલાય પગલા ભરવામા આવ્યા જેમાનુ મુખ્ય એ હતુ કે સમસ્ત ભારતવર્ષને નિઃશસ્ત્ર કરી દેવાનો કાયદો ૧૮૫૯ મા પસાર કરવામા આવ્યો જેને પરિણામે ભારતીય પ્રજા પાસેથી શસ્ત્રો આપોઆપ છીનવાઇ ગયા. ભારતની પ્રજા ફરીથી કદી અંગ્રેજ હકૂમત સામે શસ્ત્રસજ્જ બનીને માથુ ઊંચકી શકે નહિ એવો એમનો મૂળ ઇરાદો હતો. પરિણામે એ કાયદાને પ્રતાપે લાંબે ગાળે ભારતની પ્રજા કલ્પનામા ન આવે એવી નિર્વીર્ય બની જવા પામી. આ દબાઇ ચૂકેલો ધૂંધવાતો અગ્નિ ફરી કદી સતેજ ન થવા પામે એ દ્રષ્ટિબિંદુને લક્ષમા રાખીને મિ. વિલિયમ વેડરબર્ન ૧૮૩૬ થી ૧૯૧૮ અને મિ. એલન હ્યુમ જેવા કાબેલ રાજદ્વારીઓએ ભારતમા ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસની સ્થાપના કરી એટલે મુંબઇની ગોકળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળાના મકાનમા વ્યોમેશચંદ્ર બેનરજી [૧૮૪૪–૧૯૦૬] ની અધ્યક્ષતા નીચે એ કોન્ગ્રેસનુ પહેલુ અધિવેશન તા. ૨૮–૧૨–૧૮૮૫ ના રોજ ભરવામા આવ્યુ હતું. એ નવી સંસ્થા તરફ ભારતનો કેળવાયેલો વર્ગ આકર્ષાયો હતો અને ૧૮૫૭ ના સ્વાતંત્ર્યયુધ્ધનાં આંદોલનો પર એક રીતે પડદો પડી જવા પામ્યો એમ લાગવા માડયું. બન્યું પણ એવું કે અંગ્રેજી વિચારસરણીને વરેલા હિંદીઓને એ નેશનલ કોંગ્રેસની

યોજના પસંદ પડી ગઇ અને ૧૮૫૭ ના સ્વાતંત્ર્યસંગ્રામ પછી પ્રાપ્ત થયેલી નિરાશા તેમજ હતાશા પર થોડે ઘણે અંશે પડદો પડી જવા પામ્યો. "સૌ સારૂં જેનું છેવટ સારૂં" એ ન્યાયે છેવટે એ જ "ભારતની રાષ્ટ્રીય મહાસભા"ના પ્રયત્નોને પરિણામે ભારતવર્ષમાં સને ૧૯૪૭ ની પંદરમી ઓગષ્ટે સ્વરાજ્યની પ્રાપ્તિ થઇ.

રાજકીય પરિસ્થિતિ જેવુંજ શૈક્ષણિક આંદોલનોએ મેળવેલી જાગૃતિ માટે સમજવું જરૂરી છે. ઇતિહાસના અભ્યાસીઓ સમજાવે છે કે જીતનારી પ્રજા તેની માતૃભાષા જીતાયેલી પ્રજા પર લાદે છે. ઇસ્લામ યુગમાં ભારતની રાજભાષાનું સ્થાન ફારસીએ લીધું હતું તેને હટાવીને અંગ્રેજોએ અંગ્રેજીને રાજભાષા તરીકે સ્થાપી દીધી. અંગ્રેજી કેળવણીનો ઇતિહાસગ્રંથ અનુસાર કહી શકાય કે સને ૧૮૧૭ ના અરસામાં ખ્યાતનામ સુધારક અને રાજપુરુષ રાજા રામમોહનરાય [૧૭૭૪ થી ૧૮૩૩] ના પ્રયાસથી કલકત્તામાં પ્રથમ અંગ્રેજી શાળાની સ્થાપના થવા પામી હતી. તે પહેલાં ખ્રિસ્તી મિશનરીઓએ મુંબઇમાં અંગ્રેજી શિક્ષણને લગતી શાળાઓ સ્થાપવાની પરવાનગી મેળવી લીધી હતી. વધુમાં અંગ્રેજી હકૂમતે બોંબે એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી હતી એટલે મુંબઇ પ્રદેશમાં તેમજ ગુજરાતભરમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત કરવામાં સરળતા પ્રાપ્ત થઇ હતી. એ સોસાયટી મારફત મુંબઇમાં ચાર, સૂરતમાં એક અને ભરૂચમાં એક, એમ છ અંગ્રેજી શાળાઓ શરૂ થવા પામી. તેના અનુસંધાનમાં જ સુપ્રસિધ્ધ ગુજરાતી અગ્રગણ્ય રણછોડભાઇ ગિરધરભાઇ ઝવેરી [૧૮૦૩-૧૮૭૩] ની સહાયથી "નેટિવ એજ્યુકેશન સોસાયટી" ની પણ સ્થાપના થઇ હતી.

રણછોડભાઇએ પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાની અને પાઠ્ય-પુસ્તકો તૈયાર કરવાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી હતી. એ સમયે ભારતમાંના અંગ્રેજી રાજ્યના વડા લૉર્ડ વિલિયમ બેન્ટિકની સહાયરૂપ કાઉન્સિલના સદસ્ય/ટોમસ બેલિંગ્ટન મેકોલે હતા તેણે આદરેલા પ્રયાસોથી અંગ્રેજી ભાષાને રાજભાષા તરીકે સ્વીકારાવવાનો અને તે દ્વારા ભારતવાસીઓને કેળવણી આપવાનો કાયદો પાર્લામેન્ટે પસાર કર્યો. એ સમય સુધી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુટ મારફત અંગ્રેજી શિક્ષણ અપાતું હતું તેને સદરહુ કાયદો થયા પછી એલ્ફિન્સ્ટન કૉલેજ અને એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલ એવા બે વિભાગમાં વહેંચી દેવામાં આવ્યું સમય જતાં સને ૧૮૫૭ માં મુંબઇ, મદ્રાસ અને કલકત્તાની વિદ્યાપીઠોની સ્થાપના થઇ હતી. એ વિદ્યાપીઠોને પરિણામે બંગાળમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય, તથા ગુજરાતને ગોવર્ધનરામ, અને મણિલાલ નભુભાઇ દ્વિવેદી જેવા ઉચ્ચકક્ષાના પદવીધર વિદ્વાનો મળ્યા હતા.

કેળવણીને લગતા મુદ્દાઓની ચર્ચા પણ સાથે સાથે કરી લઇએ:-

૧. સને ૧૮૮૨ માં લૉર્ડ રિપનના રાજ્ય અમલ દરમ્યાન હિન્દીઓની કેળવણીને લગતી પરિસ્થિતિની તપાસ કરી એનો રિપોર્ટ કરવા હંટર કમિશન ની નિમણૂક થઇ હતી. તે કમિશનની ભલામણ મુજબ દરેક જિલ્લામાં એક એક નમૂનેદાર હાઇસ્કૂલ કે કૉલેજને સરકાર હસ્તક રહેવા દઇ માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ સ્થાપવાની ખાનગી વ્યક્તિઓને છૂટ આપવામાં આવી હતી,

જેને પરિણામે ગુજરાતનાં મોટા શહેરોમાં હાઇસ્કૂલો સ્થાપવાની યોજનાઓ અમલમાં આવી રહી હતી. આમ અંગ્રેજી શિક્ષણનો બહોળો પ્રચાર થવા પામ્યો.

૨. ખ્રિસ્તી પાદરીઓએ સ્થાપેલી શાળાઓમાં અંગ્રેજી શિક્ષણ આપવા ઉપરાંત વટાળપ્રવૃત્તિ બહુ જોરશોરથી ચાલી રહી હતી. શરૂઆતમાં તો ફક્ત અંગ્રેજી શિક્ષણ જ આપતા હતા, પણ સમય જતાં તેમાં બાઇબલના અભ્યાસનો ઉમેરો થયો હતો.

સામાજિક પરિબળો અને ધાર્મિક પરિસ્થિતિ બંનેનો વિચાર સાથે સાથે કરીશું; કારણ કે ધર્મની સાથે જ સમાજ સંકળાયેલો હોય છે એટલે ધર્મ અને સમાજનો અલગ અલગ વિચાર કરવો મુશ્કેલ થઇ પડે છે. પ્રાચીન સમયમાં બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્ર જેવા ચાર વર્ણોમાં વહેંચાયેલા સમાજમાં આજે પૂર્વ-પશ્ચિમ જેવું પરિવર્તન થવા પામ્યું છે. કેમ જાણે એ ચારે વર્ણોને ભૂલી જવાયા હોય તેમ જુદા જુદા ફિરકાઓ, સંપ્રદાયો, ગચ્છો અને જ્ઞાતિઓના વાડાઓમાં સમગ્ર સમાજ ગોંધાઇ રહયો હોય એવું હાલ નહિ પણ છેલ્લા બેચાર સૈકાઓથી દેખાઇ રહયું છે. એ ચાર વર્ણોનું તો જાણે અસ્તિત્વ જ મટી ગયું છે મુસલમાનોનું ભારતમાં આગમન થતાંની સાથે જ સંજોગો બદલાતાં જનતાના વિચારોમાં ફેરફાર થયા તેની અસર સમાજના આચારવિચાર ઉપર સ્પષ્ટપણે વર્તાતી હતી. સ્ત્રીજાત પરના મુસલમાનોના જુલમ અને બળાત્કારોના પરિણામે જનસમાજનાં મન વ્યગ્ર બની ગયાં હતાં, અને તેના પ્રતિકાર રૂપે બાળલગ્નોની પ્રથા શરૂ થઇ, અને સ્ત્રીઓમાં લાજ કાઢવાનો રિવાજ પ્રચલિત બન્યો.

સ્ત્રીઓ સમાજમાં એકલી ક્યાંય ન ફરી શકે એવી ધાક સમાજમાં ફેલાઇ ગઇ. અંગ્રેજોના આગમનથી અંગ્રેજ વિચારસરણીનો પ્રભાવ સમાજ ઉપર પડયો એટલે શિક્ષિતવર્ગ સમાજના રિવાજોને અને ધર્મના મંતવ્યોને તુલનાત્મક નજરે મૂલવવા લાગ્યો. પ્રાચીન સમયમાં હિંદુઓમાં મૂર્તિપૂજા ન હતી અને તે પછીના પુરાણકાળમાં મૂર્તિપૂજા દાખલ થઇ, તેને શામાટે દૂર ન કરવી એવા પ્રશ્નોએ અને તેની વિચારણાએ સમાજમાં ઘર ઘાલ્યું. અંગ્રેજી શિક્ષણને પ્રતાપે શાસ્ત્રમાં અને પુરાણોમાં રહેલી કેટલીયે વાતો બંધબેસતી ન હતી, તેથી કેળ-વાયેલા લોકોની શ્રધ્ધામાં ઓટ આવવા લાગી. તેઓ કહેવા લાગ્યા કે ધર્મથી સુખપ્રાપ્તિનો પથ ન મળવાનો હોય તો તેને ધર્મ કેમ કહેવાય ? સમાજને જળોની માફક વળગી રહેલી જ્ઞાતિસંસ્થા જ સર્વ દુઃખનું મૂળ છે. સ્ત્રી વિધવા બન્યા પછી પુનર્લગ્ન ન કરી શકે અને પુરુષ વિધુર બન્યા પછી એક વાર નહિ પણ અનેકવાર પરણી શકે એવું અસામંજસ્ય ચર્ચાનો વિષય થઇ પડયો. એ વાત જ સ્ત્રીપુરુષના સમાન હકકની આડે આવતી માલૂમ પડી એટલે અંગ્રેજી ભણતરને વરેલાઓએ એ વાતનું સંશોધન શાસ્ત્રોમાંથી કરી બતાવવાના પ્રયત્નો આદર્યા. પરિણામે પુનર્લગ્નની બાબતને લક્ષમાં રાખીને ચર્ચાસભાઓમાં ભાષણો થવા લાગ્યાં, લેખોય લખાયા અને એને મદદરૂપ નીવડે એવાં મંડળો પણ સ્થપાવા પામ્યાં.

આવા કપરા સમયમાં લોકવર્ગને સાચો રાહ બતાવે એવા નેતાઓની જરૂર હતી; કારણ કે ખ્રિસ્તી પાદરીઓની વટાળ-પ્રવૃત્તિ સામે પડકાર ફેંકી ઝીંક ઝીલવાની હતી. ઉત્તરપ્રદેશમાં

જન્મેલા એક મહાપુરુષ સહજાનંદ સ્વામીએ [૧૭૮૧-૧૮૩૦] સને ૧૮૦૦ માં સૌરાષ્ટ્રમાં ધામો નાખી જનસમાજના આચારવિચારને સવળે પંથે વાળવાનો બેનમૂન પ્રયત્ન કર્યો. તેમણે સ્વામીનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી, ગુજરાત અને સૌરાષ્ટ્રભરમાં ગામેગામ ફરીને સત્ય, સદાચાર, દયા, સ્વચ્છતા અને નમ્રતા ઇત્યાદિને અપનાવવાનો સતત બોધ કર્યો. પરિણામ એ આવ્યું કે આખા દેશમાં પકડ જમાવી બેઠેલા વૈષ્ણવ ધર્મના વિલાસને પડકાર થવા પામ્યો અને ધર્મનું શુદ્ધ સ્વરૂપ લોકોને સમજાવાયું. એ મહાપુરુષે સાધુઓના નીતિનિયમો અને આચાર વધુ કડક અને તપોમય બનાવ્યા. સમાજમાં ઘર કરી બેઠેલા મદ્ય, માંસ, જૂઠ, વ્યભિચાર, ચોરી, છેતરપિંડી જેવી ભયંકર બદીઓને દેશવટો અપાવ્યો. સંયમ અને બ્રહ્મચર્યના કડક પાલનના એમના આદેશને પરિણામે સંયમી જીવન અને સદાચાર તરફ લોકોનું વલણ થવા પામ્યું. સમાજના નીચલા થરના લોકો પ્રથમ એમના ઉપદેશની અસર હેઠળ આવ્યા. વર્ણ અને ધર્મના વિરોધાભાસો તેમણે દૂર કરાવ્યા. દરજી, સુથાર, લુહાર, કણબી, કોળી, ખવાસ જેવી વિધવિધ જ્ઞાતિઓએ એ સ્વામીનારાયણ સંપ્રદાયને અપનાવી લીધો. તે ઉપરાંત ઉપલા થરના સમજુ જનોમાંથી પણ કોઇકોઇ સહજાનંદ સ્વામીને અનુસરવામાં ગૌરવ માનવા લાગ્યા. કવીશ્વર દલપતરામને એ ધર્મનો રંગ લાગવાથી જીવનભર સાચા "સત્સંગી" બની રહયા હતા. કવિવર ન્હાનાલાલે પણ એ ધર્મ તરફ પોતાને આદરભાવ હતો એમ અનેક વખત જાહેરમાં જણાવ્યું હતું. સ્વતંત્ર વિચારક કિશોરલાલ મશરૂવાળાએ જીવનભર એ ધર્મને અનુસરવામાં હર્ષ અનુભવ્યો હતો એટલું જ

નહિ પણ એ પુરુષપ્રવર સહજાનંદ સ્વામીનું જીવનચરિત્ર લખીને તેમા એ ધર્મના આદેશોનું અર્થઘટન તેમણે નવી નજરે કરી બતાવ્યું હતું. સૂરતના કોટવાળ અરદેશરે પણ એ ધર્મ અંગીકાર કર્યો હતો. સ્ત્રી પુરુષના અતિશય પવિત્ર અને મર્યાદાશીલ સંબંધ તરફ સ્વામી સહજાનંદે અંગુલિનિર્દેશ કર્યો હતો. પરિણામે સ્ત્રીઓ તરફ હલકી નજરે જોવાની પુરુષવર્ગની ટેવમાં અજબ ફેરફાર થવા પામ્યો હતો. અન્ય ધર્મને માનનારા ઉપલા થરના કેટલાક કેળવાયેલા મનુષ્યો તરફથી વિરોધ થવા છતાં એ સંપ્રદાય-પ્રેમીઓ એક ડગલું પણ પાછું હઠયા નહિ. ગામડાંઓમાં સહજાનંદ સ્વામીનો પ્રભાવ અજબ હતો; જ્યારે તેમના સીધા ઉપદેશથી તેમણે શહેરોમાં શિક્ષિત કેળવાયેલાઓનાં મન વિહ્વળ બનાવીને લોમવિલોમ કરી દીધાં હતાં, જેથી લોકોની ધર્મ પરની શ્રધ્ધા ચળી જવા પામી હતી; પરંતુ એ પરિસ્થિતિ લાંબો સમય ટકી નહિ.

લોર્ડ વિલિયમ બેન્ટિકનો સહારો મેળવીને રાજા રામમોહન-રાયે સતી થવાનો ચાલ,કાયદાની મદદથી બંધ કરાવ્યો [સને ૧૮૨૯]. વળી બાળકી જન્મે ત્યારે જ તેને દૂધપીતી કરવાનો રિવાજ હતો તેને અટકાવવા માટે પણ કાયદાની મદદ યોજી બતાવી. એ નવી વિચારસરણીનાં આંદોલન દેશભરમાં પ્રસરી જવા પામ્યાં હતાં. ગુજરાત તેમાં અપવાદ ન હતું. ગુજરાતમાં સમાજસુધારણાને અપનાવી લેનારા સાચા વિચારકો અને સેવકો પાકયા, જેનું પરિણામ ધાર્યા કરતાં વધુ તલસ્પર્શી આવ્યું. રાજા રામમોહનરાય ખરા અર્થમાં વિદ્વાન હતા. તેઓ સંસ્કૃત, અરબી, ફારસી, લેટિન, હિબ્રૂ, ગ્રીક અને

અંગ્રેજીના જાણકાર હતા. હિંદુ ધર્મના સંસ્કૃત પુસ્તકોના બંગાળી અનુવાદો એમણે કર્યા હતા અને ઉપનિષદોના અનુવાદોની સુંદર દોરવણી આપે એવી પ્રસ્તાવનાઓ પણ લખી હતી.[2] તેમને વેદાંત, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મનો પૂર્ણ પરિચય હતો. ભારતના સુધારક-વર્ગના તેઓ સાચા પ્રતિનિધિ ગણાતા હતા. "બ્રહ્મોસમાજ" નામના નૂતન સંપ્રદાયની ઘોષણા તેમણે કરી હતી [૧૮૨૮]. બંગાળના સુશિક્ષિત જનોમાં એ સંપ્રદાય આદર પામ્યો હતો. એના પડઘા દેશભરમાં ચારે તરફ ગુંજતા હતા. પરિણામે મુંબઇમાં "પ્રાર્થનાસમાજ"ના નવા નામે એની સ્થાપના થઇ. ગુજરાતમાં ભોળાનાથ દિવેટીઆએ એમાં જરૂરી ફેરફારો યોજીને એકેશ્વરવાદને માનનારા "પ્રાર્થનાસમાજ"ની સ્થાપના કરી. એ સમયના કેટલાક સુધારકોની પણ ટૂંકાણમાં નોંધ લેવા જેવી છે.

## દુર્ગારામ મંછારામ મહેતાજી [૧૮૦૯–૧૮૭૬]

દુર્ગારામ મહેતાજી સુરતની સરકારી ગુજરાતી શાળાના એક શિક્ષક હતા. અને ગુજરાતમાં સુધારણાની પહેલી હાકલ કરનાર વીર પુરુષ હતા. ગુજરાતના સુધારકયુગની શરૂઆતનો સમય પાંચ દદ્દાઓનો હતો. દુર્ગારામની મદદમાં "દ" અક્ષરથી શરૂ થતા નામવાળા અન્ય ચાર પુરુષો હતા: ૧, દાદોબા, પાંડુરંગ, ૨, દલપતરામ માસ્તર ૩, દામોદરદાસ, ૪, દિનમણિશંકર શાસ્ત્રી. તેમણે સને ૧૮૪૪ માં

---

૨. દુર્ગાશંકર કે. શાસ્ત્રીકૃત "ભારતીય સંસ્કારો અને તેનું ગુજરાતમાં અવતરણ": પૃ. ૩૦૫ ; પ્રથમ આવૃત્તિ: સને ૧૯૫૦ .

સૂરતમાં માનવધર્મ સભાની સ્થાપના કરી હતી. તેમનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિપ્રથા નાબૂદ કરવી, મૂર્તિપૂજા બંધ કરવી, વિધવાનું પુનર્લગ્ન થવા દેવું, અને ભૂતપ્રેત-પિશાચ અને તેના વળગાડને વહેમ માનવા. મહેતાજીની ત્રીસ વર્ષની ઉંમરે તેમના પ્રથમ પત્નીનો સ્વર્ગવાસ થયો. વિધુરાવસ્થાનો અનુભવ થતાં જ વિધવાજીવનનું આચરણ કેવું કઠિન હશે તેનો મર્મ તેમણે પકડી પાડયો અને છડેચોક વિધવાવિવાહના સમર્થનમાં શેરીઓમાં અને ચોકમાં ભાષણો આપવા માંડયાં તથા પોતે એક વિધવાને પરણવાની તૈયારી બતાવી ત્યારે જુનવાણી વિચારસરણીવાળાઓએ તેમને તેમ કરતાં અટકાવ્યા અને વિધવા વિવાહની હિમાયત કરવાનું છોડી દેવાની શરતે એક કુંવારી કન્યા સાથે પરણાવ્યા. તેમના આ કૃત્યથી વિધવાવિવાહના હિમાયતીઓને ફટકો પડયો અને માસ્તરની નિંદા પણ થઇ. "માનવધર્મસભા"ના ઉપક્રમે જાહેરમાં ભાષણો આપવામાં તે એટલે સુધી આગળ વધ્યા હતા કે કોઇ જાદુગર અથવા મંત્રશાસ્ત્રીને પોતાની વાત સાચી સાબિત કરવા તેઓ પડકાર ફેંકતા હતા. મંત્રશાસ્ત્રીઓ, જાદુગરો તેમજ ભુવાભરાડીઓ તેમના પડકારને ઝીલવા નિષ્ફળ ગયા ત્યારે જનતાને મહેતાજીની વાતમાં વિશ્વાસ બેઠો. આમ તેઓ કર્મકાંડ, મૂર્તિપૂજા, અવતાર અને જડવાદના કટ્ટર વિરોધી હતા. સૂરતમાં સાતેક વર્ષ સુધી એ સભા દ્વારા નવો પયગામ તેમણે સુણાવ્યો ત્યાં તો સને ૧૮૫૨ માં તેમની બદલી રાજકોટ થઇ હતી, જ્યાં સ્વ. નવલરામના કહેવા મુજબ "એના અવાજે આખા પ્રાંતને ઘણા યુગની ભરનિદ્રામાંથી ચોંકાવ્યો અને તે બાવરું બાવરું જોવા લાગ્યો, કે આ શું છે?"[3]

---

3. નવલરામ જ. ત્રિવેદી કૃત "સમાજ સુધારાનું રેખાદર્શન": પ્રથમ આવૃત્તિ: ઇ. સ. ૧૯૩૪ પૃ. ર૭ તથા નરહરિ દ્વારકાદાસ પરીખ સંપાદિત "નવલગ્રંથાવલિ," ઇ. સ. ૧૯૩૭, સંસ્કારેલી પ્રથમ આવૃત્તિ પૃ. ૧૩૪.

<u>નર્મદાશંકર</u> : [૧૮૩૩-૧૮૮૬]

કવિ નર્મદને યાદ કરતા "યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે" એ સૂત્ર સ્મરણે ચઢે છે. સને ૧૮૪૮ માં એલેકઝાંડર કિન્લોક ફાર્બસની રાહબરી નીચે અમદાવાદમાં "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થપાઇ ત્યાર પછી સને ૧૮૫૧ માં કવીશ્વર દલપતરામ સૂરત આવ્યા હતા અને "એન્ડ્રુસ લાયબ્રેરી"માં "હુન્નરખાનની ચઢાઇ"નું જાહેરમાં વાચન કર્યું હતું. તે સભામાં નર્મદ હાજર રહયો હતો. જાહેર પ્રવૃત્તિઓમાં એણે ભાગ લેવાનું શરૂ કર્યું હતું, પરંતુ ઊગતી વયનો હોવાથી હજુ પ્રસિધ્ધિમાં આવ્યો ન હતો.

બે ત્રણ વર્ષના ગાળા પછી મુંબઇમાં સને ૧૮૪૯ માં સ્થપાયેલી "બુધ્ધિવર્ધક સભા" માં નર્મદ જોડાયો હતો અને સમાજસુધારણા અંગેના, સમાજને ઉચ્ચીકરણનો પંથ સૂચવતા, પોતાના નિબંધો એ સભા સમક્ષ વાંચવાની શરૂઆત કરી દીધી હતી. સને ૧૮૫૫ માં કરસનદાસનું "સત્યપ્રકાશ" સાપ્તાહિક પ્રગટ થવા લાગ્યું. એ ઘટના પછી નવા વિચારના અને જૂના વિચારના મનુષ્યો વચ્ચે યુધ્ધ શરૂ થયું હતું. એ યુધ્ધનું મુખ્ય કારણ કેળવણીનો પ્રચાર હતું. "બુધ્ધિવર્ધક સભા"માં ધર્મચર્ચા માટે અવકાશ રાખવામાં આવ્યો ન હોતો તેથી નર્મદે "તત્ત્વશોધક સભા"ની અલગ સ્થાપના કરી હતી, પરંતુ તે લાંબા સમય સુધી અસ્તિત્વમાં રહી નહિ. નર્મદાશંકરે પુનર્લગ્નના પ્રશ્નને જોરશોરથી ઉપાડયો એટલે જુનવાણી વિચારસરણી ધરાવનારાઓ ચમકી ગયા. વૈષ્ણવ સંપ્રદાયના મહારાજ

જદુનાથજીને એ પ્રશ્ન અંગે શાસ્ત્રાર્થ કરવા તેણે જાહેર પડકાર કર્યો. ત્રણ વાગ્યાના સુમારે એ શાસ્ત્રાર્થસભામાં પોતે એકલો ગયો. કોઈ સુધારાવાળો તેમનો સંગાથ કરવાની હિંમત દાખવી શક્યો નહિ. માત્ર કરસનદાસ બાવા તેમની સાથે રહ્યા. સભાસ્થાનની બહાર મહારાજના હજારો ભક્તો નર્મદાશંકરની "ખે" બોલાવવા ઉપસ્થિત રહ્યા હતા, પરંતુ નર્મદ કોઈથી ગભરાય એવી માટીનો નહતો. સીધો શાસ્ત્રાર્થ કરવાને બદલે જદુનાથજીએ એ ચર્ચાને આડમાર્ગે ચઢાવી દીધી અને વિધવાના પુનર્લગ્નના પ્રશ્નને તેમણે છેડયો જ નહિ, તેથી તે સમય પૂરતું તો છટકી ગયા, પણ કરસનદાસે એ બાબતને "સત્ય-પ્રકાશ"માં ઝળકાવી દીધી[૪] અને મહારાજના અનીતિભર્યા ભ્રષ્ટાચાર-ને જાહેરમાં ચર્ચા દ્વારા ઉપસાવીને સનસનાટી ફેલાવી દીધી, જેને પરિણામે "મહારાજ લાયબલ કેસ" થવા પામ્યો. તેમણે પોતાના ઘરમાં એક વિધવાને આશરો આપ્યો હતો અને બીજી એક નર્મદાગૌરી નામની વિધવા સાથે ગુપ્તરીતે લગ્નસંબંધ જોડયો હતો. આવા સમાજવિરોધી વર્તનથી જ્ઞાતિબંધુઓએ તેને સહકુટુંબ નાતબહાર રહેવાની સજા ફરમાવી હતી. નર્મદને કયાં તેની ચિંતા હતી ! એણે તો વહેમચવનની સાથે સુધારાદિત્યનું યુધ્ધ ચોમેર પ્રસરાવ્યું હતું, વળી "ડાંડિયો" નામનું સામયિક શરૂ કરી સમાજની કુંભકરણી નિદ્રા ઉડાડવાના પ્રખર પ્રયત્નો આદર્યા હતા.

પછીનાં વર્ષોમાં "રાજ્યરંગ" અને "કોષ"ના પુસ્તકો લખવા માટે વિવિધ પ્રકારનાં અવનવી વિચારણાનાં સંખ્યાબંધ પુસ્તકોનો

---

૪. "સત્યપ્રકાશ": ઈ.સ.૧૮૬૧, તા.૧૪મી મે.

એને અભ્યાસ કરવો પડયો; તેથી તેની વિચારણાનો ઝોક બદલાયો. પરિણામે એ સુધારાનો સેનાની જુદે રસ્તે વળ્યો અને તે સમય સુધી પોતે આદરેલી સુધારાનો ઊહાપોહ ખોટો હતો એવું તેમના "ધર્મ-વિચાર" પુસ્તકમાં છડેચોક જાહેર કર્યું.[૫] દરેક પ્રગતિવાંછુ વિચારકના જીવનપથમાં અમુક સમયે વિચારપરિવર્તન આવે જ એમ ઇતિહાસ કહી રહયો છે. વિચારક વાડીલાલે પણ તેના જાહેરજીવનની શરૂઆતના પંદર વર્ષો સુધી વિધવાવિવાહનો વિરોધ કર્યો હતો અને પછી વિચાર પરિવર્તન થતાં પુનર્લગ્નની હિમાયત કરી અનેક જંગો ખેલ્યા હતા. પોતાના જ લધુબંધુને વિધવા સાથે પરણાવવાનો વાડીલાલે આગ્રહ રાખીને એ કૃત્યને પોતાનો સક્રિય સહકાર આપ્યો હતો, કારણ કે વિધવાવિવાહના વિરોધીનો પાઠ કેટલાક વર્ષો સુધી ભજવી બતાવ્યા પછી એ જ વા.મો.શાહે વિધવાવિવાહનો સૈધ્ધાન્તિક સ્વીકાર કર્યો હતો એટલું જ નહિ પણ કેટલીય વિધવાઓનાં પુનર્લગ્ન તેમણે યોજી બતાવ્યાં હતાં. એ જ રીતે સમાજસુધારાનો સેનાની નર્મદ તેમના આખરી જીવનનાં વર્ષો દરમ્યાન સુધારાને ત્યજી દઇને ધર્મપરિવર્તનને પંથે વળ્યો હતો એ હકીકત છે. ત્યાં પછી ગાંધીજીને સહકારવાદી તરીકે, નર્મદને સુધારાના સેનાની તરીકે અને વા.મો.શાહને વિધવાવિવાહના વિરોધી તરીકે એકાંતે ઓળખાવી શકાય તેવું નથી. સમજવાની વાત એટલી જ છે કે તેમણે વિચારોની પુખ્તતાને પરિણામે આવતાં વિચારપરિવર્તનને અપનાવી લેતાં કહયું હતું તે નોંધપાત્ર ગણાય તેવું છે: "કોઇને મારાં બે

---

૫. નર્મદકૃત "ધર્મવિચાર": પ્રથમ આવૃત્તિ: ૧૮૮૫ : પૃ.૯૦

લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિશે શ્રધ્ધા હોય તો, એક જ વિષયના બે લખાણોમાંથી પાછલાને પ્રમાણભૂત માને".[૬]

કરસનદાસ મૂળજીએ "મહારાજ લાયબલ કેસ"માં ફતેહને વરીને તેમજ નર્મદે સુધારાનો વંટોળ ચઢાવીને ગુજરાતના સામાજિક જીવનમાં ઉથલપાથલ થઇ રહે એવું કરી બતાવ્યું હતું, અને તે વખતે સુધારાવાદીઓ સાથ આપવામાં નિષ્ફળ ગયા હતા એ હકીકત સામે આંખ આડા કાન થઇ શકે નહિ. તેમના સમય પછી સુધારાના પ્રવાહમાં ઓટ આવી હતી અને સુધારાનો વંટોળ એ ભૂતકાળની બાબત બની જવા પામી હતી.

## કવિ દલપતરામ [૧૮૨૦ - ૧૮૯૮]

નર્મદ જ્યારે સુધારાનો "કડખેદ" બન્યો હતો ત્યારે અમદાવાદમાંથી દલપતરામ "ધીરે ધીરે સુધારાનો સાર" સારાયે ગુજરાતને સમજાવવામાં મશગૂલ હતા. ફાર્બસ સાથેના મિલન પછી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી [હાલની ગુજરાત વિદ્યાસભા] સ્થપાઇ ત્યારે વર્ષો સુધી તેની સાથે સહાયક મંત્રી તરીકે સંકળાઇ રહીને "બુધ્ધિપ્રકાશ"નું સંપાદન કાર્ય એ કવીશ્વરે ચાલુ રાખ્યું હતું. તેમણે જૂના વહેમો સામે જેહાદ જગાવવાના આશયથી "ભૂતનિબંધ" અને "જ્ઞાતિનિબંધ" જેવા નિબંધો લખ્યા હતા. સુરત–

---

૬. ગાંધીજી: "વ્યાપક ધર્મભાવના": ઇ.સ. ૧૯૩૭ : પ્રથમ આવૃત્તિ: પૃ. ૫

મુંબઇના ઉચ્છેદકોએ સમાજમાંથી અજ્ઞાન, વહેમ રુઢિદાસ્ય, જડતા, સંકુચિતતા, અંધશ્રધ્ધા, ભીરુતા, પરાધીનતા, દંભ, અન્યાય, અનીતિ, છેતરપિંડી, જેવી જળોને પડકાર આપ્યો હતો ત્યારે અમદાવાદના ધીરેનર દલપતરામ પોતાની રીતે એજ કાર્ય ધીરે ધીરે પણ મક્કમતા-પૂર્વક કરી રહયા હતા.

નર્મદ પછી સાહિત્યક્ષેત્રે તેમજ સંસાર સુધારાક્ષેત્રે અનેક ગુર્જરો થઇ ગયા, જેમાંના કેટલાકનાં નામનો જ નિર્દેશ કરી સંતોષ માનીશું.

| | | | |
|---|---|---|---|
| ૧. | મહીપતરામ નીલકંઠ | | ૧૮૧૯ થી ૧૮૯૧ |
| ૨. | મણિશંકર કિકાણી | | ૧૮૨૨ થી ૧૮૮૪ |
| ૩. | ભોળાનાથ સારાભાઇ | | ૧૮૨૨ થી ૧૮૮૬ |
| ૪. | ગોપાળ હરિદેશમુખ | | ૧૮૨૩ થી ૧૮૯૨ |
| ૫. | રણછોડદાસ છોટાલાલ | શ્રી. | ૧૮૨૩ થી |
| ૬. | નવલરામ પંડયા | | ૧૮૩૬ થી ૧૮૮૮ |
| ૭. | રણછોડભાઇ ઉદયરામ | | ૧૮૩૭ થી ૧૯૨૩ |
| ૮. | લાલશંકર ઉમિયાશંકર | | ૧૮૪૫ થી ૧૯૧૨ |
| ૯. | હરગોવિંદદાસ કાંટાવાળા | | ૧૮૪૯ થી ૧૯૩૦ |
| ૧૦. | નૃસિંહાચાર્યજી | | ૧૮૫૩ થી ૧૮૯૭ |
| ૧૧. | કેશવલાલ મોતીલાલ | | ૧૮૫૩ થી ૧૯૦૭ |
| ૧૨. | મન:સુખરામ સૂર્યરામ ત્રિપાઠી | | ૧૮૫૫ થી ૧૯૦૭ |
| ૧૩. | બહેરામજી મલબારી | | ૧૮૫૮ થી ~~૧૮૯૨~~ ૧૯૧૨ |

એ સધળાંઓએ ગુજરાતના સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક કે સાંસ્કૃતિક ધ્યેયને પોતપોતાની શક્તિ મુજબ પરિપોષવા અથાગ પ્રયત્નો કર્યા હતા. આ નામાવલિને રખે કોઇ સંપૂર્ણ ગણી લેવા હામ ભીડે.

આ ઉપરાંત એ સુધારણાયુગમાં લોકવર્ગને કેળવવા માટે નીચે જણાવેલાં વૃત્તપત્રોએ નોંધપાત્ર ભાગ ભજવ્યો હતો.

| | | | |
|---|---|---|---|
| ૧. | "ડાંડિયો" | શરૂઆત ૧-૯-૧૮૬૪ | મુંબઇ |
| ૨. | "બુધ્ધિપ્રકાશ" | શરૂઆત સને ૧૮૫૫ | અમદાવાદ |
| 3. | "વિજ્ઞાનવિલાસ" | | જુનાગઢ |
| ૪. | "સૌરાષ્ટ્ર દર્પણ | | જુનાગઢ |

અને વિદ્યાપ્રચાર તેમજ જનતાને જાગૃત કરવા માટે નીચે જણાવેલી સંસ્થાઓએ કંઇ ઓછો ભાગ ભજવ્યો નહતો:-

| | | |
|---|---|---|
| ૧. | પુસ્તકવૃધ્ધિ કરનાર મંડળી | અમદાવાદ |
| ૨. | વિદ્યાભ્યાસક મંડળ | અમદાવાદ |
| 3. | "બાલજ્ઞાનોદય" | જુનાગઢ |
| ૪. | "સુપથ પ્રવર્તક મંડળ | જુનાગઢ |
| ૫. | બાળજ્ઞાનોદય, | જુનાગઢ |
| ૬. | સુબોધ પ્રકાશ ડિબેઇટિંગ સોસાયટી | પોરબંદર |
| ૭. | મનોરંજક સભા | જામનગર |
| ૮. | પ્રજાસમાજ | સુરત અને ભરૂચ |

ધાર્મિક ક્ષેત્રે શ્રી સહજાનંદ સ્વામીએ મેળવેલી સિધ્ધિ બાદ વર્ષો પછી વેદધર્મ/ટંકારી દયાનંદ સરસ્વતી [ઇ.સ. ૧૮૨૪–૧૮૮૩] અને થિયોસોફીના સ્થાપક મેડમ બ્લેવેસ્ટકી અને કર્નલ ઓલકોટ, તથા એનીબીસેંટે ભારતમાં ધર્મસંસ્કરણનો નવો યુગ પ્રવર્તાવ્યો હતો. સ્વામીશ્રી દયાનંદે "આર્યસમાજ"ની અને બ્લેવેસ્ટકીએ થિયોસોફીની સ્થાપના કરી હતી. શરૂઆતનાં બેચાર વર્ષ બંનેનું જોડાણ ચાલુ રહ્યું હતું અને એક દૃષ્ટિ, એક ધોરણ અને એક મંડળ જેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. પરંતુ વિચારોમાં મતભેદ થતાં બંને જુદા પડયાં હતાં. ભોળાનાથ સારાભાઇએ "પ્રાર્થનાસમાજ"ની શરૂઆત કરી હતી. ત્યાર બાદ મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ સાંસ્કારિક ક્ષેત્રે દેખા દીધી. અને નર્મદે આરંભેલી તેમજ અધૂરી રહેલી સંરક્ષક પ્રવૃત્તિને અપનાવી લઇ જૂના વિચારના સુધારકનો પાઠ તેમણે ભજવ્યો. તેમણે બે માસિકો પ્રગટાવ્યાં હતાં: એક "પ્રિયંવદા" અને બીજું "સુદર્શન". પંદરેક વર્ષ સુધી નવી દૃષ્ટિ અને નવા જુવાળનાં દર્શન કરાવ્યાં હતાં. પરિણામ એ આવ્યું કે તેમણે જીવનભર પ્રાર્થના સમાજના એકેશ્વરવાદી રમણભાઇ નીલકંઠ સાથે જાહેરક્ષેત્રે તેમજ વિવેચન ક્ષેત્રે ઊહાપોહાત્મક ચર્ચા–વિચારણામાં ઊતરવું પડયું હતું. અને સંરક્ષક પત્રની બોલબાલા કરવા યથાશકિત પ્રયત્ન કરવા પડયા હતા. ઇ.સ. ૧૮૯૮ માં તેમનો ઓચિંતો સ્વર્ગવાસ થતાં એ પ્રવૃત્તિ બંધ પડી હતી શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવે એ "સુદર્શન"ની ભસ્મમાંથી "વસંત" પ્રગટાવ્યું હતું, જે ત્રણ દાયકા સુધી ચાલુ રહ્યું હતું.

જન્મે જૈન વા. મો. શાહના સમગ્ર જીવનપુરુષાર્થને સમજવા માટે સંક્રાન્તિકાળ દરમ્યાન જૈન સમાજ અને જૈન ધર્મની પરિસ્થિતિનું પણ અહીં નિદર્શન ઉપકારક બની રહેશે ઇતિહાસની તવારીખ તપાસતાં માલૂમ પડે છે કે મહાવીરે સંસ્કારેલો જૈન ધર્મ અસલ તો પરાપૂર્વથી ચાલી આવેલી ધર્મરચના છે. તેના ચોવીસ તીર્થંકરો થઇ ગયા જેમાંના પ્રથમ તીર્થંકર ઋષભદેવ તો પ્રાગ્ ઐતિહાસિક કાળના હોઇ તેમનો સમયાવધિ શોધી શકાયો નથી. છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીના નિર્વાણને ૨૫૦૦ વર્ષ થઇ ગયાં છે. એ ધર્મ સંબંધી બારીક ગવેષણા કરવાનું અહીં અસ્થાને ગણાય, પરંતુ ટૂંકમાં કહીએ તો ઐતિહાસિક દૃષ્ટિએ જૈન ધર્મ બે વિભાગમાં વહેંચાઇ ગયો હતો – ૧, દિગંબર અને ૨, શ્વેતાંબર સૈકાઓથી આ બંને વિભાગો અલગ અલગ અસ્તિત્વ ધરાવી રહયા છે. તે દરેકમાંથી વળી બીજા બે ફાંટા પડયા છે. દિગમ્બરોમાં મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક તેમજ શ્વતામ્બરોમાં મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક – એવા ચાર ફાંટા પડયા હતા. તેમાંથી શ્વેતાંબર અમૂર્તિપૂજક એટલે સ્થાનકવાસી સમાજમાં વાડીલાલનો જન્મ થયો હતો.

એ સમાજને લગતો ઇતિહાસ સમજવા જેવો છે. પંદરમા સૈકામાં વીરનર લોંકાશાહ જેવા મહાપુરુષ ગુજરાતમાં થઇ ગયા, જેમનો ધંધો લહિયાનો હતો. સાધુઓ તેને આગમનાં સૂત્રોનાં પુસ્તકોની નકલ કરવા આપતા હતા. એ રીતે અનાયાસે જૈનોનાં બત્રીસ સૂત્રોની નકલો કરતાં તેનો તેમને સ્વાભાવિક રીતે અભ્યાસ થઇ ગયો એટલે સમજાયું કે તેમાં કયાંય મૂર્તિપૂજાનો

ઉલ્લેખ ન હતો. ત્યારથી પરંપરાવિરુધ્ધ તેમણે બળવો પોકાર્યો. તેના અનુસરનારાઓની સંખ્યા ઘણી મોટી હતી. એ લોંકાશાહને ગુજરાતના માર્ટિન લ્યુથર તરીકે ઓળખાવવામાં આવ્યા છે. તેમના અનુયાયીઓ સ્થાનકવાસી જૈન કહેવાય છે. જન્મે વાડીલાલ સ્થાનકવાસી જૈન હતા પરંતુ એમની દષ્ટિએ "જૈન" એટલે કોણ તે હવે પછીનાં પ્રકરણોમાં નિહાળીશું. પરંતુ એક વાત નોંધી લેવી આવશ્યક છે કે એ સ્થાનકવાસીઓ પણ વિવિધ ફિરકાઓ અને સંપ્રદાયો તેમ જ સંઘાડાઓમાં એ સમયે વહેંચાઇ ગયા હતા. એવાં પરિબળો વચ્ચે એ પત્રકાર વા. મો. શાહને સમાજસુધારણા તેમજ ધર્મસુધારણાનાં ક્ષેત્રે જીવનભર ઝઝૂમવું પડયું હતું.

## પૂર્વજો અને કુટુંબજાળ

વાડીલાલ મોતીલાલ શાહ વિશે સ્વ. કનૈયાલાલ મુનશીએ સાચું જ કહ્યું છે કે – "એઓ વા. મો. શાહના નામે પંકાતા હતા."[1] એમની વાત સવિસ્તર સ્વરૂપે જાણવા પહેલાં તેમના પૂર્વજો અને કુટુંબજાળ અંગેની હકીકત અંગે જાણી લેવું એ સંપૂર્ણ રીતે આવશ્યક ગણાય. એમના વડીલો મૂળ અમદાવાદના જ વતની હતા અને અમદાવાદની દશાશ્રીમાળી વણિકજ્ઞાતિના આગેવાન કુટુંબની કન્યાઓ તેમના ઘરમાં અપાઇ હતી. તેઓ શ્રીમંત હતાં અને ખેતીના ધંધાને તેમજ ધીરધારના વ્યવસાયને ખિલવવા માટે વિસલપુર જઇ રહયા હતા. એ નાનું સરખું ગામ એ સમયે પૂરતી જાહોજલાલીમાં આબાદ હતું. વા. મો. શાહના પિતામહ મનઃસુખરામ પ્રેમચંદ શ્રીમંત વ્યાપારી તરીકે એ સમયે જાણીતા હતા એટલું જ નહિ, પણ સાચા પ્રામાણિક પુરુષ તરીકે આસપાસના ગ્રામપ્રદેશમાં સુપ્રસિધ્ધ હતા. એંશી વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવવા તેઓ ભાગ્યશાળી થયા હતા. વા. મો. શાહે પોતે નોંધ્યું છે કે " આ લખનાર પર તેમનો ઘણો પ્રેમ હતો અને બાલ્યાવસ્થામાં તેને ઘણી રમૂજી અને ઉપદેશી ટૂંકી કથાઓ દર સાંજે સામાયિકમાં બેઠેલાં દાદાદાદી સંભળાવતાં હતાં, જે તેને અદ્યાપિ-પર્યંત ઉપયોગી થઇ પડે છે."[2]

---

૧. "સીધા ચઢાણ": પુસ્તક ૧: પૃ. ૮૮–૯૯

૨. "જૈન હિતેચ્છુ": સને ૧૯૧૩: ઑકટોબર : પૃ. ૪૯૩.

વા.મો.શાહના પિતા મોતીલાલ એ મન:સુખરામ પ્રેમચંદના ચાર પુત્રોમાં સૌથી નાના હતા. તેમનો જન્મ સને ૧૮૫૭ના એપ્રિલની ત્રીજી તારીખે વિસલપુર મુકામે થયો હતો. આધુનિક સમયમાં સહેજે પ્રાપ્ત થતી શાળાઓ તે સમયે અસ્તિત્વમાં ન હતી તેથી તેઓ માત્ર ખાનગી અભ્યાસ જ કરી શકયા હતા. એ ચાર ભાઈઓમાં સૌથી મોટાનું નામ હેમચંદ હતું. તે હિસાબી કામમાં પ્રવીણ હતા. તેમનાથી નાના ભાઈનું નામ મગનલાલ હતું, જેઓ જાહેર વ્યવહાર ચીવટપૂર્વક સંભાળતા હતા; અને કાયદાની બાબતમાં પ્રવીણતા ધરાવતા હોઈ જનસમૂહ સાથેના વ્યવહારમાં છાપ પાડી શકતા હતા. ત્રીજા નંબરના હતા દોલતરામ, જેમણે કોઈપણ ગુરુના માર્ગદર્શન વગર આપસૂઝથી ચિત્રકામમાં આગળ વધી સારી બાહોશી પ્રાપ્ત કરી હતી. પરંતુ સાહિત્ય અને ધર્મતત્ત્વના અભ્યાસનો શોખ તો સૌથી નાના મોતીલાલને જ વર્યો હતો. સાહિત્યનો પધ્ધતિસરનો અભ્યાસ થઈ શકે એટલા ખાતર ઈ.સ. ૧૮૭૬ માં અમદાવાદની ટ્રેઈનિંગ કોલેજમાં પ્રવેશ મેળવીને વિકાસ સાધવાના પ્રયાસો તેમણે જારી રાખ્યા હતા; પરંતુ દીર્ઘદર્શી કુદરતમાતા વિધાતાએ એવો ખેલ રચ્યો કે એ ભાઈઓને પંતીઆળા વેપારની વહેંચણી કરી લેવાની ઇચ્છા થઈ. એ કારણે વર્નાકયુલર કોલેજમાં તાજા જ પ્રવેશ પામેલા એ દુર્ભાગી મોતીલાલ*ને વ્યાપારની અટપટી જંજાળમાં જોડાઈ જવા માટે ઘેર પાછા ફરવાની ફરજ પડી. થોડો સમય એ વ્યાપારી રોજગારનો અનુભવ લીધા પછી મોતીલાલે સને ૧૮૭૮ માં ભાઈઓ વચ્ચે

વ્યાપારની વહેંચણી કરી લીધી અને એ વ્યાપારનો સઘળો બોજો અલગ રીતે મોતીલાલે પોતાને શિર લઇ લીધો. વ્યાપારી જંજાળમાં ખૂંપીજવા જેવી લગની તેઓ લગાડી શક્યા નહિ, કારણ કે એ સાહિત્યપ્રેમી જીવનું લક્ષ્ય તે દિશા તરફ બિલકુલ હતું નહિ. માટે જ વ્યવસાયી જીવનમાંથી કંઇક સ્વાતંત્ર્ય મળતાં જ જ્ઞાનમાં વધારો કરવાનો એમનો અસલનો શોખ બેવડી ગતથી આગળ ધપાવ્યો. કાયદાનો તથા વૈદકનો અભ્યાસ પણ ઘેર બેઠાં કર્યો અને તે જ સમયથી ગરીબોની દવા વિનામૂલ્ય કરવાનું શરૂ કરી દીધું, એમની એ દિશાની કામગીરીથી પ્રસન્ન થઇને તેમજ તેમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનથી આકર્ષાઇને તે સમયના ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેક્ટર ખાન-બહાદુર એદલજી ડોસાભાઇએ એમનાં કાયદાના જ્ઞાનની અજમાયેશ થઇ રહે અને તેઓ પ્રગતિ સાધી શકે તે માટે વકીલાત કરવાની સિફારસ કરી અને તે મતલબનું પ્રમાણપત્ર પણ આપ્યું હતું.

પોતાનો વ્યાપાર, વકીલાત અને વૈદકની કામગીરી એ ત્રણમાંથી એકપણ કાર્ય તરફ તેઓ વધુ લક્ષ આપી શક્યા નહિ; કારણ કે એ સમય દરમ્યાન સાહિત્યદેવીએ તેમના હૃદય તેમજ મન ઉપર પોતાની સત્તા જમાવી દીધી હતી. "રુક્મિણી હરણનો શલોકો" સાંભળીને મોતીલાલને પિંગળનો અભ્યાસ કરવાની સ્ફુરણા થઇ આવી એટલે થોડા જ અરસામાં તેમણે "ઓખાહરણનો શલોકો" રચી બતાવ્યો. એ શલોકો તો એટલી હદ સુધી લોકપ્રિય થવા પામ્યો કે આસપાસના ગ્રામ્યપ્રદેશના લોકો તેને કંઠાગ્ર કરીને

ગાઈ બતાવવામાં વર્ષો સુધી આનંદ અનુભવતા હતા. ઈ.સ.૧૮૭૯ માં સરસ્વતી દેવીને ચરણે પ્રથમ પુષ્પ અર્પણ કર્યા પછી "નેમવિવાહ", "રુક્મિણી હરણ" અને "લીલ હમીરની વાર્તા" ની રચના કરી હતી; પરંતુ કાળબળે આજે એ સઘળાં અપ્રાપ્ય છે. એવી કથાવાર્તાઓની રચનાના કાર્ય પરથી તેમનું મન કોઈ કારણે ઊઠી જવા પામ્યું અને "કાંઈક નવું" શોધવાની તાલાવેલી લાગી. ગુજરાતી ભાષાની સેવા બજાવવા નિમિત્તે તેમણે એક શબ્દકોશની રચના કરવાનું કાર્ય હાથ ધર્યું અને થોડા જ સમયમાં એ કામગીરીમાં પૂરેપૂરા ઓતપ્રોત થઈ જવા પામ્યા. કેટલાક વૈદક, કાયદો, જૈનધર્મ અને ગુજરાતીસાહિત્યના પુસ્તકોનો એમને સારો પરિચય થઈ શક્યો હતો. ઉપરાંત ખેડૂતો સાથેનો રોજબરોજનો ઘરોબો વધતો જ ચાલ્યો એટલે કવિ નર્મદે રચેલા "નર્મકોશ"માં વણસંગ્રહાયેલા શબ્દોની ખોટ પૂરવાનો પ્રયાસ કરવાનું એમને સૂઝી આવ્યું. ~~અને~~ એવા કોશની રચના કરીને "નર્મકોશ" ના શબ્દસંગ્રહમાં રહેલી ઊણપને પૂરવા માટે અવનવા વણસંગ્રહાયેલા શબ્દોની શોધમાં જ પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા. રોજિંદા જીવનની જંજાળમાંથી જે થોડોઘણો સમય મળતો તેમાં ઉપલબ્ધ શબ્દોની નોંધ તેઓ કરી લેતા, કોઈ કોઈવાર કાગળ ઉપર એ શબ્દોની નોંધ કરી લેતા અને સમયનો અભાવ હોય તો વાચન દરમ્યાન કે વાતચીત મારફત મળી રહેતા નવા શબ્દોની નોંધણી કરવામાં ખૂબ જ જંજાળ વચ્ચે ફાજલ પડતી થોડીઘણી મિનિટોના અવકાશનો ઉપયોગ કરી લેતા; ક્યારેક પાસે કાગળ ન હોય તો ખડી કે કોલસાની મદદથી દીવાલ પર લખી લેતા અને

સમય મળતાં નોટબુકમાં ઉતારી લેતા. એ પ્રકારની આઠ વર્ષની સતત કામગીરીનું પરિણામ એટલે "ગુજરાતી શબ્દાર્થ કોશ" ની રચના એ કોશની પ્રથમ આવૃત્તિ સને ૧૮૮૬ માં પ્રગટ થઇ, તે સમયે "ગુજરાત શાળાપત્ર" નું સંચાલન તથા સંપાદન ગુજરાતના આદ્યવિવેચક સદ્દગત્ નવલરામ લક્ષ્મીરામ પંડયા સંભાળી રહયા હતા. સદરહુ કોશની નકલ અવલોકનાર્થે તેમને મળતાં નીચેના શબ્દોમાં તેમણે એ યોજનાને બિરદાવી હતી: "બેશક, ભાઇ મોતીલાલે ઘણી ઉપયોગી મહેનત કરી છે અને એવા કેટલાક પરિશ્રમો થશે ત્યારે જ આપણી ભાષાના તમામ શબ્દોનો સંગ્રહ બરાબર થઇ શકશે. એમાંના ઘણા શબ્દો અમદાવાદ જિલ્લામાં અને શ્રાવકોમાં જ વપરાતા હશે, તો પણ એ કારણોને લીધે તો તેનો સંગ્રહ થવાની વિશેષ જરૂર રહે છે. કારણ કે આવા શબ્દો બીજા જિલ્લાની બીજી કોમના જાણવામાં હોય જ નહિ."[3] એ "ગુજરાતી શબ્દાર્થ કોશ"ની બીજી આવૃત્તિના પ્રકાશન માટેના પ્રયત્ન પાછળ ઇતિહાસ એ પ્રમાણે છે કે સદરહુ કોશની હસ્તલિખિત પ્રત "ડાયરેકટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રકશન" તરફ તપાસાવવા માટે મોકલતા તેઓ સાહેબે બુકકમિટી પાસે તે હસ્તલિખિત કોશને તપાસાવરાવીને પસંદ પડતાં તેની સો પ્રતોની ખરીદી માટેનો પ્રકાશન આગમચ આગોતરો ઑર્ડર આપ્યો હતો અને છપાઇને પ્રગટ થયા પછી બંને કેળવણીખાતાઓએ ઇનામ તથા લાયબ્રેરી માટે ખરીદવાની સિફારસ કરી હતી. પરિણામે બીજી આવૃત્તિની સઘળી નકલો ખપી જવાથી એ પુસ્તિકા વિરલ બની ગઇ હતી. વળી અમદાવાદની ગુજરાત વર્નાકયુલર સોસાયટી [હાલની ગુજરાત વિદ્યાસભા] એ પણ યોગ્ય મદદ કરી હતી.[૪]

---

૩. "ગુજરાત શાળાપત્ર": ૧૮૮૭, ઓકટોબર અંક

૪. "મોતીલાલ શાહ કૃત" જૈનકોશ"ની પ્રસ્તાવના રૂપ લખાયેલા અપ્રગટ "પ્રયોજન" માંથી

આજે એ વિરલ "કોશ" અપ્રાપ્ય બનવાથી વિસ્મૃતિની ગર્તામાં સરકી જવા પામ્યો છે એટલે સુધી કે ગુજરાતી કોશનો નિર્દેશ કરવા પૂરતું સૌ.જન્ય પણ બીજી પેઢીના વિવેચકો દાખવી શક્યા નથી ! "સાર્થ જોડણી કોશની" પ્રથમ આવૃત્તિ તૈયાર થઇ ત્યારે આ વિરલ બનેલા કોશની નકલ સંપાદકોના જોવામાં નહિ આવવાથી તેનો ઉલ્લેખ કરી શકાયો નથી. સંશોધક શ્રી ભોગીલાલ સાંડેસરાએ ગુજરાતી કોશસાહિત્યની વિવેચના "સંસ્કૃતિ" માસિકપત્રમાં પ્રગટ કરી[૫], ત્યારે મોતીલાલનો કોશ અપ્રાપ્ય બની ચૂકેલ હોઇ તેમને જોવા ન મળ્યો હોવાથી એમની સમાલોચના-માં એનો ઉલ્લેખ તેઓ કરી શક્યા નહોતા. તે અંગે અંગુલિનિર્દેશ કરીને શ્રી ત્રિભુવન વી. હેમાણીએ "સંસ્કૃતિ"માં જ[૬] એક ચર્ચાલેખ લખીને સૌ. કોઇનું,ખાસ કરીને શ્રી સાંડેસરાનું ધ્યાન તે તરફ ખેચ્યું હતું, જેને પરિણામે તેઓશ્રીએ તેમના લખાણને ગ્રંથાકાર આપતી વખતે મોતીલાલના કોશ માટે સ્પષ્ટ નોંધ લીધી હતી.[૭] એ ખરેખર પ્રશસ્ય છે.

સાહિત્ય ઉપરાંત ધર્મજ્ઞાનનો શોખ સૌ. પ્રથમ મોતીલાલને લગાડનાર દરિયાપુરી સ્થાનકવાસી જૈન સંપ્રદાયના મહાત્મા હીરાચંદજી મહારાજ હતા. "તેમના જેવા તેજસ્વી,ભવ્ય ચહેરાવાળા

---

૫. "સંસ્કૃતિ" : ઇ.સ. ૧૯૬૨ જાન્યુઆરી-ફેબ્રુઆરી અંક
૬. એજન : ઇ.સ. ૧૯૬૨ જૂન : પૃ. ૨૩૫-૩૬
૭. શ્રી ભોગીલાલ જ. સાંડેસરા કૃત "ઇતિહાસ અને સાહિત્ય": ઇ.સ. ૧૯૬૭ : પ્રથમ આવૃત્તિ : પૃ. ૬૬-૬૭.

ક્રિયાપાત્ર અને જ્ઞાનરસિક સાધુઓ સ્થાનકવાસી જૈન વર્ગમાં જવલ્લે જ મળે" એમ વા. મો. શાહે નોંધ્યા પછી લખ્યું છે કે "એ મહાત્માએ પોતાનો સઘળો ભંડાર મરહુમ મોતીલાલને બતાવ્યો હતો/અને તેમની પાસે બેસી શાસ્ત્રો વાંચવા વિચારવા, શાસ્ત્રોની નકલો કરવા અને ચર્ચા કરવામાં જ તેમનો ઘણો ખરો સમય જતો. મરહુમના હસ્તાક્ષર તેમના નામ પ્રમાણે "મોતીના દાણા" જેવા જ હતા અને શાસ્ત્રોની નકલ કરવામાં તેમના જેવી શુધ્ધતા જાળવનારા લહીયા આજે થોડા જ હશે."[8]

મોતીલાલમાં રહેલો વિદ્યાવિલાસનો ગુણ તેમને બીજીરીતે પણ ઉપયોગી તેમજ ઉપકારી થઇ પડયો હતો. વિસલપુરની લગોલગના પ્રદેશમાં થઇને વહેતી સાબરમતી નદીમાં એક સમયે જબરૂં પૂર આવવાથી આસપાસનાં બીજાં ઘણાં ગામો સાથે આ ગામ પણ તણાઇ જઇને પાયમાલ થઇ ગયું, એટલે મરહુમની જમીન, મિલકત ઉપરાણી વગેરે સર્વસ્વ નદીના પૂરે સર્જેલા પ્રલયનો ભોગ થઇ પડયું. એવા કપરા સમયે અગાઉ શોખ ખાતર અપનાવેલું જ્ઞાન તેમને કુટુંબ-પોષણના સાધન તરીકે અનેક રીતે ઉપયોગી થઇ પડયું. કારણ કે વિસલપુરથી એક જ માઇલ દૂર આવેલા કાસદ્રા ગામમાં નવી જ સ્થપાયેલી મ્યુનિસિપાલિટિના સેક્રેટરી તરીકેની કામગીરી ખા. બ. બમનજી એદલજી મોદીના આગ્રહથી સને ૧૮૯૧ માં મોતીલાલે સ્વીકારી લીધી. એમની ચીવટભરી કાર્યકુશળતા નીરખી સંતુષ્ટ

---

૮. "જૈન હિતેચ્છુ" : ૧૯૧૩ : ઓક્ટોબર : પૃ. ૪૯૫.

થયેલા તેમના ઉપરીઓ ખા.બ.મોદી અને રા.બ.મોતીલાલ ચુનિલાલે એમની પ્રામાણિકતા અને કાર્યદક્ષતા માટે પ્રશંસાપત્રો લખી આપ્યાં હતાં. ઉપરાંત કોઇ મોટા શહેરની મ્યુનિસિપાલિટિમાં સેક્રેટરી તરીકે વધુ પગારની નોકરી એમને મળે એવો નિમણૂકપત્ર પણ આપ્યો હતો, પરંતુ કુટુંબીજનોના આગ્રહને વશ થઇને મોતીલાલ એ નિમણૂક સ્વીકારી શકયા નહોતા.[૯]

ત્યારબાદ મોતીલાલે "સદુપદેશમાળા" શીર્ષક એક નીતિવર્ધક પુસ્તક લખ્યું હતું. જેમાં સત્ય, શિયળ, કરકસર, સત્સંગ, અને ધર્મપુરીમાં લઇ જવાનું ભાથું આદિ વિષયોનું નિરૂપણ કરતી બાર જેટલી નીતિ-વિષયક રસીલી વાર્તાઓનો સમાવેશ થતો હતો. આ પુસ્તકના વાંચન બાદ તે સમયના જાહેર વિચારકો અને પત્રકારોમાં તેમના માટે સન્માનની લાગણી ઉદ્ભવી હતી તે એટલે સુધી કે વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજીએ પ્રગટાવેલા "ગુજરાતી ગ્રંથકારો અને ગ્રંથો" શીર્ષકવાળા એક સંદર્ભ ગ્રંથમાં લખ્યું હતું કે "મિ.મોતીલાલનાં પુસ્તકો સ્વતંત્ર અને પ્રસાદગુણવાળાં છે."

સદ્ગત્ વાડીલાલે એમના અભ્યાસકાળ દરમ્યાન ખાનગી ટયુશનો દ્વારા થતી આમદાનીને પરિણામે મોતીલાલને સમગ્ર કુટુંબસહિત અમદાવાદમાં બોલાવી લીધા ત્યાં સુધી તેઓ

---

૯. પ્રસ્તુત લેખમાં મોતીલાલ અંગેની સઘળી વિરલ હકીકત વા.મો.શાહે "જૈન હિતેચ્છુ"ના ૧૯૩૩ના ઓકટોબર માસમાં પ્રગટાવેલા "મોતીલાલ મનસુખરામ સ્મારક અંક"માંથી લેવામાં આવી છે.

વિસલપુર અને કાસદ્રામાં જ રહયા હતા. અમદાવાદમાં સ્થિર થયા બાદ શ્રી મોતીલાલે જુદાજુદા ધર્મોના ગ્રંથો અને પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ આરંભ્યો અને "પ્રાણી હિંસા અને પ્રાણીખોરાક નિષેધક" પુસ્તક લખ્યું જેને માટે યોગ્ય પ્રસ્તાવના લખીને વાડીલાલે તેને પ્રસિધ્ધ કર્યું હતું. કેટલાક પારસી તેમજ મુસલમાન ભાઇઓએ એ પુસ્તકના વાચનબાદ માંસાહારનો ત્યાગ કર્યો હતો એ મતલબના પત્રો મોતીલાલને મળ્યા હતા. આ હકીકત પુસ્તકની ઉપયોગિતા પૂરવાર કરવાને પૂરતી ગણાય. આ પુસ્તકની બે આવૃત્તિઓ પ્રસિધ્ધ થઇ ચૂકી હતી અને મૃત્યુશૈયા પરથી મોતીલાલે વાડીલાલને ફરમાવ્યું હતું કે "એ પુસ્તકની ૫૦૦ નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવું."

વાડીલાલે જ્યારે "જૈન હિતેચ્છુ" નામનું માસિકપત્ર પ્રગટ કરવાની અભિલાષા મોતીલાલ પાસે વ્યકત કરી ત્યારે એટલી નાની વયે તંત્રી તરીકેની કામગીરીનો ભાર પોતાનો પુત્ર ન ઉપાડે એટલા ખાતર પોતે અધિપતિ બન્યા હતા અને તે પત્રના લખાણોનો ધર્મ તેમજ શાસ્ત્રોને લગતો વિભાગ સંભાળવાની જવાબ-દારી તેમણે લીધી હતી, જ્યારે વાડીલાલે સાહિત્ય, સમાજશાસ્ત્ર, ધર્મસુધારણા અને કેળવણી જેવા વિભાગોનું સંપાદન હાથ ધર્યું હતું. આઠેક વર્ષ પછી એ પત્રના તંત્રવાહનની સઘળી કામગીરી વાડીલાલે સફળતાથી સંભાળી લીધી હતી ત્યારે પણ ધાર્મિક જ્ઞાનને લગતાં લખાણો અને શાસ્ત્રોની કથાઓ તો તેમણે જ લખવાનું ચાલુ રાખ્યું હતું. વાડીલાલને જ્યારે માનહાનિના ખટલામાં બે માસની આસાન

કેદની સજા થઇ ત્યારે વળી પાછું એ પત્રનું સંપાદન એમણે સંભાળ્યું હતું. આ સઘળા સમય દરમ્યાન "બૃહદ જૈનકોષ" ના સંશોધન અને સંપાદનની કામગીરીમાં તેઓ લાગી રહયા હતા.

મોતીલાલ પહેલી ઓગસ્ટ ૧૯૧૩ ને દિવસે સ્વર્ગે સિધાવ્યા ત્યારે વાડીલાલને ફરમાવી ગયા હતા કે "જૈનહિતેચ્છુ" ને કોઇપણ સંજોગોમાં બંધ કરવું નહિ. એમની એ અંતિમ મહેચ્છાને સંપૂર્ણ કરવા માટે વાડીલાલે ઘણા કષ્ટોનો સામનો કરવો પડયો હતો. મોતીલાલે તેમની પાછળ પાંચ પુત્રો અને બે પૌત્રો હયાત મૂકયા હતા. મોતીલાલના મોટાપુત્ર વાડીલાલનો પરિચય તો આ મહાનિબંધનો વિષય છે. બીજા પુત્ર પોપટલાલ બુકસેલરનો વ્યવસાય સંભાળતા હતા. તા. ૨૮-૩-૧૯૧૪ના રોજ ૨૮ વર્ષની યુવાન વયે તેમનું મૃત્યુ થયું હતું. તેમની વિદ્યમાન પુત્રી હાલ અમદાવાદમાં રહે છે. તેના લગ્ન મોતીલાલના ત્રીજા પુત્ર શકરાભાઈના પત્ની વિજ્યાબહેને કરાવ્યા હતા, પોપટલાલે અંત સમયે એવી ઇચ્છા વ્યકત કરી હતી કે તેમની પાછળ રડવાકૂટવાનું સદંતર બંધ રાખવું. ઘણા સમયથી સમાજમાં પ્રવર્તી રહેલા આ કુરિવાજને તોડવાના ગુન્હા બદલ વાડીલાલને સંખ્યાબંધ સંબંધીઓ તરફથી અપમાન પહોંચાડવામાં આવ્યું હતું અને ભ્રાતૃવિરહમાં દુ:ખી એવા એમના દુ:ખમાં ઔર વધારો કરવામાં આવ્યો હતો. પરિણામે વાડીલાલે તેમના આખા કુટુંબને અમદાવાદથી મુંબઇ બોલાવી લીધું હતું.[૧૦] ત્રીજા

---

૧૦. "જૈન હિતેચ્છુ" : ૧૯૧૪: એપ્રિલ : પૃ. ૨૭૦-૨૭૧.

પુત્ર શકરાભાઈ "જૈન હિતેચ્છુ" ના તથા વાડીલાલના અન્ય સઘળાં પુસ્તકોના પ્રકાશક તથા ટેકનોલોજિકલ સ્પિનર હતા. તેમનાં પત્ની વિજ્યાબ્હેન નિઃસંતાન હોઈ હાલ ઘાટકોપરમાં રહે છે. ચોથા પુત્ર મંગળદાસ સપરિવાર અમદાવાદમાં રહેતા હતા, જેઓ વા. મો. શાહના સ્વર્ગવાસ પછી ક્ષય રોગની બિમારીથી મૃત્યુ પામ્યા હતા. પાંચમા પુત્ર ચંદુલાલ વાડીલાલના સ્વર્ગવાસ પછી ઓચિંતા રેલ્વે અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. તેમનાં પત્ની કસ્તુરબહેન ઘાટકોપરમાં રહેતાં હતાં તે આ મહાનિબંધ લખાઈ રહયો છે ત્યારે ૧૯૭૬ ના એપ્રિલમાસમાં દેવગત થયાં છે.

વાડીલાલને કુલ છ ભાઈ હતા અને પોતે સાતમા; બહેન તો એકે ય ન હતી. પરંતુ એમના બે ભાઈઓ નાનપણમાંજ મરણશરણ થયા હતા. તેમાંના એક જેસંગભાઈ સંવત ૧૯૫૮, ઓકટોબર ૧૯૦૨ ના રોજ ફકત અઢાર વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયા હતા, જ્યારે બીજા ભાઈ વિશેની માહિતી ઉપલબ્ધ નથી.

મોતીલાલના સ્વર્ગવાસ નિમિત્તે સમગ્ર સ્થાનકવાસી જૈન સમાજના સમજુ વર્ગે વિવિધ પ્રકારની અંજલિઓ ગદ્યમાં અને પદ્યમાં આપી હતી. દિલસોજીના ઘણા પત્રો મળ્યા હતા, જેમાં સ્થાનક-વાસી મુનિરત્નોના પત્રો ખાસ ધ્યાન ખેંચે તેવા આજે પણ લાગે છે. એ સમય એવો હતો કે સ્થાનકવાસી જૈન સાધુઓથી પત્રો લખાય નહિ એવી રુઢિ પ્રચલિત હતી; એ પ્રણાલિકાનો ભંગ કરીને

શતાવધાની મુનિ શ્રી રત્નચંદ્રજી, પંડિત કવિવર્ય મુનિશ્રી નાનચંદ્રજી, મુનિશ્રી "સદાનંદજી", -છોટાલલાજી, મુનિશ્રી મૂળચંદજી ઉપાધ્યાય, મુનિશ્રી આત્મારામજી અને મુનિશ્રી અમોલખ ઋષિજી જેવાઓએ દિલાસાપત્રો લખ્યા હતા.[11] એમની વિદાયની નોંધ લઈને જૈન પત્રો તો અંજલિ આપે એ સ્વાભાવિક ગણાય, પરંતુ "બોમ્બે ક્રોનિકલ" "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા", "ગુજરાતી", "ગુજરાતી પંચ" અને "પ્રજાબંધુ" જેવા રાષ્ટ્રવાદી દૈનિક તેમજ સાપ્તાહિક પત્રોએ પણ સદ્‌ગતે કરેલી બેનમૂન સેવા અંગે/ઉચ્ચ કક્ષાની તારીફ કરવાની તક ઝડપી લીધી હતી. કેટલીક અંજલિઓનો ઉતારો પરિશિષ્ટ :૧: માં આપવામાં આવ્યો છે. સાથોસાથ એ સદ્‌ગત શ્રી મોતીલાલની સાહિત્યસેવાને પણ ઉડતી નજરે નિરખી લઈએ.

૧. "<u>બારવ્રત</u>" [૧૯૦૪] – પિતાપુત્રની બેલડીની આ સંયુક્ત રચના છે. જૈનોના બારવ્રતનો અસલ પાઠ અને તેના અર્થ શુધ્ધ સ્વરૂપે સમજાવ્યા છે; એટલે એ વિષયના સઘળા પુસ્તકોમાં મોખરે રહી શકે તેવા પુસ્તકોમાંનું આ એક ગણાય. તેની સાત હજાર પ્રતોનો પ્રચાર વિનામૂલ્ય કરવામાં આવ્યો હતો, પરંતુ વખત જતાં તે વિરલ બની ગયું એટલે વિવેચકોને માટે તે અપ્રાપ્ય થવા પામ્યું તેથી પ્રા.શ્રી હરિવલ્લભ ભાયાણીએ સને ૧૯૩૦ ની આસપાસના અરસામાં "જૈન પ્રકાશ" નામના સાપ્તાહિકમાં બારવ્રતને લગતાં પ્રગટ થયેલાં પુસ્તકોની

---

૧૧. જૈન હિતેચ્છુ : ૧૯૧૩, ઓક્ટોબર, નવેમ્બરના અંક

સવિસ્તર નોંધ આપી હતી તેમાં તેનો ઉલ્લેખ થઇ શકયો નહોતો. એ બારવ્રત પર વધારાનું સ્પષ્ટીકરણ એ પિતાપુત્રે સને ૧૯૦૮ થી ૧૯૧૦ ના "જૈન હિતેચ્છુ" ના અંકોમાં વિસ્તારપૂર્વક કરેલું છે. જરૂર પડી ત્યાં કુસુમરાય અને નંદકુમાર નામના બે મિત્રો વચ્ચે થતા સંવાદ રૂપે રજૂ કરીને સ્પષ્ટ અર્થ સમજાવવાનો પ્રયત્ન તેમણે કર્યો છે.

૨. <u>શ્રાવકની આલોયણા</u> – ગુજરાતી તથા બાળબોધ લિપિમાં અલગ આવૃત્તિઓ
૩. <u>રામરસ</u> : સને ૧૯૧૭ માં મુનિશ્રી કેશવરાજજીએ રચેલા આ અદ્ભુત સાહિત્યગ્રંથનું સંશોધનાત્મક પ્રકાશન.
૪. <u>જૈન શાસ્ત્રમાળા</u> : ભાગ પહેલો અને બીજો
૫. <u>"બૃહદ જૈન કોશ</u> " અપ્રગટ
૬. <u>ગુજરાતી શબ્દાર્થ કોશ</u> પ્રગટ ૧૮૮૬ અને ૧૮૮૮
૭. <u>સદુપદેશ માળા</u> – બોધદાયક રસિક કથાઓ.
૮. <u>"પ્રાણિહિંસા અને પ્રાણીખોરાક નિષેધક.</u>
૯. <u>મોતી કાવ્ય</u> ભાગ ૧ લો પ્રગટ ૧૯૧૧

સામાન્ય માનવી પણ સમજી શકે એવું મોતીલાલનું તત્ત્વજ્ઞાનથી ભરેલું એક નાનકડું કાવ્ય કે એમની કાવ્યશકિત સમજવા પૂરતું નીચે રજૂ કર્યું છે:

ગયા રાવ રાણા અને રાયજાદા,
મુઆ શૂરવીરો મૂકી કુળ–માઝા;
જવું આપણે એમ નકકી જ ધારો,
તમે ધૈર્યતાથી સ્વધર્મી સુધારો.[12]

---

૧૨. "મોતી કાવ્ય" : ધનાઢયનો ધર્મ : પૃ. ૧૩.

શિતકાળ અથવા શિયાળો

શિયાળામાં શોખથી, કરે વસાણા પાક;
માત્રાઓ વિધવિધ કરે, કૈંક કરે છે ખાખ.
શરીર રક્ષણ કારણે, ભક્ષણ અન્ય અનેક;
રક્ષણ નહિ નિજ આત્માનું, એ મૂર્ખામી છેક.
શરીરને બહુ પોષતાં, ઇન્દ્રિયો મજબૂત;
"મન" રૂપી જે ઘોડલો, કરે આત્મની લૂંટ.
તન મારૂં નહિ જાણવું, આત્મન્ તારો જાણ;
કાયા વાડી કારમી, સંધ્યા કેરો વાન.
ભાડે લીધી ઓરડી, ટૂંક મુદતને માટ;
શણગારી શા કામની, કરી ઘણેરો ઠાઠ ?
વજ્ર તુલ્ય કાયા કરી, વજ્ર નું બખ્તર પેર;
પેઠયે વજ્ર, ની ઓરડી, મટે ન કાળનું વેર.
માટે મારા વીર ! તું, સમજી થા હોંશિયાર;
પોષણ કર નિજ આત્મનું ધર્મ કરી શ્રીકાર.
માત્રાઓ મ્હાજ્ઞાનની, ખા પ્રીતિપ્રતિદિન;
પાક પ્રભુજી ધ્યાનનો, ખા ખાંતે થૈ લીન.
ભસ્મો વ્રત પચખાણની, સ્નેહ ધરી સ્વીકાર; [13]
સમય ભલો શિતકાળનો, મોતીમનમાં ધાર.

---

૧૩. "અંજન" : "શિતકાળ અથવા શિયાળો" : પૃ. ૨૫.

## : જીવન ઘડતર :

વિસલપુરમાં સને ૧૮૭૭ માં સાબરમતી નદીમાં આવેલા પ્રચંડ પૂરે તારાજી ફેલાવી દીધી હતી એવી કટોકટીના સમયે વા.મો.શાહનો જન્મ સને ૧૮૭૮ ના જુલાઈની અગિયારમી તારીખે તેમના મોસાળ વિરમગામમાં થયો હતો. ફક્ત કટોકટીના હિસાબે એમનો બાળઉછેર તો મોસાળમાં જ થવાનું ચાલુ રહયું હતું. પરિણામે ગુજરાતી છ ધોરણનો અભ્યાસ પૂરો કર્યા પછી પાંચ ધોરણ સુધીનો અંગ્રેજી અભ્યાસ પણ વિરમગામમાં જ થયો હતો. તેથી એમના બાલ્યકાળ દરમ્યાન માત્ર થોડોક સમય જ એમને પોતાના પિતાશ્રી સાથે રહેવાનો લાભ મળ્યો હતો. અંગ્રેજી પાંચ ધોરણ પૂરાં કર્યા બાદ આગળના અભ્યાસ માટે માત્ર ૧૪ વર્ષની નાની ઉંમરે વાડીલાલ અમદાવાદ જઈ રહયા અને ત્યાં ખાનગી ટયૂશનોમાંથી કરાતી આમદાની વડે પોતાનું ગુજરાન ચલાવી રહયા. એ સમયે અમદાવાદ-માં "ન્યુ હાઈસ્કૂલ" પૂર્ણ જાહોજલાલીમાં હતી. ત્યાં એમણે પોતાનો અભ્યાસ શરૂ કર્યો પછી એમણે પોતાના વ્યક્તિત્વ અને આવડત તેમજ આપસૂઝથી અન્ય વિદ્યાર્થીઓ પર એવી તો સજ્જડ છાપ પાડી કે છઠ્ઠા તેમજ સાતમા ધોરણના કેટલાયે વિદ્યાર્થીઓ તેમની પાસે ખાનગી ટયુશન લેવા આવવા લાગ્યા હતા. એ વિદ્યાર્થીઓમાં ડૉ.હરિપ્રસાદ વ્રજરાજ દેસાઈ તથા પ્રો.જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ હતા એવું શ્રી ત્રિભુવન વી.હેમાણીને અમદાવાદ મધ્યે સને ૧૯૩૩ માં વા.મો.શાહની બીજી સંવત્સરીના ટાંકણે સદ્દગત રામનારાયણ પાઠકના પ્રમુખપદે મળેલી સભા વખતે એ સજ્જનો-એ ગૌરવપૂર્વક કહયું હતું.

આમ વિદ્યાપ્રાપ્તિની સાથોસાથ અર્થપ્રાપ્તિનો જોગ મળી જતાં યુવક વાડીલાલે તેનાં માતાપિતાને તેમના બાપદાદાના મૂળવતન જેવા અમદાવાદમાં બોલાવી લીધાં હતાં. ભવિષ્યમાં વાડીલાલે આપસૂઝ તેમજ આપમહેનત જેવા ઉચ્ચ ગુણોને અપનાવી લઇને જીવનવિકાસ સાધવા માટે પ્રયાણ આદર્યું હતું અને વખત જતાં સફળતાને વર્યાં હતા. ઉલ્લેખનીય વાત તો એ છે કે વિરમગામના તેના શિક્ષાગુરુઓએ તેમજ મામલતદારે મોતીલાલ તરફ એક ખાનગી ભલામણપત્ર લખીને જણાવ્યું હતું કે - "આ છોકરાને આગળ ભણાવવામાં ગમે તેટલું કષ્ટ પડે તે સહન કરી લેવા અમારી ભલામણ છે.[1]

યુવાન વાડીલાલના જીવનઘડતરનાં આંતરિક તત્ત્વોને ઉજાળવાનું માન તેમનાં દાદીમા અને માતાપિતાને ફાળે જાય છે એ બાબતનું સ્પષ્ટીકરણ કરતાં તેમણે પોતે જ લખ્યું છે કે "જ્ઞાનનો મને થોડોઘણો પણ શોખ લાગ્યો હોય તો તે આત્મબળથી પ્રાપ્ત કરનારા પૂજ્ય વડીલશ્રીનું અનુકરણ કરવાની ઇચ્છાને આભારી છે. બલકે એ એમનો જ પ્રતાપ છે, મારાં એ માતુશ્રી તેમજ પિતામહી જે બંને માત્ર દશેક વર્ષ ઉપર સ્વર્ગવાસી થયાં છે, તેમના હૃદયની વિશાળતા અને તેમની ઉપકાર વૃત્તિને પણ આજનો "હું" થોડો ઓશિંગણ નથી, લેશ પણ અતિશયોક્તિ વગર હું કહેવાની રજા લઇશ કે તે બે આર્યાઓતુલ્ય સરળ પ્રકૃતિ, વિશાળ હૃદય, માયાળુ સ્વભાવ, પરોપકારવૃત્તિ અને હસમુખું છતાં ગંભીર વદન હું આજસુધી

---

૧. "મોતીકાવ્ય": ભાગ પહેલો ૧૯૧૧ : પૃ. ૬

કોઇ આર્ય કુટુંબમાં જોવા પામ્યો નથી. એ બંને દેવીઓ દુશ્મન પ્રત્યે પણ પરોપકારનો પ્રવાહ વહેવડાવતી. અમીના સાગર તુલ્ય તે માતાઓના અભણ શબ્દકોષમાં દ્વેષ, વૈર, દુર્ભાવના કે કઠોર વચન લખાયું જ ન હોતું. દૈવી શક્તિઓ ! તમારા અમૃતઝરતાં પ્રેમી મુખડાંનું દર્શન કરવાનું સુભાગ્ય હવે ક્યારે પ્રાપ્ત થશે ? તમે દેવલોકમાંથી પણ અમને જુઓ છો, સન્માર્ગ સૂચવો છો, એ જાણવા હું કેટલો ઈંતેજાર છું.[2]" એ જ બાબતને અનુલક્ષીને વા. મો. શાહે અન્ય સ્થળે પણ તેમનાં એ દાદીમા અને માતુશ્રીને આ રીતે બિરદાવ્યાં છે: "આ પ્રસંગે આ જીવનરેખા લખનાર પોતાનાં સ્વર્ગસ્થ દાદીમા અને માતુશ્રીના પવિત્ર સ્મરણને જતું કરી શકે તેમ નથી. તે બે પરોપકારી મૂર્તિઓ ! દુશ્મનને પણ આશીર્વાદ વરસાવનારી – પારકા માટે મરી પડનારી – સરળ નિષ્કપટી મહેનતુ દેવીઓ ! કયા શબ્દોમાં એમના ગુણો અને ઉપકારો આ ક્ષુદ્ર લેખક વર્ણવી શકે ? જાહોજલાલીના દિવસો વીતી ગયા બાદ લેશ પણ બડબડાટ કર્યા સિવાય દરેક સ્થિતિને અનુકૂળ થઇ જઇ સંતુષ્ટ રહેવાની કળા અને પ્રથમ જેવા જ ઉદાર ભાવ જાળવી રાખવાની કળા ખરેખર એમની જ હતી. આજે સેંકડો સ્ત્રીપુરુષો એમનાં નામને તારીફ કરી યાદ કરે છે. હા, માત્ર નામ જ યાદ કરવાનું હવે રહ્યું છે; તે માતા, તે દાદી, તે પિતા, તે વિદ્યાલક્ષ્મી અને દયા માતાઓનાં નિવાસ સ્થાન, – સર્વ ચાલ્યુ ગયું છે; હવે તો તેમના સ્મરણ માત્રથી સંતોષ લેવાનું અને તેમની અંત વખતની આજ્ઞાઓનું પાલન કરવાની શક્તિ યાચવાનું રહ્યું છે."[3]

---

૨. "મોતી કાવ્ય": ભાગ પહેલો : ઇ.સ. ૧૯૧૧ : પૃ. ૭.

3. "જૈન હિતેચ્છુ": ૧૯૧૩ : ઑક્ટોબર : પૃ. ૪૯૯

અભ્યાસમાં આગળ વધતા યુવક વાડીલાલ મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરીને ગુજરાત કોલેજના પ્રથમ વર્ષમાં દાખલ થયા ત્યાર પહેલાં ધાર્મિક સંસ્કારની છાપ તો છેક નાની ઉંમરથી તેમને મળતી રહી હતી. તેમના પિતા મોતીલાલે તેમને ધાર્મિક અભ્યાસ તરફ વાળી લીધા હતા અને છેક નાનપણથી સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ જેવી ક્રિયાઓમાં રસ લેતા કર્યા હતા. અંગ્રેજી અભ્યાસ આગળ વધતાં તેમને અંગ્રેજી લેખકોનાં પુસ્તકો વાંચવામાં રસ પડવા લાગ્યો અને શાળા-કોલેજનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત અન્ય ઉપયોગી ગ્રંથોનું વાચન તેઓ કરવા લાગ્યા હતા. સૌથી પ્રથમ તો આંગ્લ નિબંધકાર એડિસનથી તેમજ "ધ સિટિઝન ઓફ ધ વર્લ્ડ" [The citizen of the world'] ના લેખક ગોલ્ડસ્મિથથી પ્રભાવિત થયા હતા – તે એટલે સુધી કે એ આંગ્લ લેખકોની શૈલીને અપનાવી લઇને તેવીજ શૈલીમાં "યુવક" નામનું તખલ્લુસ ધારણ કરીને "સાંસારિક, નૈતિક, ધાર્મિક વિષયોની પત્રમાળા" નો સમાવેશ કરનારાં "મધુમક્ષિકા" નામના પુસ્તકનો પ્રથમ ખંડ તેમણે સને ૧૮૯૪ ની આસપાસના અરસામાં એટલે માત્ર સોળ વર્ષની યુવાનવયે રચ્યો હતો અને તેમના પિતાએ સને ૧૮૯૯ માં એને પ્રગટ કર્યો હતો. બીજે વર્ષે તેની બીજી આવૃત્તિ પણ પ્રગટાવી હતી.

પોતાને માતાપિતા તરફથી વારસામાં મળેલા ધાર્મિક સંસ્કારોના પ્રભાવે યુવક વાડીલાલ જૈન સાધુસંતોની મુલાકાત લેવાના પ્રસંગો યોજતા હતા. તેમના કોલેજજીવન દરમ્યાન એવા

એક મુનિવરનો એમને સમાગમ થયો હતો. એ મુલાકાત સમયે એ સંતના વ્યકિતત્વથી વાડીલાલ ખૂબ જ પ્રભાવિત થવા પામ્યા હતા. શ્રી ત્રિભુવન હેમાણીએ તેનું બયાન રજૂ કરતાં કહયું છે કે "એ મુનિવરના હ્દયમાં સમાજમાં ઘર કરી રહેલાં અંધેર તેમજ સંકુચિત મનોવૃત્તિ માટે ઊંડો ખોફ ઝળહળી રહયો હતો. જ્યાં જ્યાં તેઓ વિચરતા ત્યાં ત્યાં તેમના હ્દયમાં જલી રહેલી આગ બળબળતા શબ્દો દ્વારા યુવકો સમક્ષ રજૂ કરતા અને સમાજનું દળદર ફિટાવવાના વિવિધ રસ્તાઓ તરફ અંગુલિનિર્દેશ કરતા. એ સંતપુરુષે મૂછનો દોરો પણ હજુ જેને ફૂટયો નહોતો એવા યુવાન વાડીલાલને પોતાના દિલમાં ધખી રહેલી ધગશનું દર્શન કરાવ્યું. એ મહાપુરુષ તે ખંભાત સંપ્રદાયના મુનિવર શ્રી છગનલાલજી મહારાજ. તે સાધુવરની વાણીના પ્રવાહને યુવાન વાડીલાલ શાંત ચિત્તે ઝીલી રહયા, પરંતુ એ મુનિશ્રીથી છૂટા પડતાં તેના હ્દયમાં અનેક પ્રકારના તરંગોનું દારૂણ યુધ્ધ મચી રહયું. પરિણામ એ આવ્યું કે તે સમયથીજ વાડીલાલને તેના જીવનમંત્રની સાચી પ્રેરણા મળી ગઇ એટલે જૈનસમાજમાં ઉદાર-ચિત્ત વિચારોનો ફેલાવો કરવાના ઉચ્ચ આશયથી એક માસિકપત્ર પ્રગટાવવાની તેમણે મન સાથે ગાંઠ વાળી દીધી. થોડા દિવસ કેમ કરવું અને શું કરવું તેની મથામણ ચાલી; છેવટે એમના પિતા પાસે એકાદ માસિકપત્ર પ્રસિધ્ધ કરવા માટેની પરવાનગી માગવાની તેમણે હિંમત કરી. પ્રિવિયસમાં અભ્યાસ કરતો પુત્ર અભ્યાસ કરતાં કરતાં જાહેર જીવનમાં સક્રિય ભાગ લેતે તેમના વડીલને રુચ્યું નહિ.

પરંતુ પુત્રની મનોકામનાને પૂર્ણ કરવા માટે એવા પત્રના તંત્રી બનવાનું એ પિતાએ પોતે જ સ્વીકાર્યું. એ રીતે "જૈન હિતેચ્છુ" માસિકપત્રનો જન્મ સને ૧૮૯૯ ના એપ્રિલ માસમાં થયો.[૪]

"મધુમક્ષિકા" વાંચતાં સમજી શકાય છે કે સોળ વર્ષની યુવાન વયે વાડીલાલ એડિસન, ગોલ્ડસ્મિથ તથા એવા બીજા લેખકોની અસર નીચે આવ્યા હતા, જેમાં થિયોસોફીને લગતાં પુસ્તકો પણ હતાં એવું "મધુમક્ષિકા"ની પ્રસ્તાવના કહી રહી છે. એ સમયે મણિલાલ નભુભાઇ દ્વિવેદીની બોલબાલા ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે પ્રવર્તતી હતી અને તેઓ "થિયોસોફી"ની વિવિધ પ્રરુપણાથી પ્રભાવિત થયા હતા. વાડીલાલ પણ મ.ન. દ્વિવેદીના "સુદર્શન" માંનાં લખાણોની પ્રભાવભરી અસર નીચે આવ્યા હતા અને થિયોસોફી તરફ આકર્ષાયા હતા – તે એટલે સુધી કે "મધુમક્ષિકા" ની અર્પણપત્રિકામાં એ થિયોસોફીના એક સિધ્ધાંતનું અવતરણ પણ એમણે રજૂ કર્યું હતું. એ આકર્ષણનું પરિણામ એટલી હદ સુધીનું હતું કે પત્રકારના તખતા પર નાચવાની શરૂઆત કર્યા પછી પહેલા જ દસકા દરમ્યાન વાડીલાલ એ થિયોસોફીના સિધ્ધાંતો હિતાવહ છે એમ સમજીને "જૈન હિતેચ્છુ"માં તેમને પ્રગટાવવાની પહેલ કરી હતી. "જૈન" શબ્દની સંકુચિત વ્યાખ્યા તેમને માન્ય નહોતી એટલે જૈન ધર્મના સિધ્ધાંતોને અનુરુપ હોય એવી વાતો કોઇ પણ ધર્મનાં પુસ્તકોમાં મળી આવે તો તેને સ્પર્શી રહેવામાં તેઓ "આભડછેટ" માનતા નહોતા એ નીચેનાં લખાણોનું વાંચન પૂરવાર કરી આપે છે :

---

૪. શ્રી ત્રિભુવન હેમાણી–સંપાદિત "વા. મો. શાહનું રાજકારણ" ૧૯૬૧: પ્રથમ આવૃત્તિ પૃ. ૫–૬

૧. "વિચારશક્તિ": જૈનહિતેચ્છુ, ૧૯૦૮ જુલાઈ: પૃ.૧૩૬-૧૪૫

૨. "મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં": જૈ. હિ. ૧૯૦૮ ઑગષ્ટ : પૃ. ૧૬૬-૧૮૫,

૩. "શક્તિનું સ્થળ": એજન, ૧૯૦૮ સપ્ટેમ્બર: પૃ. ૨૧૪-૨૨૨

૪. "પુનર્જન્મ" : જૈ. હિ: ૧૯૧૨, એપ્રિલ-મે. પૃ. ૧-૧૯

૫. "મહાન ગુરુના ચરણારવિંદમાં" શ્રી કૃષ્ણમૂર્તિના "એટ ધ ફીટ ઑફ ધ માસ્ટર" નું ભાષાંતર : જૈ. હિ. ૧૯૧૧, જાન્યુઆરી: ૧-૩૨

૬. "આધ્યાત્મિક જીવનનો સરળમાર્ગ" : એજન, પૃ. ૨૫-૩૨


એટલું પણ ખરું છે કે કવિ નર્મદ અને દુર્ગારામ મહેતાજીની જીવનપ્રણાલિથી તેમજ સાહિત્યથી તેઓ તે સમયે પરિચિત થવા પામ્યા હતા, તેને લગતા ઉલ્લેખ "મધુમક્ષિકા"માં જોવા મળે છે. [પૃ. ૬૯-૭૦] ફક્ત સોળ વર્ષની ઉંમરનો યુવક કેવું વાચન કરતો હતો તે "મધુમક્ષિકા" માં મૂકેલાં કાવ્યો અને અવતરણો ઉપરથી સમજી શકાય છે -

૧. "ખબર નહીં આ જગમેં પલકી રે" અને 'જોબનનો જોર ભયો રે' :૨: એસે દેવ, એસે સેવચરણ ચિત્તલાવ"- [પૃ. ૧૪ અને ૧૬ ઉપર ઉતારેલાં આ ૧૪ લીટીના વિસ્તારવાળા બે જુદાં જુદાં કાવ્યના રચનારનું નામ આપ્યું નથી, પણ વાડીલાલે નોંધ્યું છે કે બહાર રસ્તા પર ફરવા નીકળતાં નદીના તટ પર સારંગીના સૂર સાથે મિત્રતા બાંધેલો સાદ સંભળાયો હતો. તે સમયે નોંધી લીધેલાં એ કાવ્યો છે.]

૨. લેખકના નામ વગરના એક ખૂબ સુંદર ફકરાનું અવતરણ [પૃ. ૨૯] આપ્યું છે.

૩. રેવરન્ડ રાન કેનેડી રચિત અંગ્રેજી પદ્યની નવ પંક્તિઓ [પૃ. ૪૭] પુસ્તકનું નામ આપ્યું નથી.

૪. "મધુમક્ષિકા"ના દ્વિતીય ખંડના પદ્ય ૧૭ માં પાંચ સમવાયનો ઉલ્લેખ છે. [પૃ. ૪૬] એ દ્વિતીય ખંડ આજ સુધી અપ્રગટ રહેવા પામ્યો છે.

૫. Education અને Instruction ની વ્યાખ્યાઓ આપીને તેનો તફાવત સમજાવ્યો છે. [પૃ. ૫૦]

૬. કવિ બોટાદકરની ગઝલ ઉતારી છે જેમાં "વિરક્તિમાં જ શાંતિ છે" એવું સમજાવ્યું છે. [પૃ. ૫૩-૫૪]

૭. "વેદકાળ સમયે સમાજમાં સ્ત્રીઓનું સ્થાન" કેવું હતું અને હાલ ક્યાં સુધી નીચું ઉતર્યું છે તે સમજાવવા માટેની નોંધ [પૃ. ૬૭થી ૭૩.]

૮. ઉદ્યમ અને ત્રેવડ અંગેનો ૧૨ પંક્તિમાં દોહરો લખ્યો છે, જેમાં લેખકનું નામ આપ્યું નથી [પૃ. ૯૦]

૯. "સ્ત્રીની નિધર્મ" "ભામિનીભૂષણ", "સતીમંડળ", "ગૃહિણી-કર્તવ્યદીપિકા" નો ઉલ્લેખ [પૃ. ૧૦૩]

૧૦. "સાહિત્ય-સંગીત-કલાવિહીન............"એ ભર્તૃહરિના શ્લોક પર વિવરણ [પૃ. ૧૦૪]

૧૧. બીજાં ત્રણ કાવ્યો [પૃ.૧૦૭- ૧૦૮] ઉપર મૂક્યાં છે, પણ તેને રચનારના નામનો ઉલ્લેખ નથી, અલબત્ત ત્રીજું તો છે.

બોટાદકરનું જેની છેલ્લી પંક્તિ આ પ્રમાણે છે
" પ્રતીતિ પ્રેમની કરવા, નથી અધિકાર આદરને".[5]......

૧૨. એ સમયે વાડીલાલને નાટકો જોવાનો શોખ સારો હોય એવું જણાય છે, કારણ કે "ઉમાદેવડી" નાટકમાંથી [પૃ. ૧૧૧], "સતી સંયુક્તા" માંથી [પૃ. ૧૨૨], "રામચરિત્ર" માંથી [પૃ. ૧૨૫], "સતીપાર્વતી" અને "રસિકખયાલ" માંથી [પૃ. ૧૪૧], તથા "નર્મદા" [પૃ. ૧૪૩] માંથી વિવિધ ગાયનો અપાયેલા છે. તે ઉપરાંત બીજા ચારેક ગાયનો છે, પણ તેનો આધાર આપ્યો નથી.

૧૩. પ્રેમાનંદકૃત "ઓખાહરણ" [પૃ. ૧૨૭-૧૨૮]

અહીં ઉલ્લેખ થઇ ગયો છે તે પહેલાંના એટલે કે વાડીલાલના અઢારેક વર્ષ પહેલાના તેમજ પાછળના વર્ષોના જીવનઘડતરના આ ઉપરાંત કોઇ ઇશારા ઉપલબ્ધ નથી. પરંતુ લેખકજીવન દરમ્યાન એમણે એટલું બધું સાહિત્ય રચ્યું હતું અને તેમાંનો મોટો ભાગ "આત્મલક્ષી સાહિત્ય"ના પ્રકારનો હતો તેથી તે સઘળાં લખાણો એક સાથે રજૂ કરવામાં આવે તો તેની આત્મકથાની ગરજ સહેજે સારી રહે તેવાં છે. એવા તો સંખ્યાબંધ લખાણો છે જેમાંથી પસંદ કરીને જરૂરી એવા ફકરા તેના આધાર સાથે રજૂ કરી તેમના જીવન-ઘડતરની વાતને સમજાવી દેવાનું ધાર્યું છે એટલે એ વિચારક વાડીલાલને જ એમની વાત કહેવા દઇએ:

---

૫. સ્વ. કવિ દામોદરદાસ ખુશાલદાસ બોટાદકરનું એ કાવ્ય એ સમયે "બુધ્ધિપ્રકાશ"માં પ્રગટ થયું હતું, જેને પાછળથી સને ૧૯૨૮ માં એ કવિના કાવ્યસંગ્રહ "કલ્લોલિની"માં પૃ. ૮૪ ઉપર સંગ્રહી લેવામાં આવ્યું છે. [સને.૧૯૨૮: બીજી આવૃત્તિ.]

"મારો જન્મ એક જૈન કુટુંબમાં થયો હતો, એટલે યુરોપિયન, અમેરિકન, જાપાનીસ, હિંદી, બ્રાહ્મણ, વણિક, ક્ષત્રિય પૈકીની એક કોમમાંના માણસની માફક હું એક જૈન નામક કોમમાં જન્મથી ગણાવા લાગ્યો. જોકે નવ વર્ષની ઉંમર સુધી "હું જૈન છું" એની પણ મને ખબર નહોતી, પરંતુ દશમા વર્ષે મને એક સાધુએ જૈનોના નવકાર મંત્ર, સામાયિક, પ્રતિક્રમણ, કેટલાક સ્તવનો વગેરે જિહ્વાગ્ર કરાવ્યું હતું અને ત્યારથી "હું એક જૈન છું" એવું કહેતા શીખ્યો હતો. એ વખતે જૈન થવામાં કંઇ ખાસ આનંદ કે લાભ છે એમ હું જાણતો નહોતો. મારા શરીર ઉપર, મારા મન ઉપર, મારા આનંદ ઉપર, મારા જીવન ઉપર જૈનની કોઇ ખાસ અસર પડી નહોતી. એ સ્થિતિ સત્તર વર્ષની ઉંમર સુધી રહી અને અઢારમે વર્ષે મેં બુધ્ધિવિષયક પુસ્તકો સ્વતંત્રપણે વાંચવાનું શરૂ કર્યું ત્યારે મને જૈન એટલે શું અને જૈન થવાથી શું ખાસ લાભ છે એ વિચારોમાં ઉતરવાનું મન થયું.

મેં જૈનોના આધુનિક ગ્રંથો વાંચવા માંડયા, તે પર તર્ક ઉપજાવવા શરૂ કર્યા અને જૈન સાધુઓનો સહવાસ વધારી તેમના સ્વભાવ, તેમનાં વર્તન, તેમની ક્રિયાઓ વગેરેનો અનુભવ લેવા માંડયો પરિણામ એ આવ્યું કે મને જૈન કોમમાં રહેવા તરફ કંટાળો આવ્યો. જૈન રહેવામાં મને કંઇ લાભ કે આનંદ બેમાંનું એકકે જણાયું નહિ. મેં જૈનોના લોકવ્યવહાર મુજબ ઉપાશ્રયમાં જવાનું, સાધુને પગે લાગવાનું,

દીક્ષા-સ્વામીવત્સલ આદિ ઉત્સવોમાં હાજરી આપવાનું તથા "સંઘ"ના કામકાજમાં ભાગ લેવાનું છોડી દીધું. ટૂંકામાં જૈન કુટુંબમાં જન્મ થવાને લીધે લોકો મને જૈન કહેતા, પણ હું પોતાને જૈન કહેવડાવવા ખુશી નહોતો.

દિવસો, મહિનાઓ અને વર્ષો વહેવા લાગ્યાં. બાવીસમે વર્ષે ઉચ્ચ ઈંગ્લીશ શિક્ષણે મારી બુધ્ધિને તીવ્ર બનાવી અને દરેક બાબતમાં ઊંડા ઊતરવાની ઇચ્છા મારામાં ઉત્પન્ન કરી. અનાયાસે જૈન ફિલસૂફીના કેટલાક ગ્રંથો મારા વાંચવામાં આવ્યા અને તેના ઊંડાણમાં ઊતરવા-મનન કરવા હું પ્રેરાયો. નીતિના ગ્રંથો અને પાશ્ચાત્ય ફિલસૂફીનાં પુસ્તકો વાંચતાં જે શંકાઓ મારા મગજમાં ઉત્પન્ન થઈ હતી તેનો ખુલાસો આ જૈન ફિલસૂફીની કેટલીક બાબતોથી આપોઆપ થવા લાગ્યો. છદ્મસ્થ દશાથી શરૂ કરી સર્વજ્ઞ કેવલી સુધીની દશા વચ્ચેની સાંકળ પરથી હું ઉન્નતિક્રમનો કાયદો [Law of Evolution] સમજ્યો એટલે મને આ જન્મનો આશય અને કર્તવ્ય સમજાવા લાગ્યાં. પૂર્વજન્મનો સિધ્ધાંત, કર્મનો સિધ્ધાંત, જડ તથા ચેતનની શકિત અને ખૂબીઓ, અનેક દૃષ્ટિબિંદુઓથી દરેક બાબત પર વિચાર કરાવનાર નયનિક્ષેપની યોજના, દેખીતા ઔદારિક [સ્થૂલ] દેહ ઉપરાંત અને તેથી વધુ અગત્યનાં તૈજસ્ કાર્મણ આદિ દેહોનું અસ્તિત્વ અને બંધારણ, મનુષ્ય શરીરનું વિશ્વ સ્વરૂપ સાથે મળતાપણું, સૂક્ષ્મ દેહોના રંગોનું સ્વરૂપ અને તેમનાથી ભજવાતો અગત્યનો ભાગ : આવી બાબતોએ મારા મન પર સચોટ

અસર કરી. હું જાણે કે અંધારામાંથી એકાએક અજવાળામાં આવતો હોઉં એમ મને લાગ્યું. જિંદગીના દરેક બનાવનું કારણ શોધી કહાડવું અશક્ય નથી એમ આ સર્વ નવા મળેલા જ્ઞાન પરથી હવે મને સમજાયું. મારી અંદરનું છૂપું "કંઇક" હવે મને બુધ્ધિગમ્ય થવા લાગ્યું.

જે જ્ઞાનથી મારા ચક્ષુમાં પ્રકાશ થયો, નહિ સમજાઇ શકે એવી બાબતોનો જે જ્ઞાન વડે હવે હું ભેદ પામવા લાગ્યો, એ જ્ઞાન પર હું મોહી પડું એમાં શું આશ્ચર્ય ? ટૂંકમાં આ કબૂલાત સ્વત: કહેતાં મને કંઇ પણ શરમ આવતી નથી કે "જૈન" કહેવડાવવામાં શરમ માનનારો હું હવે પોતે જ "જૈન" છું એમ છાતી ઠોકીને કહેવા લાગ્યો અને બીજાઓને જૈન શિક્ષણ આપવાને ઉમંગી બન્યો.

તથાપિ મારો એ આનંદ અને ઉત્સાહ ચિરસ્થાયી નહતો. જ્ઞાનની નવીનતાએ ઉત્પન્ન કરેલો આનંદ ચિરસ્થાયી કેમ હોઇ શકે ? શું થોડાએક સિધ્ધાંતોનું રહસ્ય સમજવા માત્રથી ચિરસ્થાયી આનંદ પ્રાપ્ત થઇ શકે ? એમ જ હોત તો હરકોઇ માણસ એકાદ બે વર્ષ જ્ઞાન મેળવી સુખી થઇ જાત.

દિવસો વ્યતીત થવા લાગ્યા અને જ્ઞાનની નવીનતા ઘટતી ગઇ, તેમ તેમ મારો આનંદ પણ ઓછો થવા લાગ્યો. જીવન અને આનંદ એ જો પર્યાયવાચક શબ્દો હોયતો સિધ્ધાંતોના જ્ઞાનમાત્ર–

માંથી મળતી લહેજતથી "જીવન" કેમ બની શકે ? પુનઃ મને જિંદગી બોજા રૂપ લાગવા માંડી, પુનઃ હું "જીવન" અને "આનંદ" રહિત બની દિવસો નિર્ગમવા લાગ્યો.

આ શુષ્ક દશા સુમારે બે વર્ષ સુધી ચાલી. એક દિવસ હું આમ થવાનું કારણ વિચારતો, ડાબો હાથ કપાળે મૂકી બેઠો હતો અને જૈન તત્ત્વજ્ઞાન પણ કંઇ ખરો આનંદ આપી શકતું નથી એવા નિશ્ચય પર આવવાની તૈયારીમાં હતો એવામાં મારી દૃષ્ટિ મારા બદનની ડાબી બાયનું બટન કે જે મારી આંખની સામે જ હતું તેના ઉપર સ્થિર થઇ. એ બટન મેં બે વર્ષ ઉપર ખરીદ્યું હતું. મારી સ્થિતિ મધ્યમ હોવાથી મેં તે બટન સુવર્ણનું નહિ પણ સુવર્ણના "ગિલિટ"વાળું – હલકી ધાતુનું બનાવેલું ખરીદ્યું હતું. હમણાં તેના ઉપર દૃષ્ટિ સ્થિર થતાં મને જણાયું કે તે હવે શોભારહિત, પ્રકાશ–રહિત નિર્માલ્ય જેવું દેખાય છે.

હવે મને લાગ્યું કે ઉપરનો ભાગ પ્રકાશિત કરવાથી કંઇ દહાડો વળતો નથી; માત્ર મગજને જ્ઞાનથી ભરવાથી ચિરસ્થાયી આનંદ કે પ્રકાશની આશા રાખી શકાય જ નહિ. "હું" આખો પ્રકાશિત બનું, મારું હૃદય અને મારું વર્તન સુવર્ણમય બને તોજ જિંદગી "જીવનમય" અને "આનંદમય" લાગે. મને હવે સમજાયું કે સુવર્ણ મોંઘું જ છે અને તે ગરીબો માટે નથી; "આનંદ" અને "જીવન" જેટલાં આકર્ષક છે તેટલાં જ મોંઘી કિંમતે મળે તેવાં છે. દુઃખને અટકાવવા

ઇચ્છનારે દુઃખ ભોગવવા – શ્રમ ઉઠાવવા તૈયાર થવું જ જોઇએ.

આ ઉપરથી મેં જૈનજીવન ગાળવાનો નિશ્ચય કર્યો; બીજા શબ્દોમાં કહું તો જૈન તત્ત્વજ્ઞાનને ચારિત્ર્ય રૂપે વ્યવહારમાં મૂકવાનો નિશ્ચય કર્યો. જે બાર વ્રતોનું રહસ્ય સમજવાથી હું તેની પ્રશંસા હમેશ કરતો હતો તે વ્રતોના પાલનનો મેં ઠરાવ કર્યો.

અને ખરેખર મારી મુશ્કેલીઓ હવે જ શરૂ થઇ. મદ્ય-માંસ તો નહિ પણ બીડી, ભાંગ આદિ પદાર્થો આજ દિવસ સુધી મને લહેજત આપતા હતા તેમને છોડયા સિવાય વ્રતોનું પાલન થઇ શકે તેમ નહોતું. રાત્રિભોજન અને પચવા મુશ્કેલ થઇ પડે તેવા ખોરાક તથા તીખા-તમતમતા પદાર્થોનો શોખ છોડયા વિના વ્રતોનું પાલન થઇ શકે તેમ નહોતું. નાટક, તમાશા, હસામશ્કરી, ગામગપાટા, મોહક દેખાવો, ફેશનની ફિશિયારીઓ, ગલગલિયાં કરે તેવી નવલ-કથાઓ અને કાવ્યો, અત્યંત ધાંધલ સિવાય ચાલી ન શકે એવી પ્રવૃત્તિઓ અને એવા રોજગાર : એ સર્વના ત્યાગ સિવાય વ્રતોનું પાલન થઇ શકે તેમ ન હતું. ટૂંકમાં મારું આખું જીવન બદલી નાખવું જોઇએ, મારે નવો જન્મ શરૂ કરવાની પેઠે એકડે એકથી ગણવું જોઇએ એમ મને લાગ્યું. ખરેખર આ કામ ઘણું કઠિન હતું, પણ એકડો ઘૂંટયા સિવાય કંઇ ગણિતશાસ્ત્રી થવાય તેમ હતું નહિ, તેથી મેં હિંમતથી પ્રારંભ કર્યો.

THE M. S. UNIVERSITY OF BARODA ... MEHTA LIBRARY



જેઓને આ ચીજોના ત્યાગની મુશ્કેલીઓનો અનુભવ હશે તેઓ જ માત્ર મારી અગવડો, વચ્ચે વચ્ચે આવતી નાસીપાસીઓ અને મુશ્કેલીઓનો ખ્યાલ કરી શકશે.

પરંતુ મનોનિગ્રહ સંબંધી આવી મુશ્કેલીઓથી જ મારું દુઃખ પૂરું થયું નહોતું. લોકોની સાથે બહુ મળવા – હળવાનું છોડી દેવાથી મારા સંબંધીઓ મને "અતડો", "એકલપેટો", "ચક્રમ" કહેવા લાગ્યા. ફેશનને છેડા છૂટકો દેવાની સાથે કુટુંબીજનો મારાથી અસંતુષ્ટ થતા જણાયા. "માયા ગાળું" કથન અથવા "મુખમંગળીઆપણું" છોડી અમિશ્ર સત્ય કહેવાની રીતનું પરિણામ શ્રીમંતો, આગેવાનો, સાધુનામધારીઓ વગેરેના મારા વિરુધ્ધના પોકારમાં આવ્યું.

જૈનતત્ત્વજ્ઞાનની પ્રાપ્તિએ મને પ્રારંભમાં જ આનંદ આપવા માંડયો હતો, પણ જૈન જિંદગી તો શરૂથી જ કષ્ટદાયક અથવા અસહ્ય થઇ પડી !

તથાપિ, એ કષ્ટ કાંઇ પૂરતું નહોતું ! અગાઉ મેળવેલા જ્ઞાને વળી આ કષ્ટમાં પુરણી કરી ! પૂર્વ જન્મોનો ખ્યાલ આવવાથી, દરેક જન્મના મન-વચન-કાયાના શસ્ત્ર હિંસક કાર્યમાં પ્રવર્તાવવાને પરિણામે આત્માના દરેક પ્રદેશ અંધકારથી છવાઇ ગયા બાબતનું ભાન થઇ આવવાથી, અને આ જિંદગી અનિશ્ચિત હોવાની ખાત્રી થયેલી હોવાથી, હવે હું દરેક મિનિટ, દરેક પાઇ, દરેક પગલું

ગુમાવી દેવા પહેલાં હજાર વિચારો કરવા લાગ્યો. દેવાદાર તથા ભિખારીને ઉડાઉ થવું કેમ પાલવે ? તેમ અનિશ્ચિત જિંદગી-વાળા મનુષ્યને પૂર્વ કર્મો રૂપી મ્હોટું દેવું વાળવાનું હોવા છતાં હાથમાંની સમયરૂપી લક્ષ્મી, દ્રવ્યરૂપી લક્ષ્મી શરીરબળ રૂપી લક્ષ્મી. વિચારબળ રૂપી લક્ષ્મી: એ સર્વનો ઉડાઉપણે અને વગરવિચાર્યે વ્યય કેમ થઇ શકે ? આથી હું દુનિયાને નાની દેખાતી બાબતમાં પણ ઊંડા વિચારમાં ગૂંગળાઇ જવા લાગ્યો ! ખરેખર <u>ખરું જ્ઞાન એ મહાભારત જોખમદારી ઉત્પન્ન કરે છે</u>. દરેક કામ કરતી વખતે મારે પૂર્વ કર્મોનું, હાલના દેશકાળનું <u>ભવિષ્યના</u> પરિણામનું : એ સર્વ બાબતોનું ચિંતવન કરવું પડતું. આ શરીર એ જ "હું" નથી, તેમજ આ શરીર એ આજે મ્હારું એકનું એક શરીર નથી, અને વર્તમાન એ કંઇ એકનો એક સમય નથી, તથા ભિન્ન દેખાતા જીવો અને હું વચ્ચે નિશ્ચયથી કંઇ ભિન્નભાવ નથી : આ બધા સિધ્ધાંતોના સ્મરણે મને ઘણો જ મિતવ્યયી, સાદો અને સરળ થવાની ફરજ પાડી તથા જેમ બને તેમ સઘળી શકિતઓનો વ્યય બીજાઓની ઉત્ક્રાંતિ કે સુખ માટે કરવાની પ્રેરણા કરી. આથી મારું બિચારું [એટલે શ્રેણિએ નહિ પહોંચેલું] કુટુંબ મારાથી વિશેષ ચિડાયું અને અસંતોષ બતાવવા લાગ્યું.

આ પ્રમાણે એક તરફથી કુટુંબીજનો, પિછાનવાળાઓ, જ્ઞાતિ અને સંઘના અગ્રેસરો, ધર્મગુરૂઓ વગેરે સર્વ કોઇ મારી સામે થયા, ત્યારે બીજી તરફથી મારી આંખ આગળ જૈન તત્ત્વજ્ઞાને રજૂ કરેલા

વિશાળ જ્ઞાન અને જોખમદારીઓની ભુલભુલામણીમાં ઘણી વાર ઘુંચાઇ પડવાથી પણ હું હેરાન થવા લાગ્યો.

ખરેખર હવે જ મને જૈન થવામાં રહેલા કષ્ટોનો સાક્ષાત્કાર થયો ! જેને ખરા અર્થમાં જૈન કહી શકાય તેવા મનુષ્યની નજર બીજા મનુષ્યો કરતાં ઘણી આગળ પહોંચે છે. નીતિનું તેનું ધોરણ વર્તમાનને અવલંબીને નહિ પણ ભવિષ્યને અવલંબીને બનેલું હોય છે. વર્તમાનના રસ્તા તેને માટે પૂરતા હોતા નથી. કારણ કે <u>આજે</u> તે એવું કાંઇક મેળવવા પ્રયત્ન કરે છે, કે જે દુનિયાના બીજા લોકો કદાચ <u>કાલે</u> મેળવશે. એક જૈન આજે એવું વર્તન ચલાવવા કોશિશ કરે છે, કે જે વર્તન દુનિયાની સમજમાં <u>કાલે</u> ઉતરશે અને જે વર્તન અંગીકાર કરવાનું દુનિયાને માટે <u>પરમદિવસે</u> શક્ય થશે. જૈનના વિચારો દૃષ્ટિબિંદુઓ અને રસ્તાઓ જેમ જેમ વધારે આગળ વધતા થતા જાય છે તેમ તેમ તે દુનિયાના લોકોના વિચારો દૃષ્ટિબિંદુઓ રસ્તાઓ, રિવાજો વગેરેથી જુદા પડવું, દુનિયાના માણસના કાનૂનની ધૂસરીમાંથી છૂટા થવું, ધારાધોરણના બાવલા આગળ શિર ઝુકાવવાની ના કહેવી: એ શું દુનિયાને મન ઓછો ગુન્હો ગણાય ? એવાઓને સખતમાં સખત સજા કેવી રીતે પહોંચાડવી તે કામ દુનિયા સારી રીતે જાણે છે[૨] !

---

૨. "જૈન હિતેચ્છુ" : ૧૯૧૪ : જાન્યુઆરી, પૃ. ૮૦-૮૫ ઉપર "જૈન બનવાથી ઊભી થતી મુશ્કેલીઓ" શીર્ષક "સમર્થ ~~ઉમર~~ ધર્મમાં" તખલ્લુસ નીચે પ્રગટાવેલા લેખમાંથી આ લાંબુ અવતરણ લીધું છે. વા. મો. શાહના જીવન ઘડતરની આંટીઘૂંટીઓને વધુ સૂક્ષ્મતાથી સમજવા ઇચ્છનારે એ સમગ્ર લેખ વાંચવો અત્યંત જરૂરી છે.

વા. મો. શાહની પોતાની વાણીમાં રજૂ થતી એમના જીવન-ઘડતરની સૂક્ષ્મ પ્રેરણાદાયક વાતો તાઝગીનો અનુભવ કરાવે તેવી છે. વાડીલાલનેવરેલી કેટલીક કુટેવોનો એમણે પોતે એકરાર કર્યો છે તે ઉલ્લેખનીય છે. આ રહ્યો તે :-

"હું જ્યારે તારા જેવો શંકા વગરનો જવાન હતો, ત્યારે મને એમ શીખવવામાં આવ્યું હતું કે આત્મા જ સર્વ કંઇ છે, જડ શરીર દરકાર કરવા જોગ ચીજ નથી. શરીર નાશવંત છે અને આત્મા અમર છે. નાશવંતના ભોગે નાશરહિતની ખિલવટ કરવી એજ "ખાનદાની" છે.

એ શિક્ષણ પર હમણાં હું ટીકા નહિ કરું. મેં તે શિક્ષણ મારી દરેક શિરામાં અને લોહીના દરેક બિંદુમાં ઉતાર્યું હતું. શરીરની મેં દરકાર છોડી હતી. અઢાર અઢાર અને વીસ વીસ કલાક સુધી કામ કરવાનું મેં વર્ષો સુધી ચાલુ રાખ્યું હતું; અને એક વખત તો એક જ આસને એકી સાથે ૭૨ કલાક કામ કરી મેં આત્માની શક્તિ પૂરવાર કરવાનો મૂર્ખ અખતરો પણ કર્યો હતો ![3] ગમે તે ચીજ અને ગમે તે સમયે ખાઇને હું ચલાવી લેતો, નિદ્રાને મારવામાં ગર્વ લેતો,

---

3. સરખાવો – એમનાજ શબ્દોમાં કહેવાયેલી એની એ વાત: "આ લખનારને એક વખત પુસ્તક લખવાનું તાન ચડયું ત્યારે ૪૮ કલાક એક જગ્યાએ બેઠાં બેઠાં લખીને પૂરું કર્યું ત્યાં સુધી લખવા સિવાય અને શ્વાસ લીધા સિવાય બીજી કોઇ ક્રિયાની તેને જરૂર જણાઇ નહોતી. "જૈ. હિ.: ૧૯૦૬ જુલાઇ: પૃ. ૧૦૩.

દરદ તરફ બેદરકારી બતાવવામાં આત્મિક બાનદાની સમજતો, કોઇ પણ દિવસ કોઇપણ જાતની અંગકસરત કરવાની મેં લેશમાત્ર દરકાર કરી નહોતી. વાણીનો કેટલો બેહદ વ્યય થાય છે, મગજનો કેટલો ઉડાઉ ઉપયોગ થાય છે તે વિચારવાની મેં કદાપિ દરકાર કરી નહોતી. "આહ, એ બધું જડ છે !" એવું કહી હું હસી કાઢતો.

પણ દરેક ચીજનો પડછાયો પડે છે. દરેક કાર્યની સાચી અસર થાય છે.

મને ધીમે ધીમે અશક્તિ જણાવા લાગી. બુધ્ધિ અને કલ્પના-શક્તિ પુષ્ટ થઇ હોવાથી તેઓ વધારે વેગથી ઊડવા લાગી, અને શરીર વધારે પાછળ પડવા લાગ્યું. એ વખતે મેં મારી આસપાસના લોકો તરફ જોયું. લોકોએ પોતાની માનીતી દેવી ચા અને બીડીની ઉપાસના કરવા મને સલાહ આપી. એ બને ચીજો તાત્કાલિક ઉત્તેજના આપનાર હોઇ નિઃશંકપણે મેં પ્રથમ એકની અને પછી બીજીની ઉપાસના શરૂ કરી. ધીમેધીમે એ પિશાચિનીઓનો હું ગુલામ બન્યો....... ચાના અતિપરિચયે ઊંઘનો નાશ, ભૂખનો નાશ, ઇન્દ્રિયશિથિલતા, ચિડિયાપણું, સહજ સહજમાં થાક અને બિનજરૂરી ભયભીતપણું ઉત્પન્ન કર્યું.

અને એજ વખતે બીડીની મને ભલામણ થઇ ! જે મિત્રોએ મને એ બલા પહેલ-પ્રથમ આગ્રહપૂર્વક વળગાડી એ મિત્રોને હું ભવોભવ શાપ દઉં તોપણ પૂરતું ગણાશે નહિ. તેઓ મિત્ર નહોતા, વેશ્યાના

દલાલ હતા એમ હવે - ઘણું મોડું થયા પછી મને સમજાય છે. પ્રથમ મને બીડીનો ધુમાડો પણ અસહ્ય લાગતો. પણ હસતે ચહેરે મિત્રો મારા મુખમાં સિગારેટ મૂકતા અને આગ્રહ કરતા. આહ, હું ઇચ્છું છું કે તેઓએ એ ગંદા સેતાનને બદલે હળાહળ વિષનો એક ડોઝ યા વિષ્ટાનો એક જથ્થો મૂકી મારા અને તેમના વચ્ચેના સંબંધનો એકી વખતે અંત આણ્યો હોત !

આ પદાર્થ એક વેશ્યા જેવો છે. તેની સોબતથી પ્રથમ એક જાતની મજાની લાગણી ઉત્પન્ન થાય છે, મગજની શિરાઓને તેથી રાહત મળતી જણાય છે થોડી મુદત બાદ એ અસર ધીમી પડે છે અને પુનઃ તમાકુ લેવાની ઉશ્કેરણી થાય છે. વારંવાર એમ થતાં છેવટે જ્ઞાનતંતુઓ સુસ્ત, બીમાર અને નકામા થઇ જાય છે. બીડી પીવાની ટેવથી હજારો માણસોના શરીરબંધારણ તેમજ નૈતિક આરોગ્યનો નાશ થાય છે. ઘણાઓ દીવાનાશાળામાં પણ પહોંચી ગયા છે. ઘણાએક માણસો કે જેઓ આ વેશ્યાની સોબતથી ભેજા વગરના ગમાર અને હિચકારા બની ગયાના દાખલા ડૉકટરોએ નોંધેલા છે.

તમાકુથી ભકતનું ગળું અને ફેફસા પણ ઇજા પામે છે. અપચો આંખોની નિર્બળતા, છાતીની નબળાઇ અને ચિડિયાપણું એ આ મહાદેવીની મુખ્ય પ્રસાદીઓ છે.

ચા કરતાં પણ બીડી વધારે જબરી છે : તે પોતાના ચારનું સઘળું હીર લૂંટી લઇ તેને મુડદાલ હાલતમાં ધક્કો મારે છે.

વેશ્યાનો ચાર ગમે તેટલો બળવાન કે બુધ્ધિમાન હોય, પણ પરતંત્ર દશા ભોગવે છે તેમ તમાકુનો ભકત પણ પરતંત્ર દશા ભોગવે છે..... જે ઉંમરે મારે એક વિશ્વવિજેતા જોધ્ધો કે મહાન નીડર યોગી બની ધરતી ધમધમાવવી જોઇએ એ ઉંમરે હું એક હાડમાંસ રહિત ભૂત કે મુડદું બન્યો છું, જેનાં દર્શન માત્રથી મુડદાઓ જીવતાં થવાં જોઇએ તેવો હું આજે મારા દેદારથી ઉત્સાહીને નિરુત્સાહ આપનાર, કંટાળો આપનાર, રંક દૃશ્ય બન્યો છું. મારો અવાજ ખોખરો થયો છે, તેથી મારો શુભ ઉપદેશ કોઇને અસર કરી શકતો નથી. મારા પગ લથડાય છે મારી આંખો ફિક્કી તેજરહિત છે. મારી ઇચ્છાશકિત મંદ મુડદાલ થઇ છે. હું "જીવતો" નથી, પણ જિંદગીનો ભાર ખેંચું છું....મારી સઘળી મહાન શકિતઓ આવરણ પામી છે.

એ બધાનું મૂળ કારણ મને શિખવવામાં આવેલો ખોટો નહિ પણ એકપક્ષી સિધ્ધાંત માત્ર હતો. દેવ ખરો અને મંદિર ખોટું, આત્મા દરકાર કરવા યોગ્ય અને દેહ દરકાર નહિ કરવા યોગ્ય એવા એકપક્ષી ઉપદેશનું આ ફળ હતું. કડવા અનુભવ પછી હવે મને સમજાયું છે કે દેવ જો પવિત્ર છે તો દેવ જ્યાં જ્યાં વાસો કરે તે દરેક સ્થાન પણ પવિત્ર હોવું જ જોઇએ, આત્મા જો પવિત્ર ચીજ છે

તો આત્માના મંદિરરૂપ દેહ પણ પવિત્ર જ છે, આત્મા અને દેહ વચ્ચે ગાઢ સંબંધ છે એટલા માટે દેહની યોગ્ય કાળજી એ આત્માની જ કાળજી કરવા યોગ્ય છે.[૪]

વા.મો.શાહનો આ એકરાર તેના જીવનઘડતરની ઉપયોગી કડીઓમાની મુખ્યનો ઉલ્લેખ કરે છે. તેના પોતાનામા રહેલી કોઇ કોઇ ઊણપોનો તેમજ જીવનની નિર્બળતાઓનો જાહેરરીતે ઉલ્લેખ કરીને તેમની નિખાલસતાનું દર્શન કરાવેલું છે. એ ઊણપો બીજી કશી નહિ પણ ચા તેમજ બીડી પીવાની તેમની આદતને લગતી છે. એવી બૂરી આદતને વશ કેવા સંજોગોમા થવું પડયું હતું તેનો નિખાલસ એકરાર, તેમના પોતાના શબ્દોમા હોવાથી તેના જીવનઘડતરને ઉચ્ચ કક્ષાએ લઇ જવામા કેવી કેવી આડખીલીઓ નડી હતી તે સમજી શકાય છે; એકપક્ષી શિક્ષણ તેમજ એકપક્ષી સિધ્ધાંતો મનુષ્યને કેવા અવળા રસ્તે લઇ જાય છે તે સમજવા ઇચ્છનારને સાચો પદાર્થ-પાઠ આ એકરાર પૂરો પાડે છે.

વાડીલાલના જીવનઘડતરને લગતા તેમના પોતાના લખાણો-માંથી એટલી બધી સામગ્રી મળી રહે છે કે તે પ્રશ્નને નવેસરથી આપણી ભાષામા ચર્ચવાનું, રાખીએ તો તેમના લખાણમા રહેલી

---

૪. "જૈનહિતેચ્છુ" : ૧૯૧૯-૨૦: જૂન, પૃ. ૧૫૭ થી ૧૬૪. જેને શ્રી ત્રિ.વી.હેમાણી સંપાદિત "વા.મો.શાહનો જીવનસંદેશ" માં સને ૧૯૬૦ માં પૃષ્ઠ ૧૧૨-૧૨૨ ઉપર. પુનર્મુદ્રિત કરવામા આવેલ છે.

"ચમક" નો સાક્ષાત્કાર ભાગ્યે જ કરાવી શકાય તેવું છે. એમ હોઇ, વિસ્તારના ભયને બાજુપર હડસેલી દઇને તેમના લખાણમાંથી વિવિધ અવતરણો "વિવેક"નો આશરો લઇને આ પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યાં છે, એવી આશા સાથે કે વા.મો.શાહના જીવનઘડતરને વાચકો સાચા સ્વરૂપમાં આબેહૂબ સમજી શકે. હજુ એવાં બે ત્રણ અવતરણો આપવાં જરૂરી લાગે છે.

"કેટલુંક થયાં મારામાં શારીરિક અશક્તિ વધતી જાય છે, જો કે ખાસ દરદ જેવું કંઇ જ નથી. કામ કરવાની બાબતમાં, જેટલું કામ મારે મારા ધોરણ મુજબ કરવું <u>જોઇએ</u> અને જેટલું કામ મારી પાસે <u>સિલક</u> માં રહે છે તે બંનેના પ્રમાણમાં હું ઘણું જ થોડું- બલ્કે કંઇ જ નહિ - કરી શકું છું. જે થોડી શક્તિ બચત રહે છે તેનો પણ મોટો હિસ્સો મનુષ્યો, બનાવો અને વસ્તુઓની વિચિત્રતા યાદ કરી દિલગીર થવામાં અને ખાસ કરીને મારી પોતાની અશક્તિ - મુખ્યત્વે ઇચ્છાબળ સંબંધી અશક્તિ અને ભૂલો માટે ખેદ કર્યાં કરવામાં ફોગટ ખર્ચાઇ જાય છે.

આ સ્થિતિમાં જીવવું તે મૃત્યુ બરાબર જ છે. "જીવન" તે છે કે જેમાં મનુષ્ય ચૈતન્યમય, નાચતોકૂદતો, મનુષ્ય બનાવો અને વસ્તુઓનું વૈચિત્ર્ય જોવા છતાં તે ઉપર <u>હસતો</u> પોતાની ભૂલોનું ભાન થવા છતાં તે ભૂલોના "નાટક" ઉપર પણ હસતો અને ભૂલો ફરી થવા ન પામે એવા સંયોગો ઘડવાની ઇચ્છાશક્તિથી ઉભરાતો, સમયના

પ્રવાહમાં "ખેંચાતો" નહિ પણ હસવા સાથે તરતો, ઇચ્છવાજોગ પરિણામો અને બનાવો અને પ્રાપ્તિઓ ઉપર અવિશ્વાસનું છૂપું હાસ્ય હસતો – <u>એવો</u> હોય એવું જીવન શું હું જીવતો હતો ?

સત્યસુંદરીને નગ્નકરી નિહાળવાની મને કેટલુંક થયાં લત લાગી હતી અને તેથી હું ઘણા ઘણા "અટકચાળા" કરતો તેની કિંમત તો હું નહિ ભરતો હોઉં ! તેણીનું વૈર તો મારા સ્થૂલ જીવન ઉપર ઉતરી આવતું નહિ હોય ! અથવા પૂર્વજન્મોમાં કરેલી જ્ઞાનની આશાતનાઓ સિનેમેટોગ્રાફની ફિલ્મના ગૂંચળા રૂપે બનીને હમણાં આસ્તે આસ્તે ઉકલતી જતી હોય અને તેમાંના સૂક્ષ્મચિત્રો [સાવો] સ્થૂલરૂપે મારા જીવન પર પડી તેને રંગી નાખતા હોય કે દાબી દેતા હોય એમ તો નહિ હોય ?

જે હો તે હો; મને એટલું તો "ભાન" ચોક્કસ હતું કે જીવતો દેખાવા છતાં હું જીવતો નહોતો.

આ સ્થિતિમાં એકદા હું એક બુકસેલરની દુકાને જઇ ચડયો અને કોઇ ખાસ પુસ્તક નહિ માગેલું છતાં બુકસેલરે પોતા પાસે આવેલા નવા "લોટ"માંથી વીસેક જેટલા પુસ્તકો મારી પાસે ધર્યાં. કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર તે પુસ્તકો હું ઘેર લઇ ગયો અને વાચનમાં ગુંથાયો.[5]

---

૫. "જૈનહિતેચ્છુ" : ૧૯૧૭, સપ્ટેમ્બર: પૃ. ૪૨૫–૪૨૬ ઉપર પ્રગટેલ, અને શ્રી ત્રિ. વી. હેમાણી સંપાદિત "વા. મો. શાહના જીવનસંદેશમાં" પુનર્મુદ્રિત થયેલ "મારી ઉપવાસની કહાણી" પૃ. ૯૬–૯૭.

~~તે આ રહ્યું~~ એવું જ એક બીજું અવતરણ નીચે[1] રજૂ કર્યું છે – "જૈનહિતેચ્છુ" ના ૧૯૧૭ ના સપ્ટેમ્બર અંકની પ્રસ્તાવનામાં મારી કષ્ટમય સ્થિતિનો ઉલ્લેખ સંક્ષેપમાં કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો, જેમાં "જિંદગીની કહેવાતી સગવડો <u>વચ્ચે</u> હું તપું છું, વગર દરદે દરદી છું, – રે તત્વનો અભ્યાસ અને મનન જેને ઘણાઓ "શાન્તિ આપનાર ચીજ" માને છે તે પણ મને તો એવી લાગણીનો અનુભવ કરાવે છે કે જેવી લાગણી સુવર્ણને અગ્નિમાં નાખવાથી થતી હોય. હર્ષ અને ખેદ, આશા અને નિરાશા, ચાહ અને તિરસ્કાર : એ દ્વન્દ્વોએ[1] આટલા જોરથી થોડાં જ હૃદયોમાં તોફાન કર્યાં હશે" એવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

દુનિયા જે જે પદાર્થોને સુખની લાગણી માટે જરૂરના માને છે તે બધા તો શું પણ તેમાંના અર્ધા પણ સાધનો તે કાળે મળી ચૂક્યાં હતાં. યુવાની, ધન, ખાનદાની, પત્ની–પુત્રો–ભાઇઓનું કહ્યાગરું ટોળું, ચાહનારા અને વખાણનારાઓની હજારોની નહિ પણ લાખોની સંખ્યા અને આધુનિક કેળવણી તેમજ પ્રાચીન ધર્મજ્ઞાન અને કોમળ તેમજ ઉગ્ર લાગણીઓ ઝીલનારું હૃદય : આ સર્વનો સારો સરખો હિસ્સો એકી વખતે મને મળેલો હતો. "સારો સરખો હિસ્સો" એવા શબ્દોથી હું મારી પ્રાપ્તિઓનું વર્ણન <u>સંકોચું</u> છું – એટલા ખાતરે કે કોઇને નિરર્થક ઇર્ષા ઊપજવા પામે નહિ અગર "બડાઇ" જેવું લાગે નહિ; બાકી એ દરેક પ્રાપ્તિ ખરેખર કંાઇ "સામાન્ય"ન હતી. પરંતુ, કહેવાતાં બધા "સુખસાધનો"<u>વચ્ચે</u> હું એક અસહ્ય આગમાં

બળતો હતો. કોઇપણ સુખ પાસે હું થોભી શકતો નહિ. એ આગ માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનને લગતા મારા વિચારોના ઘર્ષણથી સને ૧૯૧૬ થી જન્મ પામી હતી. સને ૧૯૧૬ પહેલાં ૧૭ વર્ષ ઉપર એક ધર્મપંથના અભ્યાસક અને સમાજસુધારક તરીકે મેં જીવન શરૂ કર્યું હતું. જેમ જેમ અભ્યાસમાં રસ પડતો ગયો તેમ તેમ એ રસ બીજાઓમાં વહેંચવાની તાલાવેલી થતી ગઇ, જેને પરિણામે તે પંથના એક ગૃહસ્થ "મિશનરી" તરીકે ત્રણ પેપરો, સંખ્યાબંધ પુસ્તકો, દરેક પ્રાંતમાં ફરીને અપાતાં ભાષણો અને ધાર્મિક તથા સામાજિક હિલચાલો દ્વારા સતત કૂદાકૂદ કરવામાં મને "આનંદ" થતો. એ વખતે મને એ પંથ જ સાચો ધર્મ છે એવી શ્રધ્ધા થઇ હતી. તેથી મેં એ પંથની રક્ષા માટે યુધ્ધો લડવામાં પણ બાકી રાખી ન હતી. એ યુધ્ધોના પ્રસંગોએ મને અન્ય ધર્મોનાં તત્ત્વો શોધવા-વિચારવાની ગરજમાં ઉતાર્યો. જૈનતત્ત્વજ્ઞાન, થિયોસોફી, આર્યસમાજ, વેદાન્ત, શોપનહોર, વિવેકાનંદ, એમર્સન અને રામતીર્થ ઇત્યાદિના સાહિત્યનો પરિચય થયો અનેક પરસ્પર વિરોધી સિધ્ધાંતોએ મને ગભરાવ્યો. બુધ્ધિવાદ જેમજેમ કરતો ગયો તેમ તેમ મારા ગભરાટમાં ઓર વધારો થતો ગયો. મને હવે લાગવા માંડ્યું કે ધર્મની જે ઇમારતો ખડી કરવામાં આવી હતી તે પોતે કાંઇ તત્ત્વ કે સત્ય નહોતી, પણ એ ઇમારતોના પાયામાં કોઇ સ્થળે સત્ય છુપાવવામાં આવ્યું હતું. તમામ ઇમારતો પરનો મારો ચાહ ઓગળી જવા લાગ્યો અને હું પાયો ખોદવા લાગ્યો ! એ પ્રિય ઇમારતો તોડતાં મારા હૃદયમાં અસાધારણ દુઃખ થવા લાગ્યું; અને હું હૃદયનો અતિ કોમળ છું એ મારી ખામી

અત્રે છુપાવવી જોઈતી નથી. આ વખતે મારી પાસે આર્થિક સુખ પણ આવી પહોંચ્યું હતું. પરંતુ મારા હૃદયની અંતરની પીડા કોઇ પણ ચીજની લહેજત લેવા દેતી નહિ. કેટલાક મહિના સુધી મારા પગ નીચેની દરેક જમીન ખસતી જ રહી. કોઇપણ સિધ્ધાંત મને "નક્કર" ન લાગ્યો. જીવન પોતે જ અસહ્ય થવા લાગ્યું. સત્યે મને ઠગ્યો હતો એમ મને લાગ્યું [અને ઠગાવાનું ભાન પોતે જ કાંઇ ઓછું પીડાજનક નથી !] પણ "કલા" થી જીવનને સહ્ય અને આનંદી બનાવવાની વિદ્યા-વિચારકોનો એ એકનો એક ખજાનો - હજી હું જોઇ શક્યો નહોતો. મારા અનુભવો અને વિચારો હું કોઇને કહેતો તો મદદ તો દૂર રહી પણ દિલાસોય મળતો નહિ. ઊલટો એથી હું વધારે દુઃખી થતો.

૧૯૧૬ ના માર્ચની એક સાંજે જીવનને સહ્ય બનાવે એવું કોઇ "રમકડું" કાંઇ સાહિત્ય - મેળવવાની આશાથી હું મુંબઇના એક પ્રસિધ્ધ બુકસેલરની દુકાને જઇ ચડયો. એક ઉધઇ ખાધેલું - નહિ વેચાતું - અંગ્રેજી પુસ્તક અરધી કિંમતે ખરીદવા મને આગ્રહ કરવામાં આવ્યો. લેખક મને છેક જ અપરિચિત હતો. એક જ વાકય વાંચતાં મારા હૃદયમાં વીજળીનો ચમકારો થયો અને તુરત જ પૂરી કિંમત જેટલા દામ ટેબલ પર મૂકી એક ભાડૂતી વિકટોરિયા કરી "તોપખાના" એટલો શબ્દ કહી હું પુસ્તક ખોલી ગાડીમાં બેઠો. લગભગ અડધો કલાક મને વાંચવા માટે મળ્યો. તોપખાને પહોંચતાં પહોંચતાં તો હું લેખકના હૃદયમાં ધૂસી ચૂકયો હતો અને ત્યાં મને

ઠંડક મળતી હોય એવો અનુભવ થવા લાગ્યો હતો. તોપખાને ઉતરી પડી સમુદ્રકિનારે જઇ બેઠો અને પાછો પુસ્તકમાં લીન થયો. સંધ્યાના આગમને વાચન અટકાવ્યું અને "બીયોન્ડ ગુડ એન્ડ ઇવિલ"[Beyond Good and Evil] ના કર્તા ફ્રેડરિક નિત્શેની સાથે મારી "સન્ધિ કરાવી" આપી ચોતરફના અંધકારને લીધે પુસ્તક તો વંચાય તેમ ન હતું. પરંતુ બહારનું વાંચવાનું બંધ થાય ત્યારે જ અંદરનું વાંચવાનું શરૂ થાય છે એમ એ વખતે અનુભવ્યું.[૬]

હજી એક વધુ અવતરણ રજૂ કરી ખૂબ જ લંબાયેલા આ પ્રકરણને ટૂંકમાં સમાપ્ત કરી ~~લઉં છું~~ લેવા ધાર્યું છે:-

"મને કોઇ "જૈન" ફિલસૂફ તરીકે ઓળખાવે છે, કોઇ "વેદાનુયાયી" કહે છે, કોઇ "નિત્શેનો શિષ્ય" ઠરાવે છે જે હો તે હો, - કોઇને સાચા-જૂઠા ઠરાવવાની હજી મને જરૂર પડી નથી. મારા બંધારણમાં અને મારાં કાર્યો તેમજ લખાણોમાં જે કંઇ જનતાને પ્રકાશ, માર્ગ કે શક્તિ આપનારું ખરેખર થઇ પડયું હોય તે તમામ મુખ્યત્વે એ ત્રણેને અને મારા જનકને આભારી છે જેમની પાસેથી મને એવું વલોણું મળ્યું છે કે જે વડે વ્યક્તિમાત્રને અને સમષ્ટિને વલોવી માખણ કાઢવાનું મારે માટે શક્ય બન્યું. આ દુનિયામાં નવું કંઇ બની શકતું નથી, જોકે માખણ એક એવી ચીજ છે કે જે

---

૬. જૈનહિતેચ્છુ : ૧૯૨૧, જૂન : પૃ. ૧૦૨ થી ૧૧૦: "મારી નવી પ્રાપ્તિ-"શ્રી મસ્ત" સદરહુ લેખ "પ્રજાબંધુ"ના સને ૧૯૬૪ના દિપોત્સવી અંકમાં તેમજ "નવનીત"ના સને ૧૯૬૪: મે, પૃ. ૧૫-૨૦ [આત્મકથા અંકમાં] પુનર્મુદ્રિત થયો હતો.

"નવનીત" કહેવાય છે "ભલી" તેમજ "બૂરી" કહેવાતી તમામ ચીજો અને ઘટનાઓમાંથી હું અનુભવ જરૂર ખેંચું છું, પણ ચીજની નકલ કરવાનું – ચિત્ર આલેખવાનું – એનાં ઇતિહાસ – ભૂગોળ અને ઉદ્દગાર વર્ણવવાનું હું શીખી શકયો જ નથી. મારી એ ખામી હું એટલા માટે જાહેર કરું છું કે એ બાબતને અંગે કોઇને નિરાશ થવાની કે ટીકા કરવાનો શ્રમ લેવાની જરૂર ન પડે. એ પણ કહી લઉં કે હું સાહિત્યશાસ્ત્રી નથી – મારું વાચન વિસ્તૃત નથી. મેં જે કાંઇ સારા-નરસા ગ્રંથો વાંચ્યા છે તેય આખા નથી વાંચ્યા, માત્ર લખનારના અનુભવને ખેંચવાની કોશિશરૂપે અહીંતહીંથી થોડાં પૃષ્ઠો વાંચ્યા છે. સાધુથી લૂંટારા સુધીની, ભિક્ષુકથી મહારાજ સુધીની, નિરક્ષરથી પ્રસિદ્ધ વિદ્વાન સુધીની, મિત્રથી વિવિધ પ્રકૃતિના શત્રુ સુધીની, સતીથી વિવિધ રૂપની અસતી સુધીની, આસ્તિકથી નાસ્તિક સુધીની, એમ વિવિધ વ્યકિતઓના પરિચય દ્વારા મને જે કાંઇ અનુભવ મળ્યો છે તે મારા ઉપર કહેલા "વલોણા" ને આભારી છે.[7]"

વા. મો. શાહની વ્યકિતપ્રતિભા ઉપરોકત અવતરણોમાં નિર્દેશ્યા પ્રમાણે વિકસી હતી. તેને સ્પષ્ટ સ્વરૂપે સમજી લેવા માટે એમના જીવનના ખુમારીભર્યા અનોખા વ્યકિતત્વને આવરી લેતા પ્રસંગો આ રહયા:

7. સને ૧૯૬૧ સુધી અપ્રગટ રહયા પછી પહેલી જ વાર શ્રી ત્રિભુવન હેમાણી સંપાદિત "વા. મો. શાહનું રાજકારણ": "મારો એકરાર". પહેલી આવૃત્તિ : મુખ પૃષ્ઠ

૧. એક વખત "પ્રજાબંધુ" અને "જૈન" સાપ્તાહિકના સ્થાપક સદ્દગત ભગુભાઇ ફત્તેચંદ કારભારીએ જૈનસમાચાર પર માનહાનિની ફરિયાદ નોંધાવી હતી. આ મુકદ્દમાએ સૌને ખુદ મેજિસ્ટ્રેટને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા; કારણ કે આરોપી તેમજ ફરિયાદી બંને કોર્ટના ચોગાનમાં એક આસને બેસી ચાપાણી લેતા તથા શાંતિથી વાતચીત કરતા દેખાયા હતા. એક દિવસ વાડીલાલની વિરુધ્ધમાં અમુક પુરાવો રજૂ કરવા માટે તેમના "જૈનહિતેચ્છુ" ના કોઇ અંકની ભગુભાઇને જરૂર પડી. મ્હોંમાગી રકમ આપવા છતાં પણ એ અંક ક્યાંયથી તેમને મળ્યો નહિ. કેસ ચાલુ થયો ત્યારે એ વાત રજૂ કરવામાં આવી એટલે ન્યાયાધીશની પરવાનગી માગીને વાડીલાલે પોતાની ફાઇલ તોડીને તે અંક ભગુભાઇને આપ્યો હતો, અને પોતે ૮૮ જેટલા "જૈનહિતેચ્છુ"ના અંકો કોર્ટમાં રજૂ કરી ફરિયાદીને ધર્મ સંબંધી બદનક્ષી કરનારા આર્ટીકલો શોધી આપવા પડકાર કર્યો હતો. કારણ દર્શાવતાં એમણે કહ્યું હતું કે "મૂર્ખાઓથી ભેટવા કરતાં સજ્જનોથી લડવું વધારે ઇચ્છવા યોગ્ય છે – રે સદ્દભાગ્ય છે." આ પ્રસંગ ઉપરથી દાના દુશ્મનનો પાઠ ભજવી રહેલા એ વિચારક–પત્રકારની યુધ્ધની ભાવનાનું સાચું રહસ્ય સમજી શકાય છે.[૮]

૨. જૈનોના એક સંમેલનમાં વા.મો.શાહનો બહિષ્કાર કરવાનો ખાનગી રીતે નિર્ણય કરવામાં આવ્યો હતો એમ કરીને સમાજસેવકની યશકલગીને ઝાંખપ આપવાને અર્થે સદરહુ પરિષદમાં હાજરી આપવાનું

---

૮. "જૈનહિતેચ્છુ" : ૧૯૦૬ : ઓગસ્ટ, સપ્ટેમ્બર : પૃ. ૧૪૧ તથા "વા.મો.શાહનું રાજકારણ": સંપાદક–શ્રી ત્રિ.વી.હેમાણી પૃ. ૧૪ સને ૧૯૬૧: પ્રથમ આવૃત્તિ.

આમંત્રણ પણ એમને તાર ઉપર તાર કરીને પહોંચાડવામાં આવ્યું હતું. એ પત્રકાર તો કોઇપણ સંજોગ માટે તૈયાર હતા. સ્ટેશને ઉતરીને પરિષદના મંડપ સુધી પહોંચતાં રસ્તામાં એ વા. મો. શાહની વિરુધ્ધમાં પ્રગટાવેલી પત્રિકાઓ વહેંચાતી તેમણે જોઇ હતી. ત્યાં પહોંચતાં જ થોડીવારમાં વિરોધીઓની ગંદી ચાલબાજીની ગંધ તેમને આવી ગઇ હતી. સભામંડપ ચિકાર ભરાઇ ગયા પછી પરિષદના કાર્યની શરૂઆત થતાં વા. મો. શાહના "બાયકોટ"નો ઠરાવ રજૂ કરવા માટે પ્રતિસ્પર્ધીઓ તેમજ વિરોધીઓની મોટી ટોળકી અંદર અંદર ઘુસપુસ કરવા લાગી; કારણ પહેલ કોણ કરે એ પ્રશ્ન એમને મૂંઝવતો હતો. એ તકનો લાભ લઇ વાડીલાલે ચૂપચાપ વ્યાખ્યાનપીઠ ઉપર આવીને સૌના આશ્ચર્ય વચ્ચે પોતાના "બાય-કોટ" વિશેનો ઠરાવ પોતે જ પેશ કર્યો. તેમના ગુણાનુરાગીઓને તેમણે સમજાવ્યું કે તેમનો બહિષ્કાર કરીને પણ જો વિદ્યોત્તેજક તેમજ શાસ્ત્રોધ્ધારક ફંડ થતું હોય તો તે વધુ હિતકર ગણાય. એ ફંડની શરૂઆત તેમણે પોતાનું સ્ત્રીધન [ગળાનું કોટિયું] આપીને કરી હતી અને તેમાં તેમને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઇ હતી. તે એટલે સુધી કે તેમનો બહિષ્કાર કરવાનો ઠરાવ જ ઊડી જવા પામ્યો હતો અને ત્યાં હાજર રહેલા વિરોધીઓના મોંની સિકલ ફોટો પાડવા જેવી થઇ રહી હતી. આપણે કહી શકીએ કે તેમના અનોખી-રીતે થયેલા જીવનઘડતરે જ મુશ્કેલીઓને હસી કાઢી પોતાનો માર્ગ સરળ બનાવતાં શીખવ્યું હતું.

૩. ત્રીજા પ્રસંગમાં વાડીલાલનું ઔદાર્ય પ્રતીત થાય છે. એ દેવ નહોતા, સામાન્ય માનવી હતા પણ વિરલ સદ્‌ગુણોનો એમનામાં ભંડાર ભર્યો હતો તે આ પ્રસંગો બતાવી આપે છે. ઘાટકોપરમાં રાષ્ટ્રીય શાળા સ્થાપવાની જરૂર જણાતાં ત્યાંના રાષ્ટ્રપ્રેમી સજ્જનોએ એક સભા બોલાવી હતી અને મહાત્મા ગાંધીનું તૈલચિત્ર રજૂ કરીને તેના લિલામ દ્વારા થતી આવકથી રાષ્ટ્રીય શાળાના ફંડમાં ઉમેરો કરવાનું ધાર્યું હતું. લિલામ માટે માગણી વધતાં બરાબર રસાકસી જામી. એક તરફ એક રાષ્ટ્રપ્રેમી બહેન અને બીજી તરફ એક મૂડીવાદી બંધુ હતા. છેલ્લી માગણી એ બહેન તરફથી રૂપિયા ચારસો સુધીની થઇ એટલે પેલા મૂડીવાદી ભાઇએ એ માગણી આગળ ધપાવી. જેની આર્થિક સ્થિતિ મધ્યમ હતી એવા એ બહેનની તૈલચિત્ર લેવાની ઉત્કટ ઇચ્છા હોવા છતાં ચારસો રૂપિયાથી આગળ વધવાની એમની તૈયારી નહોતી, તેથી ગમગીન બની ગયાં. એ જ સમયે વાડીલાલ લટાર મારવા નિમિત્તે બહાર નીકળ્યા હતા. આ સભાસ્થાન પાસેથી પસાર થતાં ત્યાંની ગરબડથી પ્રેરાઇને પૂછતાં સાચી વાત જાણી. એમણે પોતાના મનથી કંઇક નિશ્ચય કરી લીધો અને તૈલચિત્ર માટેની અટકી ગયેલી માગણીને આગળ ધપાવી. એમના તરફથી આખરી માગણી રૂપિયા સત્તાવીસસોએ અટકી અને એમને તૈલચિત્ર મળ્યું. સૌના આશ્ચર્ય વચ્ચે વાડીલાલે પેલા ચારસો રૂપિયા સુધીની માગણીવાળાં ભાવિકબેનને એ તૈલચિત્ર ભેટ તરીકે સોંપી પોતે રસ્તે પડયા. નવાઇભરી વાત તો એ છે કે બહેનો માટેની એ રાષ્ટ્રિયશાળા સ્થપાઇ ચૂકી છે, પણ તેની શરૂઆતની ભૂમિકાએ અનોખી મદદ કરનાર વા. મો. શાહને કોઇ યાદ પણ કરતું નથી.

---

૯. "વા. મો. શાહનું રાજકારણ" : સંપાદક : ત્રિ. વી. હેમાણી પૃ. ૧૪ થી ૧૭ પ્રથમ આવૃત્તિ સને ૧૯૬૦

૪. એમના જીવનઘડતરનાં મુખ્ય ઘટકોએ કેવો ભાગ ભજવ્યો હતો તેનું એક વધુ દૃષ્ટાંત ઉલ્લેખનીય છે. બિકાનેરમાં અખિલ ભારતવર્ષીય સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ સને ૧૯૨૭ના ઓકટોબરમાં વા.મો. શાહના પ્રમુખપણા નીચે મળી હતી. સબજેકટ્સ સમિતિમાં ખૂબાખૂબ ઊહાપોહ પછી છેલ્લાં સાતેક વર્ષ સુધી કોન્ફરન્સનું સંચાલન કરનારા સજ્જનોની કામગીરી માટે એક સમિતિ (તપાસ કરનારી કમિટી) નીમવાનો ઠરાવ પસાર થતાં પ્રમુખ વાડીલાલે તે ઠરાવને ખુલ્લા અધિવેશનમાં રજૂ કરવા માટે આદેશ આપ્યો હતો. બીજે દિવસે એ ખુલ્લું અધિવેશન ભરાયું ત્યારે સત્તાધારીઓ અને મૂડીવાદીઓ માટે "રિઝર્વ્ડ" રખાયેલા સભામંચ પર ઊભા રહીને વા.મો.શાહે એ ઠરાવને અંગે વાત કરવા માંડી એટલે સભામાં ચોતરફથી લોકોના મંચ પર આવીને પ્રમુખ રજૂઆત કરે એવી જોરદાર અને આગ્રહભરી માગણી થઇ રહી. ~~એટલે~~ વા.મો.શાહે પોતાના સ્થાનેથી ઊતરીને સભાના મધ્ય સ્થળે ગોઠવાયેલા મંચ પર આવીને આગલી રાત્રિએ સબ્જેકટ્સ કમિટીમાં પસાર થયેલા ઠરાવની વાતનો ઉલ્લેખ કરતાં સભાજનોને ઉદ્દેશીને કહ્યું હતું કે "સત્તાધારી પ્લેટફોર્મ" પરથી નીચે ઊતરી "જનતા પ્લેટફોર્મ" પર આવવાની ફરજ પાડવા માટે તમો આજે મીઠો બળવો કરી શકયા છો, એ માટે હું તમને અભિનંદન આપું છું. તમારા આ પગલાથી તમે સાબિત કરી બતાવ્યું છે કે, કોમી કે રાષ્ટ્રીય મહાસભાઓના પ્રમુખો, મ્યુનિસિપાલિટી આદિ જાહેર સંસ્થાના પ્રમુખો અને ખુદ રાજાઓ પણ જનતા ખાતર, જનતા વડે, અને જનતાની ઇચ્છાથીજ નેતા પદ લઇ શકે અને રાખી શકે,

અન્યથા નહિ. આ નૈતિક બળ તમારામાં કાયમ રહે અને દરેક જાહેર પ્રવૃત્તિમાં એ તમારો મુખ્યમંત્ર બને, એમ હું અંત:કરણપૂર્વક ઇચ્છું છું. નેતાઓ પ્રત્યે માનની દૃષ્ટિથી અને વિવેકબુદ્ધિના ઉપયોગપૂર્વક વર્તવા સાથે જનતાએ પોતાના હૃદયના અવાજને નેતા પર ઠસાવવાનો પોતાનો નૈતિક હક્ક કદાપિ ધરાણે મૂકવો જોઇએ નહિ."[10] પરંતુ પેશાવર અને ડેરાઇસ્માઇલખાન તથા પંજાબમાંથી આવેલા સંખ્યાબંધ ડેલીગેટોએ એમની વિનંતી માન્ય રાખી એટલે સુધી કહ્યુ : "આપે જ અમને શીખવ્યું છે કે જ્યાં જ્યાં ચશમપોશી, સેવાના દેખાવ પાછળ દંભના દર્શન અને બિનઆવડત જેવી બાબતો હોય ત્યાં છડેચોક વિરોધ કરવો. એમ હોઇને પ્રસ્તુત ઠરાવ પાછો ખેંચવાનું અમને માન્ય નથી. વા. મો. શાહ ઘડીભર ખચકાયા, પણ બીજી જ પળે તેમણે જોરશોરપૂર્વક સુણાવ્યું કે "મારી નેતાગીરીને તેમજ દોરવણીને આપે અપનાવી છે એ જોઇ આજે મારું હૃદય હર્ષથી ગદ્ગદ્ થઇ રહે છે. પરન્તુ આ સ્થળે એ ઠરાવ થાય તો મારા પ્રમુખપદને ઝાંખપ લાગે એમ મને લાગે છે એટલે પંજાબના ડેલીગેટ બંધુઓને વા. મો. શાહ આદેશ આપે છે કે એ ઠરાવ પાછો ખેંચી લો.[11] પરિણામે એ ઠરાવ પાછો ખેંચાયો હતો. વા. મો. શાહના જીવન ઘડતરે આમવર્ગ પર કેવો પ્રતાપ જમાવ્યો હતો તે દર્શાવવા પૂરતી આ ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવે છે.

---

૧૦. જૈનપ્રકાશ : ૧૯૨૭, તા. ૨૩ ઓકટોબર પૃ. ૪૫૮

૧૧. ત્રિભુવન વી. હેમાણી સાથેના વાર્તાલાપમાંથી.

## : લગ્ન જીવન :

વાડીલાલનું લગ્ન લગભગ બાવીસ વર્ષની ઉંમરે સને ૧૯૦૦માં થયું હતું. એમનાં પત્ની રૂપાળીબા અભણ છતાં અન્યના દુઃખે દુઃખી થાય એવાં હતાં. આંટીઘૂંટી કે લુચ્ચાઇ ન આચરી શકે એવાં નિર્મળ અને પ્રેમાળ સ્વભાવનાં રૂપાળીબા વાડીલાલને દેવ માની ચાલતાં અને પતિની આજ્ઞાના પાલનમાં જ પોતાના જીવનનું સાર્થક્ય સમજતાં હતાં. વાડીલાલ સ્ત્રીકેળવણીના હિમાયતી હતા, પરંતુ એમનાં પત્ની તો સાવ અભણ હતાં. કારણ કે વાડીલાલને સમાજોન્નતિનાં કાર્યો, સમાજસુધારણા તથા ધર્મસુધારાઓની કામગીરી આડે પોતાનાં પત્ની માટે સમય મેળવવાનું ખૂબ જ મુશ્કેલ હતું. વાડીલાલ પોતે એમ પણ માનતા કે "સ્ત્રી કેળવણીની આવશ્યકતા તો કહી બતાવવાની જરૂર નથી, એ એક એવી મહત્તાનો વિષય છે કે જેના ઉપર આખા મંડળની ચડતીપડતીનો આધાર છે. પણ નવાઇ જેવું એ છે કે એ વિષય ઉપર લખનારા પૈકી ઘણાખરા તો ઊંચી કેળવણી અને મોટી નીતિ વિશે જ બોલવામાં ઊતરી પડે છે. પ્રાથમિક પગથિયાં તો તેઓ વિસરી જ જાય છે: સ્ત્રીઓને જેની વધારે આવશ્યકતા છે તે ઊંચી કેળવણીની નહિ, એટલી <u>સહૃદયતા</u>, ઘરકામનું <u>જાણપણું</u> અને <u>મોટામનની</u> છે. પુરુષના વિચારોમાં સ્ત્રી પ્રવેશ કરી શકે અને તેના આનંદ, શોક, તર્ક-વિતર્કમાં ભાગ લઇ શકે એટલા માટે અને ઘરકામ વધારે હોંશિયારીથી કરી શકે તે માટે, સાહિત્ય વિગેરેના જ્ઞાનની જરૂર છે ખરી, પણ પ્રથમતો તેમના

તદ્દન જંગલી તુચ્છ વિચારો દૂર કરવાના તેમના માની લીધેલા કૂવા બહારની દુનિયા, અચાનક જોવાથી અંજાઇ ન જાય એવી યુક્તિથી બતાવવાના અને તે દુનિયાની વિશેષ શોધ કરવા પોતાની મેળે જ જિજ્ઞાસા થાય એવે રસ્તે તેમને દોરવાના ઉપાય લેવાના છે.[1]

વાડીલાલની સુધારણા કેવા પ્રકારની છે તે ઉપરોક્ત અવતરણ સમજાવે છે. પોતાની પત્ની પાસે એ આ પ્રકારની સુધારણાની આશા રાખે તે શક્ય જ છે. વાડીલાલને એમનાં પત્ની પર પ્રેમ હતો પરંતુ એમનાથી અધિક પ્રેમ તે અભણ સ્ત્રી તેઓ પર વરસાવતી હતી.

વાડીલાલ અને શ્રી ત્રિભુવન હેમાણીને સન ૧૯૨૭ માં સ્થૂળ પરિચય થયો એ પહેલાં તો તેઓ ક્યારના ય એમનાં લખાણોથી પ્રભાવિત થઇ ચૂક્યા હતા. વાડીલાલના વિચારો અને કાર્યો સાથે શ્રી હેમાણીએ એકરૂપતા કેળવી હતી, એટલે જ એમની દોસ્તીએ બંને વચ્ચે સ્નેહનો સેતુ બાંધ્યો હતો. મુંબઇથી દૂર આવેલા મુલુંદ નામે પરામાં એક પારસી બંગલામાં વાડીલાલ અને શ્રી ત્રિભુવન સાથે રહયા હતા જેથી એમની નિકટતા વધી ગઇ હતી. વાડીલાલ જ્યારે એમની સાથે લેખનકાર્યમાં લીન થઇ જતા ત્યારે જમવાનું પણ વિસરી જતા. જમવાનો સમય થઇ ગયો હોય ત્યારે એમનાં પત્ની રૂપાળીબા એ જ્યાં બેઠા હોય તે ઓરડાના બારણા પાસે આવી દસેક મિનિટ ઊભાં રહેતાં અને પતિને કાર્યરત જોઇ પાછા

---

૧. "મધુમક્ષિકા" ઇ.સ. ૧૮૯૯ : ઉપોદ્ઘાત, પૃ. ૧.

ચાલ્યા જતાં. જ્યારે આમ બેત્રણ વખત બનતું ત્યારે વાડીલાલની નજર એમના ઉપર પડતી. પતિને જમાડીને જમવાનો પોતાનો નિયમ હોવાથી રૂપાળીબાને ઘણીવાર જમવાનું ખૂબ મોડું થઇ જતું, છતાં પતિ સાથે આજની શિક્ષિત અને કેળવાયેલી સ્ત્રીઓની માફક ઊંચે સાદે બોલતાં પણ નહિ; અરે ! એક શબ્દ પણ કહેતાં નહિ. આ રીતે ત્રણેક વખત બારણા પાસે ઊભા રહી પતિની રાહ જોઇ પતિને જમાડયા પછી જમવામાં જ પોતાના જીવનની સાર્થકતા માનતાં.[૨]

આવી પ્રેમાળ પત્નીની પ્રાપ્તિ એ વાડીલાલનું સદ્‌ભાગ્ય હતું, પરંતુ એમની સાથેના લગ્ન જીવનની શરૂઆત થતાં પહેલા વાડીલાલે લગ્ન નહિ કરવાનો નિશ્ચય કર્યો હતો તેનાં કારણો તપાસી લેવા જેવાં છે.

ખ્યાતનામ આંગ્લલેખક અને પત્રકાર એડિસનથી પ્રભાવિત થઇને એમણે ૧૮૯૪માં ફકત સોળ વર્ષની વયે "મધુમક્ષિકા"[3] પુસ્તિકાની

---

૨. શ્રી ત્રિભુવન વી. હેમાણી સાથેના વાર્તાલાપમાંથી.

3. "મધુમક્ષિકા" પુસ્તિકા અમદાવાદના શ્રી મુદ્રણકલામંદિર લિમિટેડમાં મુદ્રિત થયું હતું અને તેની કિંમત આઠ આના એટલે હાલના પચાસ પૈસા રાખી હતી. સૌ કોઇ જાણીને આશ્ચર્ય પામશે કે સુમારે ૮૦ વર્ષ પહેલા વા. મો. શાહે સદરહુ પુસ્તકને બે પ્રકારની આવૃત્તિઓમાં પ્રગટાવ્યું હતું. એક સામાજિક આવૃત્તિ અને બીજી રાજ્ઞિક આવૃત્તિ :જેને અંગ્રેજીમાં ડી લક્ષ[De lux] આવૃત્તિ: તરીકે ઓળખાવાય છે. સમયના વારાફેરાને પરિણામે હાલ એ પુસ્તકની માત્ર એક જ પત્ર શ્રી ત્રિભુવન હેમાણી પાસે સચવાઇ રહી છે. એ પુસ્તકને માટે એ સમયના ગવર્નમેન્ટ ગેઝેટમાં એનો અભિપ્રાય પ્રગટયો હતો કે પ્રખ્યાત અંગ્રેજ લેખક એડિસનનાં સ્પેકટેટર નામના સામયિકમાં પ્રગટેલા લખાણોની પેઠે એ પુસ્તક પત્રોના

રચના કરી હતી જેમાં સાંસારિક, નૈતિક, ધાર્મિક વિષયોને સ્પર્શતી પત્રમાળા રજૂ કરવામાં આવી હતી. આ પત્રમાળામાં કન્યાપસંદગી, વરપસંદગી, તેમજ પ્રેમલગ્ન, એ સમયે લેવાની કાળજી માટે ચોકસાઇભરી છણાવટ કરવામાં આવી હતી અને લગ્નના પ્રશ્નને અંતર્ગતરીતે સ્પર્શી રહેતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરતી વખતે આજીવન કૌમારવ્રત પાળવાનો નિર્ણય કર્યો હતો. લગ્ન પહેલાંના એમના સ્ત્રીઓ વિશેના વિચારો તેમણે કેશવ નામના પાત્ર દ્વારા એક પત્રમાં રજૂ કર્યા છે તેને તેમના પોતાના વિચારો ગણીને નીચે આપવાનું ઉચિત માન્યું છે – "લગ્ન માટે આવતી માગણીઓ હું અત્યારસુધી આડાં અવળાં બહાનાં કાઢી પાછા કાઢતો; કારણ કે આજન્મ કુંવારા રહેવું એવો મારો વિચાર હતો. એટલી ઉમરમાં થયેલી પીછાનોવાળાને ઘેર થતા કજિયા, આપણી સ્ત્રીઓની મૂર્ખાઇ અને

---

રૂપમાં લખાયેલું છે. હિંદુ સંસારમાંના કેટલાક દોષો ગ્રન્થકર્તા બતાવી આપે છે. તેના વિચાર સુધારાના છે, તો પણ જૂના આર્યોના રિવાજ તરફ પાછા ફરવાની ગરજ જણાવે છે. [જૈનહિતેચ્છુ ૧૯૦૧ ફેબ્રુ. પૃ. ૧૯૪]
ઇ.સ. ૧૯૦૦માં તેની બીજી આવૃત્તિ પણ પ્રગટ થવા પામી હતી. તે ઉપરાંત "મધુમક્ષિકા"નો બીજો ભાગ પણ લેખકે રચીને તૈયાર કર્યો હતો અને ૧૮૯૯ના નવેમ્બરમાં તેને પ્રગટકરવાની જાહેરખબર પહેલા ભાગના છેલ્લા પૃષ્ઠ ઉપર નીચે પ્રમાણે પ્રગટાવી હતી–: "આ પુસ્તકનો <u>દ્વિતીયખંડ</u> વિવિધ વિષયમાં રચાયેલો તૈયાર છે. થોડા વખતમાં પ્રેસમાં મોકલવામાં આવશે. આ પુસ્તકમાળાનો હેતુ જુદીજુદી સ્થિતિના સ્ત્રીપુરુષોને તેમનાં કર્તવ્યથી ભોમિયા કરવાનો, ચાલુ રિવાજોના ગુણદોષ બતાવવાનો અને આનંદી લાગણીઓ પ્રેરવાનો તથા જુદીજુદી સ્થિતિમાં થતી લાગણીઓને ચીતરી બતાવવાનો હોવાથી એ દ્વિતીયખંડના વિષયોનું લીસ્ટ અહીં મૂકી બતાવવાની જરૂર નથી. સામાજિક આવૃત્તિ: કિંમત ચાર આના અને પાછળથી આઠઆના, નવેમ્બર-ની આખર તારીખ સુધીમાં લખી જણાવનારને અગાઉથી થયેલા ગ્રાહક ગણવામાં આવશે. તેની સાથોસાથ "<u>ભલોઆદમી</u>"નામનું હાસ્ય-રસ-પ્રધાન સામાજિક નાટક પણ પ્રગટ થશે."

તોછડાઇ, પવિત્ર પ્રેમની અજ્ઞાનતા, લગ્ન અગાઉ જેમને બોલાવતાં માબાપનાં મોં સુકાતાં તેમને લગ્ન પછી પ્રતિસ્પર્ધી કે દુશ્મન રાજાના છૂપા દૂત જેવા ગણવાનો હિન્દુ સ્વભાવ એ સર્વ મેં નાનપણથી ધારી ધારીને જોયું હતું. અને એ ઉપરથી કુંવારા રહેવાનો ઠરાવ કર્યો હતો....... પરણવાથી મારે વધુ જંજાળમાં ગૂંથાવું પડશે. તેણીને કેળવવામાં, તેણીની વતી બીજા સાથે કરવા પડતા કજિયા લંબાવવા અગર પતાવવામાં, તેણીની સાથે વિનોદ કરવામાં, એમ ઘણી બાબતોમાં બહુ વખત ખોવો પડશે.

સૌથી વિશેષ, મારી સ્વતંત્રતા ખોવી પડશે. કોઇ કોઇની ગરજ કરવી પડશે. કોઇ તામસી, કોઇ અદેખા, કોઇ દુષ્ટ કે જેનું અન્ય વખતે હું મોં પણ જોવા ન ઇચ્છું તેની ગુલામગીરી ઉઠાવવી પડશે. લોકલજ્જામાં તણાવું પડશે. દુનિયાદારીમાં ઝંપલાવવું પડશે. દુનિયામાં ગરક થવું પડશે, તેથી એ કૂવા બહારની હદથી તદ્દન અજાણ્યા રહેવું પડશે. આ થોડી કેળવણી અને થોડા અનુભવથી બાંધેલી મોટી આશાઓ લગ્નથી દુનિયાદારીના ગુલામ થઇ પડવાને લીધે પૂરી નહિ પડવાથી ચીડિયા થવું પડશે......કરસનદાસ મૂળજી થવાશે નહિ. માર્ટીન લ્યુથર થવાની તો આશા જ શી ? બહાર અને ઘરમાં બંને ઠેકાણે સુધારા એક જ સાથે તો દાખલ ન જ થઇ શકે પરિણામે હસાવું પડશે...... તેણીનું પાતિવ્રત્ય, રીતભાત વિગેરે ઉપર દેખરેખ રાખવામાં બહુ વખત અને શક્તિ[energy] નો ભોગ આપવો પડશે. મારી મરજી મુજબ મારી જાતથી કામ થતું

નથી ત્યારે હું આટલો બધો ખીજવાઉં છું તો તે સાથે તેણીનો વાંક આવવાથી કેટલો બધો ખીજવાવાનો ? અને એ બેવડો ગુસ્સો ભેગો થવાથી મને કેવું બગડવાનું ? દુનિયાની, કુદરતની, રમતગમત-ની અને સાહિત્યની મઝાઓના દ્વાર મારા માટે સદાને માટે બંધ થશે.

ઘણાએક અંગ્રેજ અને જૂના સંસ્કૃત કવિઓ અને તેમના અનુયાયી-ઓની માફક ચાલો કબૂલ કરીએ કે જ્યારે હું દિવસે થાકીને કંટાળીને બહારથી આવું ત્યારે ઘરની આસપાસ સુગંધ પસરાવશે અથવા મધુર રાગથી તથા હાવભાવથી રાત્રિએ કારણ કે દિવસે તો સ્ત્રી-પુરુષને પતિ-પત્ની તરીકે કંઇ સંબંધ છે જ નહિ જરા શાન્તિ પમાડશે. બધું કબૂલ કરીએ પણ - કોણ ખાત્રી આપી શકશે કે તેણી એવી જ સુંદર, એવાજ સારા સ્વભાવની, એવી જ ચતુર હશે ? કોણ કહી શકશે કે "ઘેર ઘેર માટીના ચુલા" એ કહેવતને અનુસરીને ઘરના અને બહારના માણસ સાથે અણબનાવ નહિ કરે?.... પરણવાની વાત નીકળવા સાથે જ "હાલના છોકરા બાયડીના ગુલામ" એવા એવા વિશેષણોથી લઢવાના બહાના શોધનાર માબાપ, પરણ્યા પછી શાન્તિમાં કેટલું ભંગાણ કરશે તે કોને ખબર છે?[૪]

"વિલાયતમાં મરજીથી કુંવારા રહેનારા રાત દિવસ સ્ત્રી સાથે છૂટથી હરેફરે છે તો પણ વિકાર વિનાના રહી શકે છે ? મારા ઋષિઓ, મારા ધર્મ-ગુરુઓ અને આર્યાઓ શું કરતા આવ્યા

૪. મધુમક્ષિકા પત્ર ૩ જો : પૃ. ૨૩-૨૫.

છે ? પરણવું એ મનની જ મિત્રતા સારું છે એ હું માની શકતો નથી. પરણવું એટલે જ કેટલેક અંશે વિષયી થવું. બસ નહિ, હાથે કરીને હું તો દીવાસળીને દારૂનો સંગ નહિ થવા દઉં. બીજા સુખોનો શો ટોટો છે કે આ સર્વ-હારક વિષયનો સોબતી થાઉં ? અહાહા ! કેવી મચ્છ - જાળની સત્તા !

બીજા લોકો કરતાં મારે તો કુંવારા રહેવાનું ખાસ કારણ છે, બીજા કરતાં હું વધારે શીઘ્રવેદી [sensitive] છું: બીજા ઘણાએક કરતાં મારી આશાઓ [સાંસારિક તેમજ ધાર્મિક] મોટી છે; બીજા કરતાં હું વધારે સ્વતંત્ર છું, પણ શીખાઉ મન અને ઓછા બળવાળો છું; બીજા ઘણાએક પરણ્યા અગાઉ પરણેલાની ઘોર અંધારી-વાળી બાજુથી અજાણ્યા હોય છે, પણ મેં તે વગર પરણ્યે જોઇ છે અને તે સાથે અનુભવથી કુટુંબપોષણની મુશ્કેલીઓ ચાખી છે.... મન મારવાના ઉપાયમાં મુખ્ય કુંવારી સ્થિતિ છે. એ મોટું ગાબડું પુરાશે એટલે વહાણ ડુબતું અટકશે, પણ જો તે ગાબડાને બદલે અપવાદ રૂપી નાનાં નાનાં છિદ્રો રહી જશે તો તે વાટે ધીમે ધીમે પાણી ભરાઇ, ન જણાય એવી રીતે વહાણ પાણી પામવા જવાનું જ. કંદર્પ મન્મથ, મનોજ એ નામો કેવાં કુત્સિત છે ! Fie upon them. હું જ્યારે જ્ઞાતિ કે જગતનો ડર નથી રાખતો તો પછી એ અંગ વગરના અનંગ-ભૂતથી શામાટે બીવું જોઇએ ? ત્યારે હવે તને છેલ્લી સલામ ! દુષ્ટ મનુષ્યાહારી ચોર, છેલ્લી સલામ ! મારા પવિત્ર મનસ્વી રાજ્યની સીમામાં તારે ફરીથી પગ નહિ દેવો એવી

શિક્ષા મારો નવો મનો-રાજા તને ફરમાવે છે. માટે જા, જલદી અહીંથી પલાયન કરી જા. Haste thyself and fly these hostile plains. તારો સ્ત્રી નાયક મને જે, બોધ કરશે તે બધા તરફ બહેરા કાન કરીશ.[૫]"

વાડીલાલ કેટલી નાની ઉમરથી માર્ટીન લ્યુથર થવાના સ્વપ્ન સેવતા હતા અને તેજ કારણે અવરોધરૂપ એવા લગ્નજીવનને ધિક્કારતા હતા. લગ્ન કરવાથી પોતે (પુરુષે) "સ્વતંત્રતા ખોવી પડશે" એ એમના વિચારો આપણને પ્રથમ દૃષ્ટિએ વધુ પડતા જણાય છે, સ્વતંત્રતા લગ્નબાદ સ્ત્રી ગુમાવે છે કે પુરુષ એ પ્રશ્ન ચર્ચાસ્પદ છે. મોટાભાગે સ્ત્રીઓને પોતાના સ્વાતંત્ર્યનો ભોગ આપવો પડે છે છતાં કેટલેક સ્થળે પતિ (Hen-Pecked) નિર્માલ્ય હોય અને પત્ની જબરી અને હોંશિયાર મળી હોય તો પુરુષનું સ્વાતંત્ર્ય પણ હણાય છે. માટે વાડીલાલના આ વિચારો અસ્થાને ન ગણી શકાય. કેટલી નાની ઉમરમાં કેવી દીર્ઘદૃષ્ટિ અને તર્કબધ્ધ વિચારશક્તિ વાડીલાલમાં હતી તે આપણે સમજી શકીએ છીએ.

વાડીલાલનું વાચન વિશાળ હતું. ભરથરી અને સરસ્વતીચંદ્રને ટાંકીને એમણે પરણવાનો વિચાર માંડી વાળ્યો છે તે સમજાવતાં કહ્યું છે કે "ભરથરીએ ભૂલ કરી કે પરણીને સ્ત્રી સાચવી શક્યો નહિ, અને અંતે તજવી પડી; સરસ્વતીચંદ્રે ભૂલ કરી કે પરણવાની તૈયારી ઉપર આવીને તજી - તજી તો તજી પણ પછી નિરંતર તેને

---

૫. "મધુમક્ષિકા" : ૧૮૯૯ : પૃ. ૨૭-૨૮.

માટે ઝૂર્યા કીધું; અંગ્રેજો કેટલાક ભૂલ કરે છે કે કુંવારાનું નામ ધરાવી પરણેલાની માફક વર્તે છે. મારા નામમાં એ ત્રણેના નામ માંનો એકકે અક્ષર નથી. હું તેમાંની એકકે ભૂલ નહિ જ કરું. સ્ત્રી, પેલી માંસ અને હાડકાંની બનાવેલી ઢીંગલી કિંપાક વૃક્ષના ફળ જેવી જે સેતાન મૂર્તિ- એવી એ હેડંબા - એવી એ સૂર્પણખા ! ખરે એને તો પેલા ટોપીવાળાના ધર્મ-પુસ્તકમાં કહ્યું છે તે પ્રમાણે તળિયા વિનાના ખાડામાં ૧૦૦૦ વર્ષ માટે નાખવી જ જોઇએ - અગર રામચંદ્રે કર્યું તેમ તેનાં તો નાક કાન કાપવાં જ જોઇએ.[૬]

વાડીલાલની સ્ત્રી તરફની આ પ્રકારની વૃત્તિ આટલી બધી તીવ્ર બની હોય તે એમના વાચનને આધારે અને એમની તરફની આપણી સામાજિક દુનિયાનાં અવલોકને એમ આપણે ઉપરના અવતરણ ઉપરથી કહી શકીએ. હેડંબા અને સૂર્પણખાને એમણે વાંચી હતી, પરંતુ સાથે સાથે સતી સાવિત્રી અને સતી સીતાનાં પાત્રો પણ જાણવાં જરૂરી હતાં. વાડીલાલે "નારીને નરકની ખાણ" જ કહી પણ "નારી તું નારાયણી" એ વાત એમના ધ્યાન બહાર તે સમય પૂરતું રહી જવા પામી હતી. પાછળથી તો એમણે જ લગ્નના બગીચાને વિકસાવ્યો હતો અને એ દિશાના પોતાના વિચારો કેવું પરિવર્તન પામ્યા હતા તે એના અભ્યાસીઓથી અજાણ્યું નથી.

સ્ત્રી તરફની એમની આ વૃત્તિ આ જ પુસ્તકના ("મધુમક્ષિકા") પાંચમા પ્રકરણમાં મળી પડે છે. લગ્ન પહેલાં સ્ત્રીની કઇ કઇ રીતે

---

૬. "મધુમક્ષિકા": ૧૮૯૯ : પત્ર ૩ જો : પૃ. ૨૮-૨૯.

પરીક્ષા કરવી જોઇએ, આદર્શ પત્ની કેવી હોવી જોઇએ એનું પણ વાડીલાલને ઊંડું જ્ઞાન હતું. લગ્ન એ દુ:ખનું કારણ નથી, પણ લગ્નના પાત્રની પસંદગીમાં ઊણપ [ખામી] તથા લગ્ન પછી લગ્ન-જીવનની ગાડી હંકારવાની બિનઆવડત અને એમાં વર્તાતી ડહાપણની ખોટ એ જ દુ:ખનું કારણ છે. એવી તારવણી ઉપર તેઓ આવ્યા હતા. "એક દૃષ્ટિએ પુસ્તકો ભણી ભણીને મોઢે કરેલા અલંકારિત ઉદ્ગારો અને શબ્દોથી ચકિત કરે એ ગુણો કે ચપળવલાપણું અને નખરાની મારે કાંઇ જરૂર નહોતી. મગજના ગુણવાળી સ્ત્રી [brain-Woman] અંત: કરણના ગુણવાળી સ્ત્રી [heart woman] જેટલો આનંદ કે ફાયદો આપી શકતી નથી.[19] માટે જ heart woman જો મળે તો "હા" કહેવી એવા નિર્ણય ઉપર પોતે આવે છે. સમાજમાં પ્રવર્તી રહેલા કેટલાક કુરિવાજો પણ વાડીલાલને લગ્ન નહિ કરવા પ્રેરતા હતા. જેવાકે કન્યાવિક્રય, પતિ પ્રત્યે પ્રેમ ન હોવા છતાં તેના મૃત્યુબાદ સતી થવાનો રિવાજ અને યુવાન બાળાના હસ્ત-મેળાપની આશા રાખતો મરણ પથારીએ પડેલો ધનાઢ્ય ડોસો, આ બધા પ્રસંગો જે પુરાણોમાં કહેવાયું છે કે - यत्रनार्यस्तु पूज्यन्ते रमन्तेतत्र देवता: એ વાતને ખોટી પાડે છે. છતાં જો સુયોગ્ય પાત્ર મળે તો યોગ્ય પસંદગી કરી લગ્ન કરવું એવા નિશ્ચય ઉપર છેવટે વાડીલાલ આવે છે, અને ફકત લગ્ન જ નહિ પરંતુ પુનર્લગ્નની પણ પાછળથી તેઓ હિમાયત કરે છે. એ વાત "સુધારક વાડીલાલ" શીર્ષકવાળા પ્રકરણમાં યથાયોગ્યરીતે રજૂ કરવામાં આવી છે.

---

19. "મધુમક્ષિકા" : પત્ર ૫ મો : પૃ. ૪૫.

રૂપાળીબા સાથે સુખી દામ્પત્યજીવનનાં વીસ વર્ષ વ્યતીત થયા બાદ વાડીલાલે લખ્યું છે - "હું જ્યારે કોલેજનો વિદ્યાર્થી હતો ત્યારે માનસિક પ્રેમનાં દિવ્ય સ્વપ્નો એટલાં બધાં વાંચ્યાં હતાં કે મને પુનર્લગ્નના નામ ઉપર અભાવો ઉત્પન્ન થયો હતો અને મેં પુનર્લગ્ન વિરુદ્ધ એક લેખ પણ મારા એ પ્રથમ પુસ્તક -"મધુમક્ષિકા" માં લખ્યો હતો.[૮] એટલું જ નહિ, પણ ધર્મના સંસ્કાર ત્રણ વર્ષની ઉંમરથી નિરંતર મને મળતા રહેલા હોવાથી માનસિક પ્રેમ પણ મને ક્ષુલ્લક લાગ્યાથી આધ્યાત્મિક પ્રેમની જ હિમાયત કરીને જિંદગીપર્યંત કુંવારા રહેવાના "હવાઇ કિલ્લા" બાંધ્યા હતા, કે જે પણ "મધુમક્ષિકા"માં છપાઇ ગયા છે, આ કબૂલાત કરતાં મને કોઇ ખેદ થતો નથી અને એમ કરવું એ મને પ્રામાણિક ફરજ જણાય છે કે ત્યારબાદ મેં મારા એક લઘુબંધુ શકરાભાઇ ને મારી જાતે પરણાવ્યો ત્યાં સુધી હું અવિવાહિત રહ્યો અને જાહેર જિંદગીમાં પડતાં મને લગ્નની અનિવાર્ય જરૂર જણાઇ. એ વખતે મેં બંને બાજુઓનો પુષ્કળ વિચાર કરવાની તક લીધી હતી. અને મેં ભૂલ કરી કે ડહાપણ કર્યું તે તો જ્ઞાની જાણે પણ મારી બુદ્ધિમાં જેટલી શક્તિ હતી તેટલી શક્તિનો ઉપયોગ કરીને જ હું લગ્નના નિશ્ચય પર આવ્યો અને પરણ્યો. વીસ વર્ષના લાંબા અનુભવ પછી હું કહેવાને સમર્થ છું કે વિવાહિત સ્થિતિથી મારો જેટલો વિકાસ થવા પામ્યો છે તેટલો અવિવાહિત સ્થિતિથી થઇ શકત કે કેમ એ બાબતમાં મને શંકા છે. જાહેર જિંદગીનાં અસહ્ય સંકટો વચ્ચે મને ઘડીભરનો

---

૮. "મધુમક્ષિકા": પૃ. ૬૯-૭૦ પહેલી આવૃત્તિ: ૧૮૯૯

દિલાસો આપનાર મારી પાસે કોઇ સાધન હતું તો તે લગ્નનો બગીચો જ ! કુટુંબીઓની ઓથ વગરનો, જ્ઞાતિજનોની દિલસોજી વગરનો, સાધુઓ અને આગેવાનોની મોટી દુશ્મન ટોળીથી ઘેરાયેલો, આર્થિક મુશ્કેલીઓથી નિરંતર વીંટળાયેલો, છાપાંના નુકસાન ઉપરાંત ઉપરાછાપરી મુકદ્દમાઓથી સતાવાયેલો, કવચિત્ ત્રણત્રણ દિવસ સુધી ચણા ઉપર જીવતો, જાહેર વ્યાખ્યાનો માટે અને ધર્મ ઉપર થતા અસહ્ય પ્રહારો સામે અજાણ્યા માણસોને પણ સહાય આપવા આખા દેશમાં અહીંતહીં દોડતો : એવો હું મારા તે-સારા કે નરસા જેને જે રુચે તે કહે "મિશન"ને વીસવીસ વર્ષ સુધી વળગી રહ્યો હોઉં તો તે લગ્નના "હિપ્નોટિઝમે" આપેલા વિશ્રામસ્થાનને - પત્ની અને પુત્રના ઈશ્કને જ આભારી છે એમ કબૂલ કરતાં મને સંતોષ થાય છે અને વધુ ને વધુ અનુભવે - જુદા જુદા પ્રાંતોમાં કરવી પડતી મુસાફરીઓને લીધે જોવામાં આવતી વિધવાઓની સ્થિતિ અને પ્રકૃતિનાં અવલોકને અને વાચનમાં કાલ્પનિક લેખકને બદલે હવે મળેલા વધારે પ્રૌઢ અને સાયન્ટિફિક લેખકોના પ્રસંગે મને વિધવાવિવાહની બાબતમાં પણ મારો વિચાર ફેરવવાની ફરજ પાડી.[૯]

પત્નીની આટલી બધી હૂંફ હતી એમ પોતે કબૂલ્યું છે છતાં પત્નીને વાડીલાલ કદી પોતાની સાથે લઇ જતા નહિ. સમાજ સેવાની ગડમથલ માટે કરાતી મુસાફરીઓ, મુલાકાતો, વાર્તાલાપો

---

૯. જૈ. હિ. ૧૯૧૭ : સપ્ટેમ્બર, પૃ. ૫૫૬-૫૫૭.

વગેરે કશામાં એમને ભાગ લેવા દોરતા નહિ. એકજ દૃષ્ટાંતથી આ વાત સમજી શકાશે. સને ૧૯૨૭માં બિકાનેર મુકામે ભરાયેલા અખિલ ભારતવર્ષીય શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના સભાપતિ તરીકે વાડીલાલે અનોખી કામગીરી બજાવી હતી તે સમયે એજ સ્થળે મળેલી મહિલા કોન્ફરન્સના અધિકારી બહેનો પ્રમુખની મુલાકાતે આવ્યાં હતાં અને મહિલા-કોન્ફરન્સની કાર્યવાહીમાટે જરૂરી સલાહસૂચનો મેળવી લઇને એ કોન્ફરન્સમાં હાજરી આપવાનું વચન મેળવ્યા પછી તેમણે ટકોર કરી હતી કે પ્રમુખ તરીકે આપ અહીં પધાર્યાં પણ અમારાં બહેનને [એટલે આપનાં પત્નીને]સાથે ન લાવ્યા એ અમને બરાબર સમજાયું નથી. જવાબમાં વાડીલાલે કહ્યું કે "આપણા સમાજની પરિસ્થિતિ એવી છે કે પુરુષો સમાજના ઉધ્ધાર માટેની વાતો પૂરેપૂરી સમજી શકતા નથી અને સાચાં ભાષણો આપી શકતા નથી, વળી રાજકીય બંધનોય એવાં છે કે તેઓથી સાચાં ભાષણો આપી શકાય નહિ ત્યાં પછી ઓછું ભણેલી બહેનોને જાહેર ક્ષેત્રમાં ખેંચી આણવી એ યોગ્ય નથી. તેઓ બાળઉછેર અને બાળકેળવણી તથા ઘરકામ, કુટુંબવાત્સલ્ય અને સહનશક્તિમાં કેળવાય તો બસ ગણાય, તેમાંજ રચ્યાં પચ્યાં રહે તો સમાજનો ઉધ્ધાર થવાને સાચો ટેકો મળી રહે અને સમજયા વિના જાહેર ક્ષેત્રને સ્વીકારીને ભાષણો કરવા અને સમાજસુધારાની વાતો કરવા માટે બહાર પડે તો તેમનામાં રહેલાં અધૂરાં શિક્ષણ અને વિચારતંત્રની પરિપકવતાનો અભાવ - એને પરિણામે તેઓ વિજયને વરી શકે નહિ. પરતંત્ર દેશમાં તો પતિઓ-મરદો પણ ખરી ચોપડીઓ વાંચી શકતા નથી અને ખરાં ભાષણો કરી શકતા નથી એ સૌ કોઇ જાણે જ છે.[૧૦]

---

૧૦. શ્રી ત્રિભુવન વી. હેમાણી સાથેના વાર્તાલાપમાંથી.

રૂપાળીબા સંપૂર્ણપણે એમ માનતા કે પોતાનો પતિ જે કરે છે તે યોગ્ય જ કરે છે. પતિના વિચારોને કે કાર્યોને અનુરૂપ થવા જે પ્રકારના ભોગની જરૂર હોય તે આપવા તેઓ હરહંમેશ તત્પર રહેતા પરંતુ તેમની સાથે ઊંચી આંખ કરી જોતા નહિ, ઊંચા સાદે બોલતા નહિ અને ખોટી દલીલો કરતા નહિ.

વા.મો.શાહને સદ્ભાગ્યે ત્રણ પુત્રો હતા. સૌથી મોટા શાન્તિલાલ હતા. જેઓએ સને ૧૯૨૧ માં યુવાન વયે વ્યાપાર અર્થે જર્મની સુધીની ખેપ કરી હતી. ત્યાંના વસવાટ દરમ્યાન મિસ એડેલેડ નામની ઇટાલિયન યુવતીના પરિચયમાં આવતા તેની સાથે લગ્નગ્રંથિથી જોડાવા માટે વાડીલાલ પાસે પત્ર દ્વારા પરવાનગી માગી હતી ત્યારે તેઓએ તેવા આંતરરાષ્ટ્રીય લગ્નને પરિણામે ઊભી થતી હાડમારીઓનું દિગ્દર્શન કરાવતો એંશી પાનાનો એક વિસ્તારભર્યો પત્ર લખ્યો હતો. એવી હાડમારીઓ સાથે ઝૂઝવાની તૈયારી અને સામર્થ્ય હોય તો તે લગ્ન માટે મંજૂરી પણ લખી મોકલી હતી. આવા લગ્ન માટે નાતજાતના પ્રશ્ન અંગે તેમણે સ્પષ્ટતા કરી હતી કે જૈનશાસ્ત્રોમાં જૈન રાજવીઓને તેમજ જૈનશ્રેષ્ઠિઓને દરિયાપારના પ્રશ્નને ગણકારવાની કોઇ આવશ્યકતા રહેતી નહોતી. એ રીતે પિતાશ્રીની પરવાનગી મળી જતા શાંતિલાલ એડેલેડને પરણ્યા હતા. પરિણામે એમને બે પુત્રપ્રાપ્તિ થઇ હતી. મોટાનું નામ વા.મો.શાહે રમણ, શ્રી રમણ મહર્ષિના નામ ઉપરથી અને નાનાનું નામ અરવિંદ, મહર્ષિ અરવિંદના નામ ઉપરથી પાડયું

હતું. એ રમણના બાળપણના દિવસોનો ઉલ્લેખ વા. મો. શાહે એક પત્રમાં કરતાં લખ્યું હતું કે "રમણ દિવસમાં સો વખત ગાંધી જય પોકારે છે અને ખાદી ટોપી માટે "ગાંધી ટોપી આપો" એમ કહી ઘર ગજાવે છે. તે એક "આર્ટિસ્ટિક્ ટેસ્ટ" [Artistic taste] વાળો જીવડો થશે.[11]" મોટો પુત્ર હાલ સ્વિટ્ઝરલેન્ડમાં વ્યાપારી પ્રવૃત્તિમાં મશગૂલ રહે છે, જ્યારે નાના પુત્ર અરવિંદને દાદાની સાહિત્યપ્રવૃત્તિ તથા ફિલસૂફી તરફ વલણ છે એટલે બેત્રણ વર્ષે એ ભારતની મુલાકાતે આવે છે ત્યારે શ્રી ત્રિભુવન હેમાણીની મુલાકાત લેવાનું અવશ્ય રાખે છે.

શ્રીમતી એડેલેડ અને શાન્તિલાલ – બંને હાલ સ્વર્ગવાસી થઇ ચૂક્યાં છે. શ્રી શાન્તિલાલ પાસે વા. મો. શાહ સાહિત્ય પ્રકાશન માટે શ્રી હેમાણીએ પરવાનગી માગી ત્યારે વિનાસંકોચે તેમણે તેનો સ્વીકાર કરી પરવાનગી આપી હતી એ બાબત ખરેખર પ્રશસ્ય ગણાય તેવી છે.

વા. મો. શાહના બીજા પુત્રનું નામ બાબુ હતું. તેને જન્મથી જ બહેરા – મૂંગાપણું વર્યું હતું. અને વાડીલાલે શ્રી હેમાણી સાથે તે અંગે વાતચીત કરતાં, ખુલ્લા દિલથી કબૂલાત આપી હતી કે "જૈન સમાચાર યુગ"માં તેઓ પત્રકારના તખતા પર નાચતા હતા ત્યારે સમાજસેવાની તેમજ પત્રકારત્વની ધૂનમાં અહોરાત્રિ મચ્યા રહેતા.

---

૧૧. ત્રિભુવન વી. હેમાણી પરનો તા. ૯-૮-૧૯૩૦ નો પત્ર : "કૌમુદી" ૧૯૩૨, જુલાઇ પૃ. ૨૯.

તે સમયે એ બાબુનો જન્મ થયો હતો તેથી તેને ખોડ આપનાર એ પોતે જ હતા એમ સમજવામાં થોડીસી પણ ગફલત કરવા જેવું નથી. તે ભાઈ બાબુએ અઢી ત્રણ દાયકાનું આયુષ્ય ભોગવી વિદાય લીધી હતી.

ત્રીજા પુત્રનું નામ મતિલાલ હતું. તે દીર્ઘાયુષ્ય ભોગવવા સદ્‌ભાગી બન્યો નહોતો. એમના એ પુત્રના સ્વર્ગવાસની વાત વા.મો.શાહે શ્રી ત્રિભુવન હેમાણી પર તા.૯-૮-૧૯૩૦ ના રોજ લખેલા દિલસોજીના પત્રમાં આ રીતે આપી છે -"જસુમતિને ગુમાવી; મેં પણ એક દિવસ લગભગ તમારી જ ઉંમરે મતિલાલ નામના બાળકને ગુમાવ્યો હતો. મારી આર્થિક અને સામાજિક સ્થિતિ તે વખતે તમારાથી જરાપણ ચડિયાતી નહોતી. ભણતર પણ એટલું જ. મેં શું કર્યું હતું તે કહું ? બાળક મારા ખોળામાં હસતો હસતો, મારી આંખો સામે ટીકી ટીકીને જોતો ખતમ થયો. મારી પત્ની સિવાય ત્યાં બીજું કોઈ નહોતું. વડીલો અને ભાઈઓ અલગ રહેતા હતા. મેં ચૂપચાપ બાળકને બે હાથમાં ઉપાડી, બે માઈલ દૂર સ્મશાનમાં લઈ જઈ, મારા હાથે જ બાળી મૂક્યો; તે વખતે પણ હું એકલો જ હતો. ઘેર આવ્યા પછી માતાપિતા કલ્પાંત કરવા અને ઠપકો આપવા લાગ્યા કે મેં તેમને ખબર કેમ ન આપ્યા. મેં કંઈ ઉત્તર ન આપ્યો. મેં જે કર્યું હતું તે મારી ગરજે, - મારા મનને મજબૂત બનાવવા માટે કર્યું હતું. મેં ધાર્મિક માન્યતાઓનો વિચાર કરવાની દરકાર કરી નહિ. જે હો તે હો, હું,મરનારને કે મને, કંઈ હિત કરી શકું તેમ નથી તો તેનો વિચાર શા કામનો ?

હવે રહી વાત રૂપાળીબહેનની, વા.મો.શાહે શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન સમાજના મુઠ્ઠીભર મૂડીવાદીઓ સાથે આખરી જંગ ખેલી પોતાના અંતરના અવાજને માન આપી એ સ્થાનકવાસી કોન્ફરન્સના પ્રમુખ તરીકેનું રાજીનામુ એક ચબરખી પર લખી તે ટેબલને સુપ્રત કરી ચાલતી પકડી હતી. ત્યારબાદ આંતરિક શાંતિની ખોજમાં જર્મની સિધાવી ગયા હતા. તે વખતનો વિરહ સહન ન થતાં તેમની ગેરહાજરી અસહ્ય બનતાં છએક માસની સમયાવધિમાં જ રૂપાળીબા સ્વર્ગે સિધાવી ગયાં હતાં તે પ્રસંગની વાત કરતાં વાડીલાલે નોંધ્યું હતું કે - " બે વર્ષ પહેલાં કોન્ફરન્સના કામથી મરણપથારીએ આવ્યો ત્યારે ડૉક્ટરોની સલાહથી જર્મની ગયો. ત્યાં મને જાણનારા દશ વીસ લાખ હિંદીઓ પૈકીનો-મારી "પ્રશંસા" કરનારા હજારો મનુષ્યો પૈકીના કોઇનો કુશળ સમાચાર પુછાવનારો પણ પત્ર ન હતો. મારી આર્થિક સ્થિતિ - જે તે વખતે અસાધારણ ખરાબ હતી તે - બાબતમાં દરકાર કરવાની તો વાતેય શું કરવી ? મારી તે ગેરહાજરી દરમ્યાન મારી પત્ની એકાએક અત્રે બીમાર પડી. એક પણ સ્નેહી એક પણ "પ્રશંસક" એક પણ માણસ ખબર પૂછવાયે ગયો નહિ ! તેણી મરણ પામી: બાળનાર પણ અજાણ્યાઓ હતા ! હું મારો પુત્ર જે સાત વર્ષથી જર્મનીમાં હતો તે તથા તેની ઇટાલિયન પત્ની અને બાળક અત્રે આવ્યા : એક પણ સ્નેહી ખબર અંતર પૂછવા આવ્યો નથી. વધુ શું કહું ? મુંબઇના એક જૈન વકીલ જે મને વંદન કર્યા વગર કોર્ટમાં કદી જતા નહિ અને પૂજ્યશ્રી કહીને સંબોધન કરતા તેનું મોં જોવા ગામમાં જ હોવા છતાં-

ત્રણ વર્ષ થયાં, કે જે ત્રણ વર્ષમાં મારી જિંદગીનાં ૩૦૦ વર્ષ જેટલી ઘટનાઓ બની ગઇ છે અને તે, તે જાણે છે. જેઓને, કાંઇ પણ સંબંધ વગર જ, જેલમાં જતાં અને મરતાં બચાવવા મેં હજારો રૂપિયા દેવું કરીને આપેલા, તેવાઓ પૈકીનો પણ કોઇ દિલસોજી બતાવવા પૂરતો પણ આવ્યો નથી, કે પત્ર લખવા પણ નવરો થયો નથી.[૧૨]"

કોઇને લાગશે કે વાડીલાલ જેવા તત્ત્વજ્ઞ આવા બનાવો પર આ "બળાપો" શીદને કરતા હશે ? પરંતુ ધ્યાનમાં રહે કે વાડીલાલ કાંઇ દેવ કે ભગવાન નહોતા – તેઓ તો આપણા સૌની પેઠે એક મનુષ્ય હતા અને માનવસહજ હર્ષ કે નારાજીના પ્રસંગો તેમને અસર કરે તો તેમની મહત્તાને આંચ આવે તેવું ભાગ્યેજ કહેવાય.

---

૧૨. તા. ૧૦–૮–૩૦નો પાલનપુરના વતની શ્રી ડાહયાલાલભાઇ પર વાડીલાલે લખેલો પત્ર ઉર્મિ–નવરચના : ૧૯૬૧, ફેબ્રુઆરી : પૃ. ૩૦.